ચાર તત્વો :જીવનમુક્તિનો પથ



પરમપૂજય પરમહંસ નિત્યાનંદ સ્વામી

આ પુસ્તકમાં પરમહંસ નિત્યાનંદ ચાર શક્તિશાળી તત્વો વ્યક્ત કરે છે, જે તમારી શ્રેષ્ઠતમ વાસ્તવિકતાને વ્યક્ત કરવા માટે તમને શક્તિશાળી બનાવે છે. જ્યારે તમારુ શરીર, મન અને ચેતના આ ચાર તત્વોમાં ઓતપ્રોત થઈ જાય છે, ત્યારે તમે જીવનમુક્તિના વિજ્ઞાનમાં સ્થાપિત થાઓ છો. જીવનમુક્તિનું વિજ્ઞાન જે તમને 'IMPOSSIBLE'માંથી 'I-AM-POSSIBLE' બનાવે છે.

ચાર તત્વો : જીવનમુક્તિનો પથ

ચાર પવિત્ર તત્વોને પ્રગટ કરવા જે

તમને શક્તિશાળી બનાવે છે

~પરમહંસ નિત્યાનંદ~

આ પુસ્તકમાં વર્ણવેલી તેમજ સ્વીકારાયેલી બધી જ ધ્યાનની પ્રક્રિયાઓ, અભ્યાસો અને પદ્ધતિઓનો, પરમહંસ નિત્યાનંદ દ્વારા તાલીમ પામેલા શિક્ષકોના પ્રત્યક્ષ નિરીક્ષણ હેઠળ જ અભ્યાસ કરવો ઉચિત છે. ત્યારબાદ તમારે તમારા વ્યક્તિગત દાકતરની સલાહ લેવી કે આ પ્રક્રિયાઓ, અભ્યાસો અને પદ્ધતિઓ પોતાના સ્વાસ્થ્ય, તંદુરસ્તી અને કૌશલ્ય-યોગ્યતા સંબંધી ઉચિત છે કે કેમ. આ પ્રકાશન કોઈ વ્યક્તિગત તબીબી કાળજી, પરીક્ષણ, નિદાન અને સારવારના અવેજરૂપ નથી. જ્યાં સુધી પરમહંસ નિત્યાનંદ દ્વારા તાલીમ પામેલા શિક્ષકો અને તેમના વ્યક્તિગત ડાક્તર દ્વારા અનુમતિ ના અપાય ત્યાં સુધી જો કોઈ વ્યક્તિ આ પુસ્તકમાં વર્ણવેલી પ્રક્રિયાઓ અને પદ્ધતિઓનો ઉપયોગ કરે તો લેખક કે પ્રકાશકની કોઈ જવાબદારી નથી.

પ્રકાશન : નિત્યાનંદ યુનિવર્સિટી પ્રેસ @ 2013

સર્વ હક્કો આરક્ષિત છે. આ પ્રકાશનના કોઈપણ ભાગની પ્રકાશકની લેખિત પરવાનગી વગર મીકેનીકલ, ઇલેકટ્રોનિક, ફોટોકોપી, રેકોર્ડિંગ કે બીજા કોઈ સાધનોથી નકલ કરવી, સંગ્રહ કરવી, કે પ્રસારિત કરવી નહી.

આ પુસ્તકનાં વેચાણની આવક ચેરિટેબલ પ્રવૃત્તિઓ માટે વાપરવામાં આવે છે.

આ પુસ્તક પરમહંસ નિત્યાનંદ દ્વારા વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમિયાન વિશ્વના દર્શકોને અપાયેલા અધ્યાત્મિક વાર્તાલાપનું સંકલન છે. પરમહંસ નિત્યાનંદના સવારના સત્સંગના વાર્તાલાપ દુનિયાભરના લોકોને રાષ્ટ્રીય ટી.વી. ચેનલો પર જીવંત પ્રસારણ અને વીડિયો-કૉન્ફરન્સિંગ દ્વારા દરરોજ બતાવાય છે.

સાંભળો!

'અશક્ય' કહેવા જેવું કશું જ નથી!

'અશક્ય' એ માત્ર તમે નિર્માણ કરેલી હદ છે.

વસ્તુતઃ, બ્રહ્માંડથી તમને કોણ અલગ કરે છે?

માત્ર તમારી ચામડી, અને એ ઓળખ જે તમે ધરાવો છો,

કે માત્ર તમારી ચામડી સુધી જ તમે અસ્તિત્વ ધરાવો છો!

વૈશ્વિક મનથી તમારા મનને કોણ અલગ કરે છે?

માત્ર તમે બનાવેલી હદ, જે કહે છે - 'હું માત્ર આટલું જ કરી શકીશ!'

'અશક્ય' એ બીજું કશું જ નથી પણ

'સંપૂર્ણત્વ'માંથી તમારી જાતને અલગ કરવા માટે

બ્રહ્માંડની અંદર તમે નિર્માણ કરેલી હદ છે.

- પરમહંસ નિત્યાનંદ -

અનુક્રમણિકા

1. પૂર્વભૂમિકા----------1

2. પ્રામાણિકતા----------3


3. પ્રમાણભૂતતા----------31

4. જવાબદારી----------60

5. જ્ઞાનબોધ થકી સમૃદ્ધ કરવું---------72

6. ઉપસંહાર----------90

પરમપૂજ્ય પરમહંસ નિત્યાનંદ વિશે



દેવો અને દાનવોએ જેમ ક્ષીરસાગરનું મંથન કરીને અંતે અમૃતકુંભ પ્રાપ્ત કર્યો એવી જ રીતે હું કહી શકું કે શાસ્ત્રોના સાગરનું મંથન કર્યા પછી તમારા સૌની સાથે વહેંચવાલાયક મને મળેલો અમૃતકુંભ એટલે આ ચાર સિદ્ધાંતો

૧. પૂર્વભૂમિકા

અતિ પ્રાચીન સમયથી પૃથ્વી પર વિવિધ શાસ્ત્રો, આધ્યાત્મિક સાહિત્ય અને ફિલસૂફીઓ ઉદ્‌ભવતાં રહ્યાં છે. મારા અનુભવ પરથી હું કહી શકું કે આ તમામ આધ્યાત્મિક શાસ્ત્રોનો, બધાં જ આધ્યાત્મિક સત્યોનો શબ્દશ: અર્ક છે – ચાર સિદ્ધાંતો.

પહેલો સિદ્ધાંત છે - પ્રામાણિકતા (Integrity), સંસ્કૃતમાં 'સંપૂર્તિ' કહે છે;

બીજો સિદ્ધાંત છે - પ્રમાણભૂતતા (અધિકૃતતા, Authenticity), સંસ્કૃતમાં 'શ્રદ્ધા' કહે છે;

ત્રીજો સિદ્ધાંત છે - જવાબદારી (Responsibility), સંસ્કૃતમાં 'ઉપાયનમ્' કહે છે; અને

ચોથો સિદ્ધાંત છે - જ્ઞાનબોધ થકી સમૃદ્ધ કરવું(Enriching), સંસ્કૃતમાં 'આપ્યાયનમ્' કહે છે.

પ્રામાણિકતા : તમે તમારી જાતને અને અન્યોને આપેલા વચનો તેમજ વિચારોને પરિપૂર્ણ કરવા, અને પોતાની જાત સાથે તેમજ જીવન માટે પરિપૂર્ણ અવસ્થાની અનુભૂતિ કરવી એટલે પ્રામાણિકતા.

પ્રમાણભૂતતા : તમારી ક્ષમતાના ઉચ્ચતમ શિખરે સ્થાપિત થવું, અને તમે પોતાના માટે તમારી જાતને જે રીતે જુઓ છો, અન્યને માટે અન્યો સમક્ષ

તમે જેવા દેખાવ છો, અને અન્યો તેમના માટે તમારી પાસેથી જે અપેક્ષા રાખે છે, એવા તમારા જીવનને પ્રતિભાવ આપવો.

જવાબદારી : જવાબદારી એટલે એ સત્ય થકી જીવન જીવવું અને તેને પ્રતિભાવ આપવો કે તમે એનો સ્રોત છો અને તેથી તમારી અંદર અને તમારી આસપાસ બનતી તમામ બાબતો માટે તમે જવાબદાર છો.

સમૃદ્ધ કરવું : પ્રામાણિકતા અને પ્રમાણભૂતતા સાથે તમારે જવાબદારી લેવી કે તમે સતત સમૃદ્ધ કરવા પ્રતિબદ્ધ છો, જે તમને પોતાને તેમજ તમારા જીવનને અને તમારી આજુબાજુના જીવનને વિસ્તૃત કરે છે.

દેવો અને દાનવોએ જેમ ક્ષીરસાગરનું મંથન કરીને અંતે અમૃતકુંભ પ્રાપ્ત કર્યો એવી જ રીતે હું કહી શકું કે શાસ્ત્રોના સાગરનું મંથન કર્યા પછી તમારા સૌની સાથે વહેંચવાલાયક મને મળેલો અમૃતકુંભ એટલે આ ચાર સિદ્ધાંતો. આ ચાર સિદ્ધાંતો જ્ઞાનબોધ થકી સમૃદ્ધ થવાની ચાવીઓ છે. તમામ બાબતો- એ શારીરિક સ્વાસ્થ્ય હોય, માનસિક સ્વાસ્થ્ય, સફળ વ્યવસાય, કે પ્રબુદ્ધતામાં સફળતા હોય- અંતે તો બધું જ, આ ચાર સિદ્ધાંતો થકી પ્રાપ્ત કરી શકાય છે. તમારા જીવનની કોઈપણ સમસ્યાને, જીવનના કોઈપણ વિવાદને બહુ વ્યવહારીક રીતે, સક્ષમતાથી, કુશળતાપૂર્વક આ ચાર સિદ્ધાંતો વડે ઉકેલી શકાય છે. મારા તમામ અનુભવને આધારે હું કહી શકું કે આ ચાર સિદ્ધાંતો તમામ આધ્યાત્મિક શાસ્ત્રોનો અર્ક છે!

નિત્યાનંદમ્!



તમારા દ્વારા બોલાતો અને સન્માન પામતો પ્રત્યેક શબ્દ તમને

પ્રામાણિક તેમજ દ્રઢ બનાવે છે.

તમારા શબ્દને તમે સન્માન કે ધ્યાન ન આપો

એટલી વાર તમે નબળા બનો છો. સફળતા એટલે બીજું કંઈ નહીં,

પણ તમારી જાતનો તમારામાં તેમજ અન્યોનો તમારામાં વિશ્વાસ.

૨. પ્રામાણિકતા

સૌ પ્રથમ હું પ્રામાણિકતાની વ્યાખ્યા કરું. તમારી જાતને અને અન્યોને આપેલા વચનો તેમજ વિચારોને પરિપૂર્ણ કરવા, અને પોતાની જાત સાથે તેમજ જીવન માટે પરિપૂર્ણ અવસ્થાની અનુભૂતિ કરવી એટલે પ્રામાણિકતા.

પ્રામાણિકતા એટલે અન્યોને તેમજ પોતાની જાતને આપેલા વચનોને માન આપવું. તમારા શબ્દોને વળગી રહો. તમે ઉચ્ચારેલા શબ્દો આધારિત તમારું જીવન હોય ત્યારે તમે ઉચ્ચારેલા શબ્દો વાસ્તવિકતા બને છે. તમે જે કંઈ બોલો તેને વાસ્તવિકતા બનાવવાની, 'વાક્-સિદ્ધિ' હાંસલ કરવાની, આ મૂળ પદ્ધતિ છે.

પ્રામાણિકતા એટલે તમારા દ્વારા તમારી જાતને તેમજ અન્યોને અપાતાં વચન અને વિચારોનું પાલન કરવું, તેમજ તમારી જાત માટે તેમજ જીવન માટે પૂર્ણત્વ અવસ્થાની અનુભૂતિ કરવી. સમજી લો કે તમારામાં પ્રામાણિકતા હોય, જો તમે કોઈને વચન આપ્યું હોય તો તેના પાલન માટે તમે જીવન અર્પી દેશો. તમે આવો નિર્ણય લઈ લો એટલે બ્રહ્માંડ તમે આપેલા કોઈપણ વચનનું પાલન કરે છે. તમારી મદદે બ્રહ્માંડ આવશે. તમે સમજો કે તમારામાં પ્રામાણિકતા હોય, તમે કોઈને વચન આપ્યું હોય અને તેના પાલન માટે તમે જીવન અર્પી દેવા તૈયાર હો તો તમારા વચનના પાલન કાજે બ્રહ્માંડ આવશે. અન્યોને તેમજ તમારી જાતને તમે આપેલા વચનની પ્રામાણિકતાને લઈને આમ થાય છે.

સાંભળો, તમારી જાતને તેમજ અન્યોને તમે આપેલું વચન તમારા જીવનનું અસ્થિમાળખું છે. એ તમારા જીવનનું અસ્થિમાળખું છે! તમે તમારા જીવનનાં અસ્થિને સતત તોડતાં રહો તો તમારું જીવન કેવું હશે ? દર્દથી ભરપૂર, વિકૃત, વક્ર, વિપરીત. તમારી જાતને તમે આપેલું વચન તમારા આંતરિક વ્યક્તિત્વનું અસ્થિમાળખું છે, અન્યોને તમે આપેલું વચન જીવનમાં તમારી સફળતાનું આંતરિક-માળખું છે. તમે તમારાં અસ્થિ સતત તોડતાં રહેશો તો જીવન દર્દનાક, પીડાદાયી અને ત્રાસરૂપ થઈ જશે! જીવન તમારી જાતને અને અન્યોને તમે આપેલાં વચન પર આધારિત છે. હું જે કહી રહ્યો છું, તે તમારામાંથી કેટલા જાણે છે? તેનો આધાર એ વચનો પર છે જે દરેકની શરૂઆત કરે છે. તેથી તમારી જાતને અને અન્યોને તમે આપેલું વચન તમારું જીવન છે. એ શબ્દશ: તમારું જીવન છે.

તમારી જાતને અને અન્યોને આપેલા વચનને તમારે તમારા પોતાના જ જીવનની જેમ પૂર્ણ કરવાનું છે. તમને ખરેખર ખાતરી હોય કે તમે એ નહીં કરી શકો તો, કંઈ ના કરો તો પણ તમારે હાડકું બદલી નાખવું જોઈએ, પણ હાડકાને તોડી ન નાખવું જોઈએ. હાડકાને બદલી નાખો. એનો અર્થ એ કે તમે એ વચન પાળી શકો એમ નથી, એમ ઘોષિત કરીને તમારે તે વચનને પૂર્ણ કરવું જોઈએ. આખરે તેને પૂર્ણ કરો. જેમ કે, તમે કહ્યું હોય કે કોઈકને તમે દસ લાખ ડૉલર આપશો. એ તમારું જીવન છે! તમારે હવે એ વચન પૂરું કરવું પડે. પણ તમને તદ્દન ખાતરી હોય કે તમે એ વચન પૂરું કરી શકો એમ નથી, તો લેશમાત્ર આટલું કહીને તેને પૂર્ણ કરો, "હું એ પાળી શકું એમ નથી. મારા શબ્દો હું પાછા ખેંચું છું. કૃપા કરીને અન્ય સ્રોતની તપાસ કરજો." આ પણ પૂર્ણત્વ જ છે. પણ બીજો વિકલ્પ હાડકાંની શસ્ત્રક્રિયાની જેમ વાપરવો જોઈએ.

તમારાં હાડકાંની શસ્ત્રક્રિયા તમે રોજેરોજ કરશો? ના! હાડકાંની શસ્ત્રક્રિયા તમે ભાગ્યે જ કરશો. તે રોજેરોજ નથી કરી શકાતી. એ જ રીતે, રોજેરોજ તમારા શબ્દોને પાછા ખેંચીને તમે પૂર્ણતા પ્રાપ્ત ન કરી શકો. વચન આપતી વખતે જ તમને પૂરતો ખ્યાલ હોવો જોઈએ કે તમે તેને પૂર્ણ કરવાના છો. શસ્ત્રક્રિયા ભાગ્યે જ કરાય. પણ પાલન કર્યા વિના કે પૂર્ણ કર્યા વિના કશુંય અપૂર્ણ ન રહેવું જોઈએ. તમારી પોતાની સાથે તેમજ જીવનની સાથે તમે પૂર્ણત્વની અવસ્થાની અનુભૂતિ કરો.

તમે વચન આપો તો સ્પષ્ટ થઈ જાઓ કે તમારા જીવનના નિર્માણનો આરંભ થઈ ગયો છે. તમારા જીવનનું નિર્માણ તમે શરૂ કરી દીધું છે. તમારે તેને પૂરું કરવું પડશે. એ તમારું જીવન છે! શબ્દોને છોડીને તેને પૂરા કરવા એટલે જાણે કે બાંધકામને તોડી પાડવું અને ફરી ઊભું કરવું. કેટલી વાર તમે બાંધકામને તોડી પાડશો અને ફરી ઊભું કરશો?

એક સહભાગી તરફથી મને એક સવાલ છે, “કદીક આપણે મૂડમાં હોઈએ ત્યારે કશું વચન આપી દઈએ છીએ અને ક્યારેક આપણને લાગે છે કે એનું પાલન કરવા જેવું નથી. આપણે કેવળ વચન આપ્યું એટલા ખાતર જ, શબ્દ પાછળના ભાવ વિના એ કરવું જોઈએ? આમ હોય ત્યારે આપણે એ વચન પડતું મૂકી શકીએ?” ના! તમે જે વચન આપ્યું હોય એનું પાલન થવું જ જોઈએ. થવું જ જોઈએ. શબ્દ જ જીવન છે! શબ્દમાંથી બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું. વિષ્ણુની પ્રામાણિકતા કમળ છે, જેની નાભિમાંથી બ્રહ્મા પ્રગટ્યા છે; અને બ્રહ્માની જીભ ‘વેદ’ શબ્દ છે, જેમાંથી સૃષ્ટિ સર્જાઈ છે. સમજો, પ્રામાણિકતા મૂળ આધાર હોવું જોઈએ, જેમાંથી શબ્દકમળ ખીલી ઊઠે. એ શબ્દમાંથી સર્જન

થાય છે. પ્રામાણિકતામાંના શબ્દમાંથી સર્જન થાય છે. પ્રામાણિકતાવાળો કોઈ માણસ કહે, "અહીં વિશાળ સંસ્થા થવા દો", ત્યારે એ એમ જ થઈ જાય છે.

સમજી લો કે, તમારા શબ્દો પ્રામાણિકતા સાથે જોડાયેલા હોય ત્યારે શબ્દો બ્રહ્મા છે. તે વિષ્ણુમાં- પ્રામાણિકતામાં જડાયેલા હશે તો તે વાસ્તવિકતા બની જશે. પ્રામાણિકતા સર્જનને જાળવી રાખવા સક્ષમ હોય છે. વિષ્ણુ સર્જનને જાળવે છે. સર્જન ત્યારે જ સંભવ બને છે, જ્યારે તમે પ્રામાણિકતાની અવસ્થામાં સ્થિત હો અને શબ્દ ઉચ્ચારતા હો. પ્રામાણિકતાના અવકાશમાંથી તમે શબ્દો ઉચ્ચારશો ત્યારે સર્જન સંભવ બનશે, સર્જન થશે!

પ્રામાણિકતામાંના શબ્દમાંથી સર્જન થાય છે

તમે વચન આપ્યું હોય તો એ તમારું જીવન બની રહેવું જોઈએ. એ જ તમારું જીવન છે! જીવન પ્રતિબદ્ધતાઓ પર સર્જાય છે. તમારી પ્રતિબદ્ધતા વિષે તમને આદર ન હોય તો તમારી પ્રતિબદ્ધતાને પણ તમારા માટે છજ્જત નહીં રહે. સાંભળો! તમે તમારા વચન બાબતે પ્રતિબદ્ધ હશો તો તમારી પ્રતિબદ્ધતા વાસ્તવિકતામાં ફેરવાઈ શકશે. તમારા રોજબરોજના જીવનમાં તમે તમારી પ્રામાણિકતા બાબતે પ્રામાણિક હશો તો તમારી પ્રામાણિકતા તમારા પ્રત્યે પ્રામાણિક હશે.

તમારી જાતને અને અન્યોને તમે જે વચન આપો છો એ તમારા જીવનનું અસ્થિમાળખું છે. તમે વિપરીત, વિરોધાભાસી વચનો આપશો તો તમારા જીવનનું અસ્થિમાળખું ચોરસ કે લંબચોરસ પર મુકાયેલું વર્તુળ હશે - બધા વિકૃત દુરાગ્રહો! આથી, તમે તેની પર તમારા જીવનના નિર્માણનો આરંભ કરવાના હો તો એ કેવું હશે? વિકૃત, વિપરીત, અપૂર્ણ અને નકામું!

તમે બસ્સો માળનું મકાન બનાવો, એમાં પગથિયાં મૂકવાનું ભૂલી જાઓ અને પછી તમને એનો ખ્યાલ આવે તો! તમે નથી પગથિયાં મૂકતાં કે નથી લિફ્ટ મૂકતા. અને તમે આવીને મને કહો છો, "સ્વામીજી, મેં બસ્સો માળનું મકાન બાંધ્યું છે, જે પૃથ્વી પરનું સૌથી ઊંચું મકાન છે!" હું પૂછું, "આપણે ઉપર શી રીતે જઈશું?" તમે જવાબ આપશો, "આપણે હેલિકૉપ્ટરનો ઉપયોગ કરવો પડશે, સ્વામીજી!" હું પૂછું, "ભલે, હેલિકૉપ્ટર દ્વારા આપણાથી માત્ર સૌથી ઉપરના માળે જવાશે. પણ ત્યાંથી બીજા માળે શી રીતે જવાશે?" તમારો જવાબ હશે, "એ તો હું ભૂલી ગયો, સ્વામીજી. આપણે બાકીના માળે પણ જવાનું હોય. હું આને તોડી નાખું છું અને ફરીથી બનાવું છું!"

વિકૃત મકાનો ખોટાં માળખાંના નિર્માણથી બનેલાં હોય છે. વિકૃત જીવન, નકામાં જીવન ખોટી વિચારપ્રક્રિયાથી સર્જાયેલાં હોય છે. પ્રામાણિકતાની ઊણપ વિકૃત વિચારપ્રક્રિયાને સર્જે છે. વિકૃત વિચારપ્રક્રિયા વિકૃત જીવનશૈલી સર્જે છે.

તમારા આંતરિક અવકાશમાં તમે જે શબ્દો બોલો તેને અતિ ગંભીરતાથી લો, અતિ ગંભીરતાથી. તમારા જીવનનું સૌથી શક્તિશાળી અસ્તિત્વ એ છે કે તમે જે પણ શબ્દો ઉચ્ચારો તેને "તથાસ્તુ! તથાસ્તુ!" એમ કહેવું. એ જીવ(અસ્તિત્વ) કોણ છે? તમે પોતે! તમારી ભીતર એ અંતર્યામી તરીકે બિરાજેલો છે અને તમે જે કંઈ ઉચ્ચારો તેને કહો છો, "તથાસ્તુ! તથાસ્તુ! તથાસ્તુ!" તે પણ "તથાસ્તુ! તથાસ્તુ!" કહેતો રહે છે.

તમે ઉચ્ચારશો, "હું સૌથી સ્વસ્થ વ્યક્તિ છું, સ્વામીજી દેહમાં છે ત્યાં સુધી હું જીવવાનો છું," તો તમારો અંતરતમ જીવ કહેશે, "તથાસ્તુ! તથાસ્તુ!"

તમે વિચારશો, "હું બીમાર છું, મને પીઠનો દુ:ખાવો છે. હું આ કરી નહીં શકું. હું તે નહીં કરી શકું. હું માંદો છું અને ભગ્ન છું અને ખરેખર થાકેલો છું; ખરેખર હું આ કરી શકું એમ નથી. અને હું આ કામ કરીશ તો તેઓ મારું શોષણ કરશે. હું સાજો નહીં થાઉં, હું સ્વસ્થ નહીં થાઉં!" ત્યારે તમારી અંદરનો જીવ કહેશે, "તથાસ્તુ! તથાસ્તુ!"

“યોગસ્ય પ્રથમં દ્વારં વાગ્નિરોધ: ॥”

‘યોગ તરફનું પ્રથમ પગથિયું છે તમારા શબ્દોમાં ઘટાડો કરવો!’

તમે યોગમાં પ્રવેશો ત્યારે શા માટે તમારા શબ્દોને ઘટાડવામાં આવશે? કારણ કે તમારી પ્રણાલીમાં તમે પ્રામાણિકતા અને જાગૃતિ લાવો છો! હવે તમારી જાતને તેમજ અન્યોને કહેલા શબ્દો માટે તમે જવાબદાર બની જાઓ છો. શું થશે હવે? સ્વાભાવિક રીતે જ શબ્દોમાં ઘટાડો થશે. “યોગસ્ય પ્રથમં દ્વારં વાગ્નિરોધઃ ॥” -‘યોગ તરફનું પ્રથમ પગથિયું છે તમારી અંદરના તેમજ બહારના શબ્દોમાં ઘટાડો કરવો!’

તમે પ્રામાણિકતા લાવો ત્યારે તમારી અંદરના અને બહારના શબ્દો આપમેળે, દેખીતી રીતે ઘટે છે. તમે પ્રમાણભૂતતા લાવો ત્યારે શબ્દો વધશે અને તેને પૂર્ણ કરવાની તમારી ક્ષમતા પણ વધશે.

તમારા દ્વારા બોલાતો અને સન્માન પામતો પ્રત્યેક શબ્દ તમને
પ્રામાણિક તેમજ દ્રઢ બનાવે છે.
તમારા શબ્દને તમે સન્માન કે ધ્યાન ન આપો
એટલી વાર તમે નબળા બનો છો. સફળતા એટલે બીજું કંઈ નહીં,
પણ તમારી જાતનો તમારામાં તેમજ અન્યોનો તમારામાં વિશ્વાસ.

પ્રામાણિકતા માટેની પદ્ધતિ:

જ્યારે તમે સાંભળો, તમે સમજો, ત્યારે તમે ઈશ્વર બનો છો. સાંભળવાથી તમે ઈશ્વર બનો છો! કેવળ ઈશ્વર જ તમને ઈશ્વર બનાવી શકે. અન્ય કોઈ તમને ઈશ્વર બનાવી ન શકે. હીરાને માત્ર હીરો જ કાપી શકે. અગાઉ, હું માનતો કે આધ્યાત્મિક સત્યો સાંભળવા એ જ ઈશ્વર છે. મેં જ્યારે જ્ઞાનબોધ પ્રાપ્ત કર્યો ત્યારે મને આત્મસાત્ થયું કે ના, કંઈ પણ સાંભળવું એ ઈશ્વર છે. કશાય અર્થ કર્યા વિના તમે અત્યારે ચકલીનો અવાજ સાંભળી રહ્યા હો- વિશુદ્ધ શ્રવણ જ કરી રહ્યા હો- એ ઈશ્વર છે. વિશુદ્ધ શ્રવણ કરવાનું તમે શીખશો ત્યારે જ તમે શીખી શકશો અને સાચો અર્થ પામશો.

જરા સમજો. વિશુદ્ધ શ્રવણ ત્યારે જ થાય જ્યારે તમે તમારી જાતને સાંભળવાનું શરૂ કરો. તમે તમારી જાતને સાંભળવાનું શરૂ કરો ત્યારે તમારામાં પ્રામાણિકતા ઉદ્ભવે છે. પ્રામાણિકતા એટલે તમારી જાતને તેમજ અન્યોને કહેલા એકેએક શબ્દનું સન્માન કરવું. ઉદાહરણ તરીકે, તમે બોલ્યા, "હું મારી જાત સાથે પ્રતિબદ્ધતા દાખવું છું કે હું સવારનો યોગ યોગ્ય રીતે કરીશ." એમ કહ્યા પછી તેને પરિપૂર્ણ કરવા માટે તમારે તમારું જીવન સમર્પી દેવું પડે. અન્યોને તમે જે કહો એ 'શબ્દ' છે, તમારી જાતને તમે જે કહો તે 'વિચાર' છે. અન્યોને તમે કહો એ 'શબ્દ' છે અને તમારી જાતને તમે કહો તે 'વિચાર' છે.

લગભગ દરેક વખતે, તમે તમારી અંદર અને બહાર બહુ શિથિલ શબ્દો વાપરો છો. જ્યારે પણ અમુક લોકો મારી પાસે આવીને મને કહે, "હું તમારે શરણે છું", ત્યારે મને હસવું આવે છે. આપણે શિથિલ શબ્દો વાપરીએ છીએ; આપણે તદ્દન ઔપચારિકપણે બોલીએ છીએ. તમારા દ્વારા બોલાતો અને સન્માનાતો દરેક શબ્દ તમને પૂર્ણ બનાવે છે, દ્રઢ બનાવે છે. જેટલી વાર તમે

તમારા શબ્દને માન આપતા નથી તેટલી વાર તમે નબળા પડો છો. સમજી લો. તમે અન્યોને કહેલા શબ્દોને માન આપો એ દરેક વખતે તમારા પર તેમનો વિશ્વાસ વધે છે. તમે તમારી જાતને કહેલા શબ્દોને માન આપો એ દરેક વખતે તમારી અંદર તમારો પોતાનો વિશ્વાસ વધે છે. સફળતા એટલે તમારી જાતમાં તમારો વિશ્વાસ તેમજ અન્યોનો તમારામાં વિશ્વાસ હોવો. આટલું પૂરતું છે. જીવન પૂર્ણ છે. તમારો તમારી જાતમાં તેમજ અન્યોનો તમારામાં વિશ્વાસ એ જ સફળતા.

આ પ્રતિબદ્ધતાની નિશાનીરૂપે હું નક્કી કરીશ, આજથી હું ઘડિયાળ પહેરીશ. મારી પ્રતિબદ્ધતાને યાદ રાખવા માટે આજથી હું ઘડિયાળ પહેરવાનો છું. મેં કદી સમયને માન નથી આપ્યું. 'સમય એક જૂઠ છે' એવી સમજણ જ્ઞાનબોધના સ્થાનેથી સાચી છે. પણ તમે સમય અને અવકાશની અંદર રમત રમવા માટે આવો, ત્યારે તમને થવું જોઈએ કે સમય ઈશ્વર છે; સમય ઈશ્વરનું સાકાર સ્વરૂપ છે, તો જ તમે રમત રમી શકો.

અન્યોને કહેલા તમારા શબ્દનો તમે આદર કરો એ દરેક વખતે અન્યોનો તમારામાં વિશ્વાસ વધે છે. તમારી જાતને કહેલા તમારા શબ્દનો તમે આદર કરો એ દરેક વખતે તમારો પોતાનો તમારામાં વિશ્વાસ વધે છે. સ્પષ્ટ બનો, તમે પોતે પૂરું ન કરી શકો એવું વચન ન આપવું જોઈએ. પણ તમે એ આપો તો તેને પૂર્ણ કરો. પ્રામાણિકતા કેવળ લોકોની સમક્ષ તમે બોલેલા શબ્દને પૂર્ણ કરવા પૂરતી જ નથી. તમારી અંદર ઊદ્ભવેલા શબ્દો અને વિચારોનો આદર કરવો એ પ્રામાણિકતા. ભલેને તમે બેડરૂમ કે બાથરૂમની અંદર હો કે જ્યાં કોઈ ન હોય. તમારા વિચારોની સંખ્યા દેખીતી રીતે ઘટી જશે, કારણ કે દરેક વિચાર અંગે તમારે વિચારવું પડશે. કોઈ વિચાર ઉત્પન્ન

થાય એ અગાઉ તમારે સભાનતાપૂર્વક એ ભૂંસી નાખવો પડશે - આ નથી, આ નથી, મારી જાત સાથે પ્રતિજ્ઞા કરવાનો આ શબ્દ નથી. પ્રામાણિકતા પકડમુક્ત(unclutching) થવા માટેની પ્રાથમિક જરૂરિયાત છે. તે પકડમુક્ત થવા માટેની પ્રાથમિક જરૂરિયાત છે.

જ્યારે દરેક વિચારમાં તમે પ્રામાણિક બની જાઓ છો ત્યારે તમે જવાબદાર બનો છો. એ જ રીતે, વિચારોની સંખ્યા દેખીતી રીતે ઘટી જાય છે. પ્રામાણિકતા સાથે જીવો, પ્રમાણભૂતતા સાથે જીવો. કવાયત કરો, કવાયત કરો, બરાબર કવાયત કરો! વારંવાર, ફરી ફરી પ્રામાણિકતા લાવો. પૂજા કરતા ધર્મગુરુ સમયને માન આપે અને પ્રામાણિકતા લાવે ત્યારે જ તેમના દ્વારા જપાયેલો મંત્ર વાસ્તવિકતા બની શકે. તે કહે છે, “દુનિયાભરમાં શાંતિ થાવ.” તેમનામાં પ્રામાણિકતા ન હોય તો તેમના શબ્દો શી રીતે વાસ્તવિકતા બની શકે? તે પ્રામાણિકતા અને પ્રમાણભૂતતા સહિતના હોય તો તે શુદ્ધ બ્રાહ્મણ છે. તેમના શબ્દો વાસ્તવિકતા બનશે!

આજે તમારા સૌ માટે હું પછીની પ્રક્રિયા આપું છું - તમામ શબ્દો જે તમે તમારી જાતને કહ્યા છે તેમજ તમામ શબ્દો જે તમે બીજાને કહ્યા છે - બંને સાથે તમે પ્રામાણિકતા રાખશો. આ છે આજનું કામ. સૌ પ્રથમ, તમારા જીવનમાં જુઓ અને તમારા જીવનની ઓછામાં ઓછી દસ બાબતો શોધી કાઢો કે જ્યાં તમે કંઈક કહ્યું હોય, કંઈક પૂરું કરવાનું વચન આપ્યું હોય. તમે એ પૂરું કર્યું હશે કે નહીં કર્યું હોય, એ અલગ વાત છે. સૌ પ્રથમ તો તમે કંઈક કહ્યું હોય એવી દસ બાબતો નોંધી લો. બીજું, તમે તમારું વચન ના પાળ્યું હોય એવી બાબતો નોંધો. ત્રીજું, તમે એ બાબત નોંધો કે તે દરેક બાબત તમે કેવી

રીતે સુધારી શકો અને તમારા શબ્દોને પુનર્જીવિત કરી શકો. દરેક સમજણની ચર્ચા કરો. જીવનમાં આ પવિત્ર સત્યોને જીવી જાણે એ જ છે ઋષિ.

તમારા દ્વારા થતી દરેક બાબત પ્રામાણિકતા અને પ્રમાણભૂતતાથી થવા દો. તમે જાતે જ નક્કી કરી શકો છો. મારા સંઘમાં તમે ફક્ત કાવા રંગની શાલ ઓઢતા હો એનો અર્થ એ કે હજી તમે પ્રામાણિકતા અને પ્રમાણભૂતતાનો મહાવરો કરી રહ્યા છો. જો તમે સંપૂર્ણ કાવા રંગનાં વસ્ત્રો પહેરતાં હો તો તમે પ્રામાણિકતા અને પ્રમાણભૂતતાથી જીવી રહ્યા છો. તમને લાગે કે હજી તમારે મહાવરાની જરૂર છે, તો એમાં કંઈ ખોટું નથી. તમે તમારાં સંપૂર્ણ કાવા રંગનાં વસ્ત્રો ફગાવી દો અને કાવા રંગની શાલ ઓઢી લો તો બરાબર છે. પણ એ પૂરું કરો, પૂરું કરો, અને પૂર્ણ કરો. એ જ રીતે, હું ઘોષિત કરું કે કોઈ આશ્રમવાસી મારી પાસે આવીને વિનંતી કરે અને પ્રામાણિકતા તેમજ પ્રમાણભૂતતાથી જાહેર કરે કે તે બ્રહ્મચારી જીવન જીવી રહ્યા છે, તો હું તેમને સંપૂર્ણ કાવા રંગનાં વસ્ત્રોથી દીક્ષિત કરીશ. આમ કરવાથી હું તેમને જવાબદારી પાછી આપીશ. અલબત્ત, તમે ઋષિ હો, તમારા જીવનસાથી પ્રત્યે પ્રતિબદ્ધ હો, એ પ્રતિબદ્ધતા તમે પૂર્ણ ન કરો તો તમે આમાં જોડાઈ શકો નહીં.

આથી ત્રણ યાદીઓ બનાવો. પહેલી એ કે દરેક ક્ષેત્રે જ્યાં તમે પોતાને કે અન્યોને કોઈ વચન આપ્યું હોય. બીજી એ કે જેમાં તમે પોતાને કે અન્યોને આપેલાં વચનનું પાલન ન કર્યું હોય. ત્રીજી એ કે જેમાં તમે પોતાને કે અન્યોને આપેલાં વચનને પૂર્ણ કરવા માટે શું કરી શકો છો, તેને કર્મ દ્વારા પૂરાં કરો, કાં પછી તમે ન કરી શકો તો તેમને જાણ કરો કે, “હું મારું વચન પાળી શકું એમ નથી, અને મારા શબ્દો હું પાછા ખેંચું છું. મારી માફી સ્વીકારશો. મારા શબ્દો

થકી સર્જાયેલી અંધાધૂંધીને હું થાળે પાડવા ઇચ્છું છું. તમે તમારા આગળના આયોજન મુજબ આગળ વધો. મેં કહેલા શબ્દો પર આધાર ન રાખશો. મેં તમને કહેલા શબ્દોથી તમારા જીવનમાં આંધાધૂંધી અને દખલગીરી ન થવા દેશો." અને તેમની સાથે પૂર્ણત્વ કરો. એ પણ પ્રામાણિકતા છે. પૂર્ણત્વ કરવું એ પ્રાથમિક જરૂરિયાત છે; એ પછી જ તમારા જીવનનો આરંભ થાય છે.

પ્રામાણિકતા એ નૈતિકતા નથી:

કેટલીક મૂળભૂત વાતો સમજી લો. પ્રામાણિકતા કંઈ નૈતિકતા કે સમાજનું નીતિશાસ્ત્ર નથી. પ્રામાણિકતા એક આધ્યાત્મિક મૂલ્ય છે. પ્રામાણિકતા એટલે તમારી જાતને અને અન્યોને કહેલા શબ્દ કે વિચારનું તમારે પાલન કરવું અને પૂર્ણત્વ અવસ્થાની - તમારી જાત સાથે અને જીવન સાથે પૂર્ણતાની - અનુભૂતિ કરવી.

જાતને તેમજ અન્યોને કહેલા શબ્દો તમે પાળી ન શકો, તો એની જાણ તો કરો જ. તેને રદ કરો. તેમને જણાવો, "હું એ શબ્દોને માન આપી શકું એમ નથી. હું તેને પાળી શકું એમ નથી. તેથી મેં કહેલા આ શબ્દ પર આધાર ન રાખતા. તમને કહેલા શબ્દો હવે હું બદલું છું. તમે હવે વૈકલ્પિક આયોજન કરો."

પ્રામાણિકતા એટલે પૂર્ણતા. તમે કહેલા શબ્દોનું તમે પાલન ન કરી શકો એમ હો તો પણ, જો તે વ્યક્તિને તમે સ્પષ્ટપણે એમ જણાવી દો, તો એ છે પ્રામાણિકતા. તમારી જાતને તેમજ અન્યોને વચન આપેલા વચનોમાં અટવાઈ ના જવું, એ છે પ્રામાણિકતા. તે નૈતિકતા કે નીતિશાસ્ત્ર નથી. એક મહત્ત્વની વાત સમજી લો. હું એમ નથી કહેતો કે નૈતિકતાનો અમલ ન કરવો જોઈએ કે

નીતિશાસ્ત્રનું પાલન ન કરવું જોઈએ. પણ ક્યારેક કોઈ શબ્દનો અર્થ ખોટો સમજવાથી એ તમને અમલ કરવાની અનુમતિ નહીં આપે.

નૈતિકતા શું છે? કોઈ ચોક્કસ સમાજમાં, એ સમાજના કોઈ ચોક્કસ કાળમાં, શું ઇચ્છનીય છે અને શું અનિચ્છનીય, કયું આચરણ સાચું અને કયું ખોટું કહેવાય; કોઈ વ્યક્તિ, જૂથ કે સત્તાનું વર્તન જે-તે સમાજ માટે સારું કહેવાય કે ખરાબ તેનાં સામાન્ય સ્વીકૃત ધોરણો એટલે નૈતિકતા. નૈતિકતા એ સારા અને ખરાબ, સાચા અને ખોટા વિષે છે. સમયાંતરે, કાળ મુજબ તે બદલાતી રહે છે. સમય બદલાય ત્યારે આ બધું બદલાય છે! નૈતિકતાનો અમલ કરવો કે ન કરવો એમ હું નથી કહેતો. હું બહુ સ્પષ્ટ છું. જ્યારે પણ મારા શિષ્યોને હું કોઈ સૂચના આપું ત્યારે હું બહુ સ્પષ્ટ હોઉં છું. નૈતિકતાનું પાલન કરવાનું હું કહેતો નથી. અને એ જ રીતે, નૈતિકતાનું પાલન ન કરવાનું હું કહેતો નથી. પણ હું તમને એ સૂચના આપું છું કે પ્રામાણિકતાનું પાલન કરો, તે આધ્યાત્મિક મૂલ્ય છે. મારા તમામ શિષ્યો માટે હું આ સૂચના આપું છું. પ્રામાણિકતાનું પાલન કરો, તે આધ્યાત્મિક મૂલ્ય છે.

પ્રામાણિકતા એ નીતિશાસ્ત્ર નથી. નીતિશાસ્ત્ર શું છે? કોઈ ચોક્કસ જૂથમાં શું ઇચ્છનીય છે અને શું અનિચ્છનીય, કયું આચરણ સાચું અને ખોટું કહેવાય; કોઈ વ્યક્તિ, જૂથ કે સત્તાનું વર્તન જે-તે સમાજ માટે સારું કહેવાય કે ખરાબ; તે જૂથનો સભ્ય પણ હોઈ શકે, અને તેમાં શિસ્ત માટેનાં વ્યાખ્યાયિત ધોરણોનો સમાવેશ કરવામાં આવ્યો હોય, જેમાં બહિષ્કારનો પણ સમાવેશ થયેલો હોઈ શકે - આ સર્વસામાન્ય ધોરણો એટલે નીતિશાસ્ત્ર. નીતિશાસ્ત્ર ભિન્ન છે, પ્રામાણિકતા અલગ બાબત છે.

નૈતિકતા અને નીતિશાસ્ત્ર સમયાંતરે બદલાઈ શકે. પ્રામાણિકતા નિરપેક્ષ છે. પતંજલિ કહે છે, “સાર્વભૌમ્ય વ્રતા:”, એક સંપૂર્ણ સિદ્ધાંત. કાનૂન, નૈતિકતા, નીતિશાસ્ત્ર, હુકમ- આ બધું ભૂગોળ મુજબ, દેશે દેશે અને સમાજે સમાજે બદલાય છે. પણ પ્રામાણિકતા, પતંજલિ કહે છે એમ, “સાર્વભૌમ્ય વ્રતા:”, સાર્વત્રિક છે.

તમને સૌને પ્રામાણિકતા સંબંધિત તમામ મુદ્દાઓ બાબતે વધુ ઊંડા ઊતરવા માટે વધુ એક દિવસ આપવા ઇચ્છું છું. તમે જ્યાં પણ તમારી જાતને અને અન્યોને કશું વચન આપ્યું હોય અને જ્યાં તમે એ ચૂકી ગયા હો- એ કાર્ય તમે સૌ પૂરું કરો એમ હું ઇચ્છું છું.

સૌ પ્રથમ તો તમારા જીવનની એવી બાબતોને પિછાણી લો કે જ્યાં તમને સંઘર્ષ નડતો હોય અને તમે શક્તિહીનતા અનુભવતા હો. આ બાબતોમાં અપ્રામાણિક વર્તણૂક કઈ છે તેના પર ધ્યાન આપો અને ચકાસો. તમારા અપ્રામાણિક વિચારો, શબ્દો અને વર્તણૂકને પારખો, અને આજે જ તમારા જીવનના આ પાસામાં પૂર્ણતાનું સ્થાપન કરો. બીજું એ કે, તમારી જાત સાથે પૂર્ણત્વની ક્રિયા- સ્વપૂર્ણત્વ કરો. અથવા આ પાસા સાથે સંકળાયેલા લોકો સાથે કે તમારા જીવનનાં આ પાસાંઓમાં પૂર્ણતા લાવતી પૂર્ણત્વ ક્રિયા કરો.

આપણે સૌ સચ્ચાઈ(Honesty) જાણીએ છીએ. સચ્ચાઈમાં નૈતિકતા, નીતિશાસ્ત્ર વધુ હોય છે. પણ પ્રામાણિકતા(Integrity)ના તત્ત્વ સાથે હું તમને સચ્ચાઈથી એક સોપાન વધારે ગહનતમ લઈ જાઉં છું. સચ્ચાઈમાં તમારે કેવળ અન્યોને આપ્યાં હોય એ વચનને જ આદર આપવાનો હોય છે.

પ્રામાણિકતામાં તમારે તમારી જાતને આપેલાં વચનને પણ માન આપવાનું હોય છે. સચ્ચાઈ એ પ્રામાણિકતા નથી, પ્રામાણિકતા એ સચ્ચાઈ પણ છે.

સાંભળો! એ બહુ કમનસીબી છે કે સમાજ તમને અન્ય લોકોને આપેલાં વચનોને આદર આપવાનું શીખવે છે, પણ તેઓ તમને એ શીખવવાનું ભૂલી જાય છે કે તમારે એ શબ્દોને પણ આદર આપવાનો છે જે તમે તમારી જાતને કહેલા છે. સમાજમાં તમારો ઉપયોગ થતો હોય, એ રીતે વધુ વહેવાર થાય છે. આથી તે સમાજને આપેલાં વચનોને આદર આપવાનું શીખવે છે, પણ જાતને આપેલાં વચનોને આદર આપવાનું નહીં!

તમે તમારી જાતને આપેલું વચન, તમે અન્યોને આપેલા વચન જેટલું જ મહત્ત્વનું કે તેના કરતાંય વધુ મહત્ત્વનું હોય છે. કારણ કે, તમારા જીવનનો પ્રવાહ, સંતોષની જે માત્રાની તમે તમારા જીવનમાં અનુભૂતિ કરો છો, એ પરિપૂર્ણતાનો તબક્કો જીવનમાં તમે જે અનુભવો છો એ અને જીવનમાં પૂર્ણતાની જે અનુભૂતિ તમે મેળવો છો- એ બધું જ તમે તમારી જાતને આપેલાં વચન પર આધાર રાખે છે.

સાંભળો! તમારા દ્વારા તમારી જાતને અપાયેલું વચન તમારા જીવનનું અસ્થિપિંજર તૈયાર કરે છે. તમે તમારી જાતને ખાતરી આપો કે તમે ડૉક્ટર બનશો અને એ શબ્દને તમે આદર ન આપો, તમારા દિલમાં એને પૂર્ણ કરવાની ફિકર સુદ્ધાં ન રાખો તો તમારા દ્વારા થયેલ એક વચનભંગ તરીકે એ શબ્દો તમારા અંતરમાં ઝળૂંબ્યા કરે છે. તમે આપેલાં વચનોને તમે તોડો ત્યારે તમે આત્મવિશ્વાસ ગુમાવો છો.

જેટલાં વધુ વચન તમે આપો અને તોડો એટલો વધુ આત્મવિશ્વાસ ગુમાવાય છે. તમે તમારી જાતમાંથી વિશ્વાસ ગુમાવો છો. અન્યોને આપેલાં વચન તમે તોડો ત્યારે તેમનો તમારા પર રહેલો વિશ્વાસ જતો રહે છે, પણ જાતને આપેલું વચન તમે તોડો ત્યારે તમે તમારા પોતાનામાંનો વિશ્વાસ ગુમાવો છો. જ્યારે તમારી જાતને આપેલાં વચનોને તમે આદર ન આપો અને તેને પાળવાની દરકાર સુદ્ધાં ન કરો તો તમારા દિલમાં ઝળૂંબ્યાં કરતાં, ભંગ થયેલાં એ વચનો જીવનમાંનો તમારો આત્મવિશ્વાસ છીનવી લે છે.

સાંભળો! તમને હું એક ઉદાહરણ આપું. તમે કોઈને વચન આપ્યું કે એને તમે દસ લાખ રૂપિયા આપશો, તમારે એ શબ્દોને એવો આદર આપવો પડશે કે જાણે કે એ તમારું જીવન છે! તમારા વચન મુજબ તેમને એ પૈસા મળી રહે એ માટે તમે કંઈ પણ કરો. તમને લાગે કે તમારું જીવન ધરી દો તો પણ તમે તેને પૈસા આપી શકો એમ નથી, તો તેમને વેળાસર જાણ તો કરી જ દો કે તમે જે કહ્યું છે એને તમે પાળી નહીં શકો. એને કહો કે તમે શબ્દો પાછા લઈ રહ્યા છો, અને તેમની સાથે એ વાત પૂરી કરી રહ્યા છો. તેને સમાપ્ત કરવું સુદ્ધાં પ્રામાણિકતા છે. સમાપ્તિ પણ પ્રામાણિકતા છે.

સાંભળો! આદર આપવો એ પ્રામાણિકતા છે. તમે જાણતા હો કે તમારું જીવન ધરી દો તો પણ તમે તમારા વચનને આદર આપી શકો એમ નથી ત્યારે જ તમે પૂર્ણત્વ કરી શકો. જ્યારે તમે વચનોને આદર ન આપો ત્યારે વચનભંગ તમારામાં બની રહેલું જીવન છીનવી લે છે. તમારી જાતને અને અન્યોને આપેલા વચનનો તમે ભંગ કરો ત્યારે જીવનની સાર્થકતા રહેતી નથી. અન્યોને આપેલા વચનનો તમે ભંગ કરો ત્યારે તેઓ તમારા પરનો વિશ્વાસ

ગુમાવે છે. તમારી જાતને આપેલા વચનનો ભંગ કરો ત્યારે તમે પોતાનામાંનો વિશ્વાસ ગુમાવો છો!

મારા જીવનમાં, મેં કોઈ ને કોઈ પ્રકારના વ્યસનથી પીડાતા હજારો લોકોને જોયા છે. વ્યસન એટલે દારૂ કે નશાકારક દ્રવ્યો કે ધુમ્રપાનનું વ્યસન નહીં. હજારો પ્રકારનાં વ્યસન હોય છે. અમુક લોકોને વાતોનું વ્યસન હોય છે. અમુક ઊંઘવાના વ્યસની હોય છે. સમજી લો કે વ્યસનવાળી વ્યક્તિઓ પોતાના વ્યસનના કારણ કરતાં ઓછા આત્મવિશ્વાસના કારણથી વધુ પીડાય છે. ડ્રગનો વ્યસની પોતાના ડ્રગના વ્યસન કરતાં તૂટેલા આત્મવિશ્વાસને કારણે વધુ પીડાય છે. પોતાનું વ્યસન છોડીને તેમાંથી મુક્ત થવાનું તે તેની જાતને વારંવાર વચન આપતો હોય છે, અને ફરીથી તે તેમાં પડે છે!

દરેક વખતે તમે તમારી જાતને આપેલા વચનને આદર આપો, એ દરેક વખતે તમારી દૈહિક-સ્મૃતિ તેમજ જૈવિક-સ્મૃતિમાંથી આત્મવિશ્વાસ ફૂટી નીકળશે. તમે અન્યોને આપેલા વચનનો આદર કરશો ત્યારે તમારા સંબંધોમાં વિશ્વાસ નીતરશે. તમારામાંનો વિશ્વાસ અન્ય લોકો ગુમાવે તો એ તમારા જીવનની તમામ વિપુલતા લઈ લે છે. તમારી જાતમાંનો વિશ્વાસ તમે ગુમાવી દો તો તમારામાંથી એ જીવન લઈ લે છે! કૃપા કરીને સાંભળો! તમારામાંનો વિશ્વાસ અન્ય લોકો ગુમાવે તો એ તમારા જીવનની તમામ વિપુલતા લઈ લે છે. તમારી જાતમાંનો વિશ્વાસ તમે ગુમાવી દો તો તમારામાંથી એ જીવનને જ લઈ લે છે! તમારામાંના કેટલા આ જાણે છે?

તમે અન્યોને આપેલું વચન તોડો તો તેઓ તમારામાંનો વિશ્વાસ ગુમાવે છે. તમારી જાતને તમે આપેલું વચન તમે તોડો ત્યારે તમે તમારી જાતમાંનો

વિશ્વાસ ગુમાવો છો. વારંવાર તમે તમારી જાતને આપેલાં વચન તોડતા રહો તો તમારી જાતને તમે આપેલાં વચનોનો આદર ન કરવાની આદત એ તમારી દૈહિક-સ્મૃતિનો ભાગ બની જાય છે. તમારી જાતમાંનો વિશ્વાસ ગુમાવવો તમારી દૈહિક-સ્મૃતિનો ભાગ બની જાય છે. આ કારણે તમારી ઇચ્છાશક્તિ સુદ્ધાં તમારા શરીરનો ઇલાજ કરી શકતી નથી.

લોકો સાથેના મારા અનુભવોમાં આ હું ઘણી વાર જોઉં છું. કેટલાક લોકો પોતાની ઇચ્છાશક્તિ થકી કૅન્સરમાંથી પણ બહાર આવે છે. કેટલાક લોકો ધ્યાન અને બીજું બધું કરવા છતાં સાદી ખાંસી કે માથાના દુ:ખાવામાંથી પણ છુટકારો મેળવી શકતા નથી. પૂર્ણત્વ, પ્રામાણિકતાની તેમની શક્તિને કારણે આમ થાય છે. તમારી જાત સાથે તમે પ્રામાણિક હો તો તમે તમારી જાતને કંઈ પણ વચન આપો તો તમારા સ્નાયુઓ સુદ્ધાં તેને સાંભળશે.

તમારી જાતને તમે આપેલું વચન તમારા જીવન માટે તમે બનાવેલું અસ્થિપિંજર છે. તમારે તેનો આદર કરવો જ જોઈએ. જો તમારું જીવન આપીને પણ તમે તેનો આદર કરવા સક્ષમ ન હો તો તમારે તેનું પૂર્ણત્વ કરવું જ જોઈએ. તમારી જાતને સંબોધીને તમે ઉચ્ચારેલા શબ્દો, તમારી જાતને તમે આપેલું વચન અમૃત કે વિષ બની શકે. તમારી જાત સમક્ષ તમે સતત જે શબ્દો પુનરાવર્તિત કરતા હો, તમારી જાતને સતત તમે જે શબ્દો કહેતા હો એ તમને સમૃદ્ધ કરતા, પ્રેરણા આપતા, તમને ઉત્તેજિત કરતા અને જ્ઞાનપ્રાપ્તિ કરાવતા હોવા જોઈએ. તમારી જાતને તમે જે વચન આપો છો એ આહાર છે, જેનું તમે તમારામાં જીવનનું સર્જન કરવા માટે ભક્ષણ કરો છો.

તમારી પ્રામાણિકતાથી તમે વિચારવા અને બોલવા લાગો ત્યારે અંતિમ સંભવિત આંતરિક સફાઈ થાય છે. તમારું અંતર સ્વચ્છ બને છે. તમારા અંતર્યામી, અંતસ્થ આકૃતિ પ્રકાશવા લાગે છે. સાંભળો! અત્યારે તમારો આંતરિક અવકાશ ખૂબ જ કાંટાળી તેમજ નકામાં ઝાડીઝાંખરાંવાળી, અવાવરુ, દૂષિત ભૂમિ જેવો છે. આથી જ તમે તમારા વ્યવસાય કે તમારા ભાવિ અંગેના કોઈ આયોજન અંગે નિર્ણય લો ત્યારે તમારા મનનો એક ખૂણો સદાય તમારી તરફ હસે છે અને તમારી મજાક ઉડાવે છે. તમારી તરફ એ કોઈ કૉમેડિયન(હાસ્ય નટ)ની જેમ જુએ છે. તમે હીરો બનવા ગમે એવા પ્રયત્ન કરો, પણ તમે તમારી જાતને કૉમેડિયન તરીકે જ જુઓ છો. તમે તમારી જાતને હીરો (નાયક) તરીકે જ જાણો છો. હીરો બનવા તમે સંઘર્ષ કરતા રહો, કર્યે જાવ અને કરતા જ જાવ છો પણ તમે તમારી જાતને કૉમેડિયન તરીકે જ જુઓ છો, કારણ કે, તમે તમારી જાતને આપેલાં વચન સતત તોડ્યાં છે. ભાવિ માટે તમે અત્યારે આયોજન કરતા હો, કે તમારી જાતને તમે કશું વચન આપવા માગતા હો, ત્યારે તમને પોતાને તમારામાં વિશ્વાસ હોતો નથી - કેમ કે, તમારી જાતને આપેલું વચન તોડવું તમારી દૈહિક-સ્મૃતિ બની ચૂક્યું હોય છે. તમે પ્રામાણિકતાથી વિચારવાનું અને બોલવાનું શરૂ કરો ત્યારે તમારામાં અંતિમ સંભાવના અને હકારાત્મકતા બને છે!

સાંભળો! તમારા જીવનને તમે વારસાગત પેઢીની રીતે ચલાવી શકો; એમાં બહુ પ્રામાણિકતાની જરૂર નથી. તમારું સમગ્ર રોકાણ કેવળ થોડા સો રૂપિયાનું, થોડા ડૉલરનું છે. તમારી બધી આવક ફક્ત થોડા ડૉલર કે રૂપિયાની છે. તો પછી તમારે પ્રામાણિકતાની જરૂર નથી. પણ તમે જીવન જીવવા માગતા હો – જ્યારે હું જીવન કહું એટલે 'જીવન' - ખરા અર્થમાં તમે જીવવા

માગતા હો તો જીવવાનો આરંભ કરવા માટે જરૂરી પહેલો સિદ્ધાંત છે પ્રામાણિકતા, ખાસ કરીને તમારી જાત સાથે.

હું પ્રામાણિકતાના આ એક જ સિદ્ધાંતનો વિસ્તાર કરીશ.

અહીં સવાલ એ છે કે તમે જીવન માટે છો કે જીવન તમારા માટે છે? તમે તમારા માપ મુજબ જીવન માટે હોઈ શકો, કે જીવન તેના માપ મુજબ તમારા માટે હોઈ શકે. તમે જીવન પર હાવી થવા પ્રયત્ન કરો, તમે વિશ્વ પર હાવી થવા પ્રયત્ન કરો ત્યારે, એ જીવન પર અધિકારપ્રાપ્તિનો પ્રયત્ન કરવા જેવું વધારે પડતું લાગે છે. વિશ્વ તમારું રૂપ લેવાનો પ્રયત્ન કરે ત્યારે તે વિશ્વરૂપ, સાર્વત્રિક જીવનની અનુભૂતિ છે. તમે વિશ્વ પર હાવી થવા જાવ ત્યારે તમે માલિક બનવાનો પ્રયત્ન કરો છો, રાજકીય ચાલાકી કરો છો અને નિયંત્રણ કરો છો. પણ વિશ્વ તમારું રૂપ લેવાનો પ્રયત્ન કરે ત્યારે વિશ્વરૂપ થાય છે. તમારી જાતને તમે આપેલા શબ્દોને એક જીવન તરીકે આદર આપવો જોઈએ.

તમારા જીવનમાં કરવા જેવી પહેલી જરૂરી બાબત છે જાત સાથેની પ્રામાણિકતા. હવે બેસો અને તમે તમારી જાતને આપેલા અને આદર ન આપ્યો હોય એવા શબ્દોની યાદી બનાવો. હવે તેમની સાથે પૂર્ણતા કરો. તમારી જાતને કહો કે તમે તેને પૂર્ણ કરવા કે તેને આદર આપવા માટે સક્ષમ નથી. તમે તમારી જાતને આપેલાં વચનોમાંથી તમારી જાતને મુક્ત કરો. જ્યારે તમે પોતાને આપેલાં વચનને માન આપો કે પૂર્ણ કરો છો ત્યારે તમે પ્રચંડ આત્મવિશ્વાસની અનુભૂતિ કરો છો, જે તમારી અંદર બની રહેલા જીવનનો પાયો છે. પ્રામાણિકતા સાથે જ તમારી જાત સાથેના તમારા સંબંધની

તેમજ સંઘ સાથેના તમારા સંબંધની, અન્યો સાથેના તમારા સંબંધની શરૂઆત થાય છે. તમારું કુટુંબ પણ તમારો સંઘ છે; તમારું કાર્યસ્થળ તમારો સંઘ છે, તમારું વ્યવસાયનું સ્થળ તમારો સંઘ છે. તમારું મિત્રવર્તુળ તમારો સંઘ છે. તમારા ફેસબુક મિત્રો તમારો ફેસબુક સંઘ છે. લોકો સાથે તમે જે કંઈ કરો એ સંઘ બને છે. આથી તમારા જીવનમાં સત્સંગ બહુ મહત્ત્વનો બની રહે છે.

પ્રામાણિકતાથી તમે પહેલી વાર તમારી જાત સાથેના સંબંધની અનુભૂતિ કરશો.

જ્યાં સુધી તમે તમારી જાતનો પ્રામાણિકતા સાથે સુમેળ કરો નહીં ત્યાં સુધી

તમને પોતાને પણ જાણ નથી હોતી કે જીવનમાં ખરેખર તમે શું ઇચ્છો છો!

તમારી જાતનો તમે પ્રામાણિકતા સાથે સુમેળ કરો નહીં ત્યાં સુધી

તમને પોતાને પણ જાણ નથી હોતી કે જીવનમાં તમે શું ઇચ્છો છો!

તમે ઇચ્છો છો કંઈક અને તમે કરો છો કંઈક!

સંબંધોમાં પ્રામાણિકતા શું છે? :

જીવનનો પ્રથમ સિદ્ધાંત છે પ્રામાણિકતા. થોડી મિનિટો કાઢો અને કલ્પના કરો કે, તમારી આસપાસના દરેક જણ તમારી સાથે પ્રામાણિકતાથી વાત કરે અને તમને કેવળ સત્ય જ કહે તેમજ પ્રામાણિકતાથી જ તમારી સાથે સંબંધ રાખે તો તમારું જીવન કેટલું સુંદર હોય! થોડી ક્ષણો કાઢો અને આ કલ્પના કરો.

તમારી આસપાસના લોકો તમારી સાથે જૂઠું બોલ્યા હોય અને તમારા તરફ પ્રામાણિકતા ન દાખવી હોય એ કારણે તમારા જીવનમાં તમારે વેઠવાનું આવ્યું એવા તમારામાંના કેટલા છે? હાથ ઊંચો કરો.

તમે પોતે વેઠ્યું હોય તો એવી જ પીડા તમે બીજાઓને શા માટે આપવા ઇચ્છો છો? અન્યો પાસેથી આપણે સહાનુભૂતિ અને પ્રામાણિકતાની અપેક્ષા રાખીએ છીએ, પણ કમનસીબે, આપણે પોતે એ મુજબ રહેતા નથી. અન્યો પાસેથી તમે પ્રામાણિકતાની અપેક્ષા રાખો છો, પણ તમારા પોતાના જીવનમાં પ્રામાણિકતાનો અમલ કરવાનું જરૂરી લાગતું નથી.

સાંભળો! તમે સૌ એ જાણો એમ હું ઇચ્છું છું કે પ્રામાણિકતાને હું નીતિશાસ્ત્ર કે નીતિમત્તા તરીકે ઉત્તેજન આપતો નથી. હું પ્રામાણિકતાને નીતિશાસ્ત્ર કે નીતિમત્તા તરીકે ઉત્તેજન આપતો નથી. પ્રામાણિકતા નીતિશાસ્ત્ર અને નીતિમત્તા કરતાં ઘણું વધારે છે. પ્રામાણિકતા તમને હું વૈશ્વિક સિદ્ધાંત તરીકે, વૈશ્વિક નિયમ તરીકે અર્પણ કરું છું! તમે પ્રામાણિક બનો ત્યારે ઘણા સ્રોત જે તમારી અંદર કેવળ ક્ષમતા તરીકે રહેલા હતા એ અચાનક વાસ્તવિકતા બની જાય છે!

પ્રામાણિકતાથી તમે પહેલી વાર તમારી જાત સાથેના સંબંધની અનુભૂતિ કરશો! તમારી જાતનો તમે પ્રામાણિકતા સાથે સુમેળ કરો નહીં ત્યાં સુધી તમને પોતાને પણ જાણ નથી હોતી કે જીવનમાં ખરેખર તમે શું ઇચ્છો છો! તમારી જાતનો તમે પ્રામાણિકતા સાથે સુમેળ નહીં કરો ત્યાં સુધી તમને પોતાને પણ જાણ નથી હોતી કે જીવનમાં તમે શું ઇચ્છો છો! તમે ઇચ્છો છો કંઈક અને તમે કરો છો કંઈક.

ગઈકાલે મારા 'આનંદ યોગમ્'ના વિદ્યાર્થીઓમાંના એકે મને સ્વતંત્રતા વિષે એક સવાલ મોકલ્યો. તે પૂછતો હતો, "સ્વામીજી, તમે કહ્યું કે સ્વતંત્રતા એટલે તમારી સ્વેચ્છા થકી સર્જાતી સંભાવનાઓ સાથે જોડાવું. આ સ્વતંત્રતા છે?"

તમે સાચા છો, પણ તમારા સવાલમાં હજી વધુ પ્રામાણિકતા હોવી જરૂરી છે! તમે પ્રામાણિકતાને જીવવા લાગશો તો તમને આ જ સવાલ વધુ ગહન દ્રષ્ટિએ થશે. મને સમજાવવા દો.

કૃપા કરીને સાંભળો! તમે તમારી જાતને વચન આપો અને તેનો આદર કરો ત્યારે ત્રણ બાબતો બને છે. પહેલી વાત એ કે, તમારી જાતને તમે વચન આપો ત્યારે તમારી જૈવિક-સ્મૃતિ સતેજ બની જાય છે. બીજું, તમારી જાતને જ્યારે પણ તમે કંઈ વચન આપો ત્યારે એ યાદ કરાવવાનું તે નક્કી કરશે. ત્રીજું, પોતાની જાતને અપાયેલા વચન બાબતે તેનામાં અસાધારણ આત્મવિશ્વાસ હશે.

ઘણી વાર લોકો આવે છે અને મને કહે છે, "સ્વામીજી, મને આપેલું વચન હું પોતે ભૂલી ગયો છું." આ તો તમે બાળક હતા એ વખતે કરતાં એના જેવું છે - તમારાં બાળકો તમને વચન આપે, પણ તમે એને ગંભીરતાથી લેતા નથી. શાથી? કેમ કે, તમે જાણો છો કે તેઓ એનું પાલન કરવાનાં નથી! તેઓ કહેશે, "હું સવારે જાગી જઈશ." પણ તમે જાણો છો કે તે જાગવાનાં નથી, કારણ કે ઘણી વાર તે એમાં નિષ્ફળ ગયાં છે. આથી તમે તેમને ગંભીરતાથી લેતા નથી. એ જ રીતે, તમે તમારી જાતને આપેલા વચનનો આદર કેટલીય વાર ન કર્યો હોય ત્યારે એને તમે ગંભીરતાથી લેતા નથી, એટલું જ નહીં, તમે

એને યાદ રાખવાની દરકાર પણ કરતા નથી. હું જે કહી રહ્યો છું એનાથી તમારામાંના કેટલા માહિતગાર છે?

ઘણી બધી વાર તમે તમારી જાતને આપેલા વચનનો આદર ન કરવાની તરાહ બનાવો છો, એ કારણે તમે તેને પૂરું કરવાની દરકાર રાખતા નથી, ઉપરાંત તેનો અમલ કરવાની કે યાદ કરવાની પરવા પણ કરતા નથી. જાત સાથે તમે વાત કરો એ દરેક શબ્દ તમે તમારી જાતને આપેલું વચન છે. આ સમજણ સાથે તમારે વિચારવું જોઈએ. એનો અર્થ એ કે, તમારામાં ઘણી બધી સભાનતા છે, તમે વિચારો, તમારી જાતને તમે વચન આપો ત્યારે તમારામાં તે પ્રેરિત થવી જરૂરી છે.

સાંભળો! એ કમનસીબ બાબત છે કે સમાજ તમને એ વચનો પૂરાં કરવાનું સતત યાદ કરાવે છે કે જે તમે સમાજને આપ્યાં છે. પણ એ તમને મૂળભૂત સત્ય શીખવતો નથી કે તમારે તમારી જાતને આપેલાં વચન પૂર્ણ કરવાની અને તેનો આદર કરવાની જરૂર છે. ઘણી બધી વાર તમે તમારી જાતને આપેલા વચનનો આદર કરતા નથી, તમે તમારી જાતને આપેલાં વચનોને યાદ રાખવાની દરકાર પણ કરતા નથી, કારણ કે તમે તમારી જાતને આપેલા વચનનો આદર ન કરવાની તરાહ બનાવો છો!

'સ્પંદકારિકા'માં અને 'વિજ્ઞાનભૈરવતંત્ર'માં જ્યારે મહાદેવ(ભૈરવ) ભૈરવીને શીખવે છે ત્યારે આ મુદ્દો તે વારંવાર લાવે છે. ધ્યાનની લગભગ વીસ પદ્ધતિઓમાં તે કહે છે, 'આત્મસ્મરણથી પ્રબુદ્ધતાની પ્રાપ્તિ થાય છે!'

કૃપા કરીને સાંભળો! આત્મસ્મરણ તરફનું પહેલું પગથિયું છે તમારી જાત સાથે પ્રામાણિક થવાનું! તમારી જાતને કહેલા દરેક શબ્દનો તમારે આદર

કરવો જોઈએ, તમારે એ યાદ રાખવું જોઈએ. ત્યારે જ તમારી જાત સાથે તમારો સુંદર સંબંધ થશે.

તમને કહું કે, તમે તમારી જાત સાથે પૂર્ણ ન હો તો કદી તમારા જીવનમાં તમને રજાઓ નહીં મળે. કોઈ પણ સમુદ્રતટ પર જઈને તમે લંબાવી દો, કોઈ પણ રિસોર્ટમાં જાવ અને લંબાવો, કોઈ પણ પ્રવાસસ્થળે તમે જાવ, કોઈ પણ સ્પામાં જાવ અને રજા લેવાનો પ્રયત્ન કરો, પણ હું તમને ખાતરી આપું છું કે -તમે તમારી જાત સાથે પૂર્ણ નહીં હો તો તમે રજાઓ નહીં ભોગવી શકો! તમારી જાત સાથે પૂર્ણ નહીં હો તો તમે રજાઓ બિલકુલ નહીં ભોગવી શકો!

સમુદ્રતટે તમે લાંબા થઈને પડ્યા હો કે બગીચામાં બેસીને સાંજના સૂર્યાસ્તને માણવાનો પ્રયાસ કરી રહ્યા હો, તો પણ તમે એક અપૂર્ણ અસ્તિત્વ છો. આથી તમારા પોતાના પર તમે ઝળૂંબ્યા કરશો, પોતાને હેરાન કર્યા કરશો. તમે પોતાની અંદર તમારા અપૂર્ણ ભાગનું વહન કરી રહ્યા છો. એ વ્યક્તિને તમે ગમે ત્યાં છોડી ન શકો, ભલેને તમે ગમે ત્યાં છટકવાનો પ્રયાસ કરો. જાતથી છટકવું એક એવી સ્પર્ધા છે, જેમાં તમે સદાય હારશો!

આથી રજા લેવા માટેનું તમારું જરૂરી પહેલું પગથિયું રિસોર્ટ કે ફ્લાઈટ ટિકિટ કે ગોલ્ફ કોર્સનું બુકિંગ કરાવવાનું નથી. ના! તમારી જાત સાથે પૂર્ણત્વ કરો. તમારી જાત સાથે પૂર્ણત્વ કરો. તમારા જીવનમાં અવકાશ માણવા ઇચ્છતા હો તો, પહેલાં આ સોપાનની જરૂર છે.

એ બહુ કમનસીબી છે કે માણસો પહેલી કરવા જેવી બાબત પહેલાં નથી કરતા. સૌ પ્રથમ તો જાત સાથે સુંદર સંબંધ બાંધો. તમારો શ્રેષ્ઠ સંબંધ,

પોતાની જાત સાથેના શ્રેષ્ઠ સંબંધ બનવાથી શરૂ થાય છે. તમારામાંના કેટલા આ સત્યથી માહિતગાર છે?

સાંભળો! સાંભળો! સાંભળો! હજી મેં સવાલ પૂછ્યો નથી. સાંભળો! તમે તમારી જાતને એક મોટા વૅકેશન માટે તૈયાર કરી છે, તમે તમારી ટિકિટો બુક કરાવી દીધી છે, તમારો રિસોર્ટ બુક કરાવી દીધો છે, અને આખો પરિવાર તૈયાર છે. તમે ત્યાં રજાઓ ગાળવા જાવ છો, પણ તમારી અપૂર્ણતાઓ તમારી પર ઝળૂંબ્યા કરે છે, તેથી તમે વધુ હતાશ, વધુ દુ:ખી થાવ છો અને તમે પાછા કામે આવો ત્યારે વધુ થાકીને આવો છો. તમારામાંના કેટલાએ આવું અનુભવ્યું છે? હાથ ઊંચો કરો.

હવે, તમે તમારી જાતને આપેલાં અને પૂરાં ન કર્યાં હોય એવાં વચનોની યાદી બનાવો. બેસો અને તેને લખો. પહેલાં તેને પૂરાં કરો. તમે તેને આદર આપ્યો હોય તો, સરસ! તમે એનો આદર કરવાના હો તો ચોક્કસ સમયમર્યાદામાં તેનો આદર કરવાની ખાતરી આપો. એનો આદર તમે ન કરવાના હો, તમને લાગે કે તમારું જીવન અર્પી દેવા છતાં તમે તેનો આદર નહીં કરી શકો તો તમારી જાત સાથે તો પૂર્ણતા કરો જ! તમારી જાતને તે પ્રતિબદ્ધતામાંથી મુક્ત કરો; સભાનપણે તેને પૂર્ણ કરો. એ બહુ કમનસીબી છે કે તમારા ડર કે લોભને કારણે અન્યોને આપેલાં વચનની તમને ઘણી દરકાર હોય છે, પણ પોતાની જાતને આપેલાં વચનોની દરકાર તમે રાખતા નથી. જો તમે તમારી સાથે પૂર્ણતા કરો, જો તમારી જાત સાથે તમે પૂર્ણ રહો, તો જ તમે આત્મસ્મરણના અવકાશમાં, શાંતિપૂર્ણ જાગૃતિમાં, આત્મસ્મરણમાં રહી શકશો.

આત્મસ્મરણની પ્રક્રિયાઓ હું લોકોને શીખવું છું ત્યારે તે પાછા આવે છે અને મને પૂછે છે, "સ્વામીજી, હું મારી જાત સાથે, મારા આત્મન્ સાથે સતત સ્મરણમાં રહી શકતો નથી. હું અન્ય વિચારો અને વિષયોમાં સરી પડું છું. કેમ?"

સાંભળો! તમે તમારી જાતને યાદ કરો ત્યારે શાંતિપૂર્ણ સજાગતામાં નથી રહેતા - એ તમારી અપૂર્ણતાને કારણે થાય છે. કરવાની જરૂર હોય એવું પહેલું કામ છે જાત સાથે પૂર્ણ બનવાનું, જાત સાથે શાંતિપૂર્ણ સજાગતાનો સંબંધ, જાત સાથે પૂર્ણત્વનો સંબંધ બાંધવાનું. જાતને અને અન્યોને જે વચન આપો તે પૂર્ણ થવાં જોઈએ. તમારી અંદર તમારે પ્રામાણિકતા લાવવી જરૂરી છે. ત્યારે જ વેદાંત દ્વારા અપાયેલી આત્મવિચારની પદ્ધતિ, બુદ્ધ દ્વારા અપાયેલી આત્મસ્મરણની પદ્ધતિ, 'વિજ્ઞાનભૈરવતંત્ર'માં મહાદેવ દ્વારા અપાયેલી આત્મસ્મરણની પદ્ધતિઓ, આ તમામ તમારી અંદર આત્મજ્ઞાન, તમારામાં પ્રબુદ્ધતાનું પરિણામ ઉત્પન્ન કરી શકશે. તમારું તમારી સાથે પૂર્ણત્વ નહીં થાય તો અપૂર્ણ ઓળખોથી પર, પેલે પાર તમે શી રીતે તમારી જાતને યાદ રાખી શકશો? તમારી અપૂર્ણ ઓળખો સતત બિનપ્રમાણભૂતતા, પ્રામાણિકતાનો અભાવ અને તમારી અંદર ઉદ્ભવતા બિનજવાબદાર વિચારો માટે જવાબદાર હોય છે.

જ્યારે હું નાનો હતો ત્યારે હું કલાકો સુધી સમાધિમાં બેસવા ટેવાયેલો હતો. શરૂઆતમાં, મારા સહાધ્યાયીઓ મારી મજાક ઉડાવતા રહેતા. થોડાં વર્ષો પછી તેઓ મને પૂછવા લાગ્યા, "શાંતિથી બેસીને તું શું વિચારે છે એ અમે નથી જાણતા, પણ અમને ખરેખર આંચકો લાગ્યો કે તું કલાકો સુધી શાંતિથી બેસી

શકે છે." મેં કહ્યું, "એમાં શું? એ મારું શરીર અને મારું મન છે. હું મારી જાતને ફક્ત બેસવાનું કહું છું અને બેસી જાઉં છું, બસ!" મારા સહાધ્યાયીઓએ તેમની પોતાની સાથે બેસી રહેવા બાબતે પોતાની અક્ષમતા વ્યક્ત કરી ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે તમારી પોતાની જાત સાથે શાંતિથી બેસી શકવું એ તમારી પાસે રહેલી મોટામાં મોટી ભેટમાંની એક છે. સૌ પ્રથમ, તમારે તમારી જાત સાથે સંબંધ બાંધવો પડે.

આજે, તમે સૌ જે સત્યની અનુભૂતિ કરો એમ હું ઇચ્છું છું એ સત્ય આ છે. તમારી જાત સાથે તમે સંપૂર્ણ નહીં રહો તો તમને શાંતિપૂર્ણ સજાગતા મળશે નહીં. તમારી સાથેની શાંતિપૂર્ણ સજાગતા બહુ અગત્યની છે. હું તમને કહું કે, જાત સાથેની શાંતિપૂર્ણ સજાગતા કેવળ સંપત્તિ નથી, એ તમારા માટેનો મૂળભૂત અધિકાર છે. વૈશ્વિક બંધારણમાં શાંતિપૂર્ણ સજાગતા તમારો મૂળભૂત અધિકાર છે. પ્રબુદ્ધ આત્માઓ પૃથ્વી પર એ નિશ્ચિત કરવા અવતરે છે કે તમારો મૂળભૂત અધિકાર તમને પાછો મળે. હું એ સુનિશ્ચિત કરવા માટે સતત વૈશ્વિક બંધારણનો બચાવ કરતો રહું છું કે તમારા મૂળભૂત અધિકાર તમને પાછા મળે, અને તમારા મૂળભૂત અધિકારને તમે પાછા મેળવી શકો.

તમારી પાસે શાંતિપૂર્ણ સજાગતા હોય એ તમારો મૂળભૂત અધિકાર છે, અને હું ઘોષિત કરું છું કે તમારો મૂળભૂત અધિકાર પાછો મેળવવો તમારા માટે સંભવ છે. તમારું સ્વપૂર્ણત્વ, તમારો શાંતિપૂર્ણ સજાગતાનો અવકાશ પાછો મેળવવાની સીધી રીત છે પોતાની સાથે પૂર્ણત્વ - સ્વપૂર્ણત્વ. હું તમને કહું કે આ તમારો મૂળભૂત અધિકાર છે. તેને પુન:પ્રાપ્ત કરો અને તેને જીવી લો.

પ્રબુદ્ધતાની તમને સૌને પ્રાપ્તિ થાઓ, અનુભૂતિ થાઓ, તેને જીવો, વ્યક્ત કરો, પ્રકાશિત થાઓ, તેને વહેંચો, તમારામાં તેનો સ્ફોટ થાઓ અને સમૃદ્ધ થાઓ એવી હું આશિષ આપું છું.

નિત્યાનંદમ્!



તમારા અહંકાર, મમકાર અને અન્યકારની જવાબદારી લો.

એ પછી કોઈ પીડા તમારા તરફ આવી શકશે નહીં.

કોઈ તમને પીડા આપી શકશે નહીં. તમે જવાબદારી લેવા માગતા

નથી,આથી જ જીવન તમારા માટે આશ્ચર્યજનક પીડાઓ લાવે છે.

3.પ્રમાણભૂતતા

આપણે બીજા સિદ્ધાંત પ્રમાણભૂતતામાં પ્રવેશીશું. હું 'શ્રદ્ધા' – પ્રમાણભૂતતા પર વિસ્તારથી કહીશ.

'શ્રદ્ધા' શબ્દ કઠોપનિષદમાં આવેલો છે. આપણી પાસે 'શ્રદ્ધા' શબ્દનું સૌથી પહેલું ઉપલબ્ધ પ્રમાણ કઠોપનિષદમાં છે, જ્યાં નચિકેતાને 'શ્રદ્ધા વિવેચ' તરીકે વર્ણવાય છે. 'શ્રદ્ધા' દ્વારા સ્વીકારાયેલો. કૃપયા સાંભળો, શ્રદ્ધાથી, તમારે તેનો સ્વીકાર નથી કરવાનો. શ્રદ્ધા તમને સ્વીકારવી જોઈએ. પ્રામાણિક્તા સાથે, તમે તેને સ્વીકારશો તો તમે માલિક બનશો. શ્રદ્ધા સાથે, તે તમને સ્વીકારવી જોઈએ.

મને પ્રમાણભૂતતાને વ્યાખ્યાયિત કરવા દો. પ્રમાણભૂતતા એટલે તમારી ક્ષમતાના ઉચ્ચતમ શિખરે સ્થાપિત થવું, અને તમે પોતાના માટે તમારી જાતને જે રીતે જુઓ છો, અન્યને માટે અન્યો સમક્ષ તમે જેવા દેખાવ છો, અને અન્યો તેમના માટે તમારી પાસેથી જે અપેક્ષા રાખે છે, એવા તમારા જીવનને પ્રતિભાવ આપવો.

હું એને વિસ્તૃત રીતે કહીશ – તમે તમને પોતાને જે અનુભવો છો, તમે તમારી જાતને અન્ય લોકો સમક્ષ જે રીતે રજૂ કરો છો, અને અન્ય લોકો તમને જે સમજે છે – આ ત્રણેયને સાથે મૂકવું તે તમારું વ્યક્તિત્વ છે, તે તમારું અસ્તિત્વ છે. તમારા અસ્તિત્વના ત્રણ ભાગ છે - તમે તમને પોતાને જે માનો છો, તમે તમને પોતાને અન્ય લોકો સમક્ષ જે રીતે રજૂ કરો છો, અન્ય લોકો

તમને જેવા હોવાની અપેક્ષા કરે છે. આ ત્રણેયમાં તમારી ઉચ્ચ ક્ષમતાથી જીવો એ 'શ્રદ્ધા' છે.

એક મહત્ત્વની સમસ્યા આપણને જે છે તે, "સ્વામીજી, હું મને જે રીતે અનુભવું છું અને અન્ય લોકો સમક્ષ મારી જાતને જે રીતે રજૂ કરું છું એના માટે હું જવાબદાર છું. પણ મારા વિષે અન્ય લોકો જે અપેક્ષા રાખે તે માટે હું શા માટે જવાબદારી લઉં?" કૃપયા સમજો, એ તમે પોતે જ છો જે દરેકની – જેને તમારા પ્રત્યે કંઈક અપેક્ષા છે, એ લોકોની આંતરચેતનામાં બિરાજેલા છો, અને તમારામાંથી આ બધી અપેક્ષાઓ તેમના માટે તમે થવા દો છો! તેમનામાં તમારા માટે જે અપેક્ષા છે તે બાબતે, કેટલાક તમારા શબ્દો અને દૈહિક ભાષાઓ જવાબદાર છે. તેથી તમે તેના માટે જવાબદાર છો.

તમારી ઉચ્ચતમ જવાબદારીથી જીવવું તે 'શ્રદ્ધા' છે. હું તમને બધાને એક મહત્ત્વનું સત્ય સમજાવવા માગું છું. તમારો કેટલોક ભાગ જે તમારા દ્વારા દબાયેલો છે, જે તેની જાતે જ પ્રાદુર્ભૂત થવા (બહાર આવવા) ઇચ્છે છે, તે ભાગ બીજાના હૃદયમાં જાય છે અને બેસે છે અને તમારા પ્રત્યેની તેમની અપેક્ષા બને છે, જેથી તે દબાયેલો ભાગ બહાર આવે છે! સાંભળો, જ્યારે તમે તમારા હૃદયને સાંભળવા તૈયાર નથી અને વિસ્તૃત નથી કરતા, ત્યારે અન્ય લોકોમાં એ જ અપેક્ષાનું નિર્માણ કરીને દિવ્યતા તમને મદદ કરે છે, જેથી તમે વિસ્તૃત થાવ!

આ મેં મારા પોતાના જીવનમાં, મારા અનુભવમાં જોયું છે. હું તમને કહું છું, જ્યારે મેં મારા વિષેની અન્ય લોકોની અપેક્ષાને પૂર્ણ કરવાનો નિર્ણય કર્યો, જ્યારે મેં મારી જાતને વિસ્તૃત કરવાનું શરું કર્યું ત્યારે મેં અનુભવ્યું કે જે મારા

વિષેની મારી પોતાની અપેક્ષા છે, એ આ પણ છે. જ્યારે તમે તમારા વિષેની અન્ય લોકોની અપેક્ષાને પૂર્ણ કરો છો, અને અનુભવો છો કે જે તમારા વિષેની તમારી પોતાની અપેક્ષા છે, એ આ પણ છે, ત્યારે તમે આત્મ-સાક્ષાત્કારના અવકાશમાં પહોંચો છો.

તમારી જાત માટે તમે જેવા છો એમાં પ્રમાણભૂતતા લાવો, અન્યો સમક્ષ તમે જેવા છો, અને અન્યો તમને જે રીતે જોવા ઇચ્છે એમ તમે માનતા હો એમાં પ્રમાણભૂતતા લાવો. તમારી જાતને પ્રમાણભૂતતાથી સમૃદ્ધ કરો.

તમારા અહંકાર, મમકાર અને અન્યકારની જવાબદારી લો. એ પછી કોઈ પીડા તમારા તરફ આવી શકશે નહીં. કોઈ તમને પીડા આપી શકશે નહીં. તમે જવાબદારી લેવા માગતા નથી, આથી જ જીવન તમારા માટે આશ્ચર્યજનક પીડાઓ લાવે છે.

પ્રમાણભૂતતા શું છે? :

પ્રમાણભૂતતા એટલે મમકાર, અહંકાર અને અન્યકારને સંવાદિતામાં રાખવા.

- મમકાર એટલે તમે પોતે તમારા વિષે જે માનો છો એ.
- અહંકાર એટલે અન્યો સમક્ષ તમે તમારી જાતને જે રીતે રજૂ કરો છો એ.
- અન્યકાર એટલે અન્યો તમને જે સમજે છે એ.

સમજો. અન્યકાર માટે પણ તમે જવાબદાર છો! અન્યકાર- અન્યો તમને જે માને છે તે, તમે જેવા રજૂ થાવ છો તેનાથી સ્વતંત્ર હોઈ શકે. આમ છતાં, અન્યકાર માટે તમે જવાબદાર હો છો. અન્યો તમને જુએ, એ તમારી બાહ્ય

રજૂઆત કે આંતરિક છબિ કરતાં સ્વતંત્ર હોય અને એ માટે તમે પોતાને પણ જવાબદાર અનુભવતા હો ત્યારે જ તમે પ્રમાણભૂત હો છો. તમને કદાચ થાય, "અન્યો મને જે રીતે જુએ એ માટે હું શી રીતે જવાબદાર હોઈ શકું?" તમે જવાબદાર હોવાનું અનુભવશો તો જ તમે શક્તિશાળી હોવાનું અને સમર્થ બન્યા હોવાનું અનુભવશો. તમે શક્તિહીન હોવાનું નહીં અનુભવો. જીવન કોઈ જ આશ્ચર્યો તમારે માટે નહીં લાવી શકે.

તમને હું એક ઉદાહરણ આપીશ. મારા મમકારમાં મારી જાતને હું શુદ્ધ શૂન્યતા, વિશુદ્ધ અવકાશ તરીકે અનુભવું છું. પણ દરરોજ પાદપૂજા (કૃતજ્ઞતાનું અર્પણ) દરમિયાન, ભક્તજનો મંત્રોચ્ચાર કરે ત્યારે તેઓ મારું આવાહન તમામ દેવદેવીઓના પ્રતિનિધિ તરીકે કરે છે- 'મીનાક્ષી-સુંદરેશ્વર સ્વરૂપાય, કાળભૈરવ-મહાકાલી સ્વરૂપાય, આદિગુરુ અરુણગિરિ યોગીશ્વર સ્વરૂપાય'. (એ વ્યક્તિ જે બધા દેવો અને દેવીઓના સ્વરૂપે છે.)

આ મંત્રો હું ભણવા દઉં છું તેનું કારણ છે- હું જોઈ શકું છું કે હજારો ભક્તો, જ્યારે તેઓનું દિવ્યતા સાથે ભાવનાનું અનુસંધાન હોય છે ત્યારે તેઓ ખીલે છે અને જ્ઞાનબોધયુક્ત બને છે. એ મંત્રોનો ઉચ્ચાર થાય ત્યારે લોકો દ્વારા અનુભવાતું એ સુંદર ભાવનાનું સંધાન તેમને જ્ઞાનબોધ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

સમજી લો કે, વૈદિક પરંપરામાં ઈશ્વર સુદ્ધાં જ્ઞાનબોધ માટે એક પગથિયું જ છે. ઈશ્વરનાં તમામ સ્વરૂપો અને નામો બધું જ, નિર્વિકલ્પ સમાધિ માટે, જ્ઞાનબોધ પ્રાપ્તિ માટે વપરાય છે. તમારામાં ભક્તિનું, ભાવનું સંધાન જાગ્રત થાય ત્યારે આપોઆપ તમે જ્ઞાનબોધ તરફ જાઓ છો.

એ જ રીતે, કુતર્ક (ખોટો તર્ક) ધરાવનાર કોઈને લાગી શકે કે, “આમ શી રીતે બની શકે? એ નકલી છે!” કૃપા કરીને સમજો કે એ કુતર્ક અને અન્યકારની જવાબદારી પણ હું લઉં છું. જીવન મને કદી નવાઈ નથી પમાડતું એનું આ કારણ છે. મને કશું નવાઈ પમાડતું નથી; અન્યકારની આડઅસર મને કદી નવાઈ પમાડતી નથી.

થોડા દિવસ અગાઉ, હું અરીસા સામે બેઠો હતો અને જોઈ રહ્યો હતો કે મને પોતાને મારી કેવી અનુભૂતિ થાય છે. થોડી ક્ષણો પછી ત્યાં નહોતું શરીર કે નહોતું પ્રતિબિંબ! તેથી મેં શુદ્ધ શૂન્યતા, વિશુદ્ધ અવકાશની અનુભૂતિ કરી; તે મારો મમકાર છે. હું આ શબ્દ એટલા માટે વાપરું છું કે અન્ય કોઈ શબ્દ હું વાપરી શકું એમ નથી; નહીંતર મારા માટે મમકાર છે જ નહીં. આ વિશુદ્ધ શૂન્યતાનું તમારામાં વહન કરવા માટે હું તમને અરુણગિરિ યોગીશ્વર, મીનાક્ષી, ભૈરવ, મહાકાલી જેવા શબ્દો વાપરવા દઉં છું - આ શબ્દોથી તમે સંધાન અનુભવો છો. એ મારો અહંકાર છે. કોઈકને લાગી શકે કે, “ઓહો, આ તો અવતાર છે!” એ એક અન્યકાર થયો. કોઈક કહી શકે, “એ જીવનમુક્ત છે!” એ પણ વધુ એક અન્યકાર છે. કોઈક કહી શકે, “એ તો નકલી છે!” એ વધુ એક અન્યકાર છે, બસ!

શિવ સમક્ષ વિષ લાવવામાં આવ્યું તેનાથી એ કદી નવાઈ નથી પામતા. નીલકંઠ એ વાતની સાબિતી છે કે અન્યોના અન્યકારની જવાબદારી સુદ્ધાં તે લે છે. જીવનમાં અન્યોના અન્યકારની જવાબદારી સુદ્ધાં તમે લો, તમે તમારા જીવનના અધિપતિ બની રહેશો- સામર્થ્યવાન, અને જીવન તમારા

માટે કોઈ જ આશ્ચર્યો નહીં લાવી શકે. પછી જીવન તમારા માટે કોઈ જ આશ્ચર્યો નહીં લાવી શકે તો તે તમારા માટે પીડા પણ ન લાવી શકે!

સમુદ્રમંથન શરૂ થયું ત્યારે સૌ કેવળ અમૃતની જ પ્રતીક્ષા કરતા હતા. તેથી વિષ નીકળ્યું એ તેમના માટે પીડા સમાન હતું. પણ મહાદેવ વિષની પણ પ્રતીક્ષા કરતા હતા, તેથી એ તેમને પીડા ન આપી શક્યું.

દુનિયા તમારા માટે શબ્દો સર્જે એ ન થવા દો. તમારા શબ્દોને તમારી આજુબાજુ દુનિયા સર્જવા દો. તમારા અહંકાર, મમકાર અને અન્યકારની જવાબદારી લઈ લો. પછી તમને કશી પીડા નહીં થાય. કોઈ તમને પીડા આપી નહીં શકે. તમે જવાબદારી લેવા માગતા નથી, તેથી જ જીવન તમારા માટે આશ્ચર્યો લાવે છે. જીવન તમારા માટે આશ્ચર્યકારક પીડાઓ લાવે છે.

ત્રણેયની જવાબદારી લઈ લો. જ્યારે ત્રણેયની જવાબદારી તમે લો છો ત્યારે તમે સામર્થ્ય અનુભવશો. તમે શક્તિહીનતા નહીં અનુભવો. તમને એમ નહીં લાગે કે કશું અણધાર્યું થઈ રહ્યું છે. તમે પ્રમાણભૂતતાથી ઉચ્ચારેલા શબ્દોથી તમારા આંતરિક અવકાશને સંપૂર્ણપણે પૂર્ણ થઈ જવા દો.

સમજી લો કે, તમને એ માનવાની ફરજ પાડવામાં ન આવે કે તમે ખોટા છો, તો તમે ખોટા નથી! કોઈ તમારી પર વિજેતા બની શકશે નહીં. તમે કોઈ દબાણને વશ થાવ, તમે માનવા લાગો કે તમે ખોટા છો, તો જ તમને કંઈ થઈ શકે. પ્રામાણિકતા અને પ્રમાણભૂતતાની તાકાત સાથે ઊભા રહો. તે આધ્યાત્મિક શક્તિ છે. કોઈ પણ બાબતનો ઉકેલ કેવળ આધ્યાત્મિક શક્તિ છે. બીજો કોઈ ઉકેલ ન હોઈ શકે; ન સત્તા કે ન પૈસો, ન સમાજ કે ન રાજકીય

સત્તા. કેવળ આધ્યાત્મિક શક્તિ જ બધાનો ઉકેલ લાવી શકે છે. આપણી પ્રામાણિકતા, પ્રમાણભૂતતા અને જવાબદારી સાથે આપણે સૌ ઊભા રહીએ.

તમને કહું કે, જ્યારે અન્યકાર માટેની જવાબદારી તમે લો ત્યારે જ તમે વિકસો છો, વિસ્તરો છો. પણ તમે કહો કે – "ના, ના! હું પોતે મારા માટે જે અનુભવું અને મારી જાતને જે રીતે રજૂ કરું એ માટે હું જવાબદાર ખરો. પણ લોકો મને જે સમજે છે એના માટે હું શી રીતે જવાબદાર હોઈ શકું?" સૂક્ષ્મ રીતે, જાણે કે અજાણે, અન્યો તમારા માટે જે માને છે એમાં તમે પોતે સહયોગ આપો છો. મારા કિસ્સામાં હું એ જાણીને કરું છું. તમારા કિસ્સામાં તમે અજાણપણે કરો છો, બસ. પણ એ માટે તમે જવાબદાર છો. સમજી લો કે, તમે જવાબદાર હોવાનું માનતા હો એ સમસ્યા જ તમે ઉકેલી શકો, બીજું કંઈ નહીં. તમને જવાબદાર હોવાનું લાગે એ જ બાબત તમે પૂર્ણ કરી શકો. તમને લાગે કે તમે જવાબદાર નથી, તો તમે એ તરફ જોશો પણ નહીં અને પૂરું કરશો.

વિસ્તારતા જ રહો, વિસ્તારતા રહો, વિસ્તારતા રહો. પછી લોકો પૂછે, "શું થશે, સ્વામીજી? ત્યારે તો તમે અન્ય લોકોના લગભગ ગુલામ બની જશો." નહીં!

તમને પરાણે કરાવવામાં આવે તો જ તમે ગુલામ બનશો.
જો તમે વિશેષજ્ઞ (a master) હશો તો તમે એ સ્વેચ્છાએ સ્વીકારી લેશો.

અન્ય લોકો તમને જે રીતે જુએ એ માટે તમે જવાબદાર છો? :

લોકોના સારા કે ખરાબ અન્યકારથી તમે શી રીતે અસરગ્રસ્ત થાવ છો અને તેને કેવી રીતે પૂર્ણ કરો છો, એ જોવા માટેનું આ કામ છે. સારાંશ સમજો.

મમકાર એટલે તમે પોતાના માટે જે અનુભવો એ. જેમ કે, હું બહુ પ્રમાણભૂતતાથી કહી શકું કે હું અનુભવું છું કે હું વિશુદ્ધ શૂન્ય- અવકાશ છું. વિશુદ્ધ શૂન્ય-અવકાશની સામે કંઈક મૂકવામાં આવ્યું છે, જે આ સંઘનું સર્જન કરવા માટે ચાલે છે. નહીંતર, મારા વિષેનો મમકાર કેવળ વિશુદ્ધ શૂન્ય-અવકાશ છે.

અન્ય લોકો સમક્ષ તમે જે છબિ રજૂ કરો તેને અહંકાર કહેવાય છે. કૃપા કરીને સમજો કે, જે છબિ તમારી હોવાનું તમે માનો છો, જે ખ્યાલ તમારા હોવાનો તમને છે, એ મમકાર છે. દુનિયા સમક્ષ તમે જે ખ્યાલથી રજૂ થાવ એ અહંકાર છે. અન્ય લોકો તમારા વિષે જે માને છે, જે આ બન્નેથી સ્વતંત્ર છે એ અન્યકાર છે. તમે પોતાને માટે કંઈક હોવાનું માનતા હો, અન્યોને તમે કંઈક જુદું રજૂ કરતા હો, પણ તેઓ તમારા વિષે કંઈક બીજું જ માનતા હશે!

જુઓ, હું મારી જાતને વિશુદ્ધ અવકાશ માનું છું, હું મારી જાતને શુદ્ધ અવકાશ તરીકે ઓળખું છું. હું મારી જાતને અવતાર તરીકે રજૂ કરું છું, જે આ શુદ્ધ અવકાશ તમને આપવા ઇચ્છે છે. મારા માટેની મારી માન્યતા, શુદ્ધ અવકાશ તરીકેનું મારું જ્ઞાન એ મારો મમકાર છે. અવતાર તરીકે મને પોતાને રજૂ કરવાનો મારો નિર્ણય, જે આ અવકાશ બીજા દ્વારા પણ અનુભવાય એમ ઇચ્છે છે અને વહેંચે છે - એ મારો અહંકાર છે. તમે મને જેવો માનો છો એ અન્યકાર છે. અન્યો મને જે રીતે જુએ છે એ અન્યકાર છે.

જેમ કે, કોઈ મારામાં શિવનાં દર્શન કરે તો એ તેનો અન્યકાર છે, જે મારા મમકાર તેમજ અહંકારથી સ્વતંત્ર છે. મારા વિષેના તમારા ખ્યાલમાં તમે મને શિવ તરીકે જુઓ છો. પણ હું તે મંજૂર રાખું છું. શાથી? કારણ કે, હું તમને

જે આપવાનો પ્રયાસ કરી રહ્યો છું, તેનો અનુભવ કરવાની એ દ્રષ્ટિએ વધુ તક છે.

કૃપા કરીને સમજો કે, મારા આંતરિક અવકાશમાં, હું શક્તિ, શિવ, શ્રી રામકૃષ્ણ - કે જે કંઈ તમે મને જુઓ છો, એમ મારી જાતને અનુભવતો નથી. એમાંનું કંઈ નહીં! મારા આંતરિક અવકાશમાં, હું મારી જાતને ચિન્મય, નિત્યાનંદ, શૂન્યાવકાશ તરીકે જોઉં છું, જે ગુણ છે, કોઈ વ્યાખ્યા નથી. નામ અને રૂપની કોઈ વ્યાખ્યા નથી. તે ગુણ કે લાયકાત જેવું વધુ છે. આથી મારા વિષે તમે માનો છો એ અન્યકાર, હું મારા વિષે માનું છું અને રજૂ કરું છું, તેનાથી તદ્દન સ્વતંત્ર છે. હું બહુ સ્પષ્ટ છું કે હું મારી જાતને કેવળ એક વ્યક્તિ તરીકે, જે ઉચ્ચ ચેતનાના સાકાર સ્વરૂપ તરીકે રજૂ કરવા અને એ જ રીતે રક્ષણ કરવા ઇચ્છે છે, જે તેને વિશ્વ સાથે વહેંચવા ઇચ્છે છે. બસ, આમ છે. પણ, કારણ કે, તમે માનો છો કે 'હું શિવ છું' એ તમને એ જ અવકાશની અનુભૂતિ કરવામાં મદદ કરે છે, તો એ હું માનવા દઉં છું. એ હું કરવા દઉં છું, તેથી પરોક્ષ રીતે હું તેના માટે જવાબદાર છું.

એ જ રીતે, કોઈને લાગે કે, "તે નકલી છે." કૃપા કરીને સમજો કે, તેને કદાચ તે પચાવી શકે એ પહેલાં વધારે પડતી સમજણ અપાઈ ગઈ છે. એટલે તેના માટે સુદ્ધાં હું જવાબદાર છું. જેમ કે, કોઈ આખો વખત સૂઈ રહેતું હોય અને તેને હું કહું કે હું અવતાર છું, તો અચાનક તેના માટે એ પચાવવું વધારે પડતું છે! કોઈ મારી પાસેથી આધ્યાત્મિક અનુભવ પ્રાપ્ત કરે, કે પોતાના જીવનમાં ઉચ્ચ ઊર્જાની ઝાંખી મેળવે અને એ પછી તેને જણાવવામાં આવે કે હું અવતાર છું, તો તેને કુતર્ક નહીં થાય, કે મારા નકલી હોવાની લાગણી નહીં

થાય. પણ સદ્‌નસીબે કે કમનસીબે, હું પણ જેટ વિમાનની ગતિમાં છું, અને આપણો સંઘ પણ જેટ વિમાનની ગતિમાં છે. તેથી જે આવે તે આવે, અને જે ગયો, તે ગયો!

તેથી જ પ્રમાણભૂતતા એટલે તમારા જીવનમાં મમકાર, અહંકાર અને અન્યકાર ત્રણેયનો સુમેળ કરવો. કૃપા કરીને સમજો કે, આપણને સદાય એમ લાગે છે કે મમકાર અને અહંકાર માટે આપણે જવાબદાર છીએ, પણ સગવડપૂર્વક આપણે અન્યકારની જવાબદારી લેવા માગતા નથી. નહીં! પ્રમાણભૂતતા એટલે ત્રણે ત્રણની જવાબદારી લઈને જીવવું. કોઈ મને શિવ તરીકે જુએ ત્યારે મારે શિવની જવાબદારી લેવાની અને મારી ક્ષમતાને વિસ્તૃત કરીને શિવ તેના માટે જે કંઈ કરે એ કરવાની જરૂર હોય છે. શિવ પાસેથી તે કોઈક વરદાનની અપેક્ષા રાખી શકે. આથી હવે, મારી જવાબદારી મારી ઉચ્ચ ચેતનાને વિસ્તારીને તેને પેલું વરદાન આપવાની, તેને એ રાહત આપવાની અને મારી જાતને શિવ તરીકે પ્રાપ્ય બનાવવાની છે. સમજ્યા? એ જ છે પ્રમાણભૂતતા. હું વચન આપું કે ન આપું, લોકો અપેક્ષા રાખે છે કે મારે તેમને યોગ શીખવવો જોઈએ, આધ્યાત્મિક સત્યો શીખવવાં જોઈએ. અન્યોના અન્યકારને વિસ્તૃત કરવો એ છે પ્રમાણભૂતતા.

સમજો કે, હું લંબાવતો જ રહું, વિસ્તારતો રહું, વિસ્તારતો રહું. પછી લોકો પૂછે, “શું થશે, સ્વામીજી? ત્યારે તો તમે અન્ય લોકોના લગભગ ગુલામ બની જશો. તેઓ કહે એ તમારે કરવું પડશે.” નહીં! તમને પરાણે કરાવવામાં આવે તો જ તમે ગુલામ બનશો! તમે એક વિશેષજ્ઞ હશો તો તમે એ સ્વેચ્છાએ સ્વીકારી લેશો. લોકો મને જે રીતે જુએ એ પૂર્ણ કરવાનો મેં નિર્ણય કર્યો છે. તે

નકારાત્મક અન્યકાર હોય તો પણ તેની સામે ઊભા રહો અને તેનો સામનો કરો. તેની પણ જવાબદારી લો અને તેમનામાં શ્રદ્ધા રાખવાનું છોડી ન દો. તેમની સમજણ ખોટી છે, એ તેમને પણ સમજાય એ માટે સતત કાર્ય કરતા રહો, કાર્ય કરો, કાર્ય કરતા રહો. લોકો પર શ્રદ્ધા મૂકવાનું છોડી ન દો! તમે જવાબદારી લેશો ત્યારે જ સમસ્યાને ઉકેલવા જેટલા સમર્થ હોવાનું તમે અનુભવશો. અન્યને દોષ આપવો - એ તમને વધુ ને વધુ શક્તિહીન અનુભવ કરાવશે!

પ્રમાણભૂતતા એટલે તમારી સર્વોચ્ચ ક્ષમતા પર જીવવું. મારી પ્રમાણભૂતતા શું છે? મારે લોકોને આ જ્ઞાન અને અનુભવ પહોંચાડવાનો છે. આ અનુભૂતિ માટે દુનિયાભરમાંથી લોકો આવેલા છે. આથી મારે મારી જાતને ઉપલબ્ધ બનાવવી જોઈએ. તમારી સર્વોચ્ચતા પર જીવવું અને મમકાર, અહંકાર તેમજ અન્યકાર – આ ત્રણેયનો સુમેળ હોવો, એ જ છે પ્રમાણભૂતતા. સમજી લો કે, પ્રમાણભૂતતા એટલે તમારી સર્વોચ્ચ ક્ષમતાની તમારી સમજણ અનુસાર અને તમારી સર્વોચ્ચ ક્ષમતાની અન્યોની સમજણ અનુસાર, તમારા જીવનની દરેક ક્ષણમાં તમારી સર્વોચ્ચ ક્ષમતાથી જીવવું.

પ્રમાણભૂતતા એટલે કેવળ તમારા વિચાર મુજબની તમારી સર્વોચ્ચ ક્ષમતા પ્રમાણે જીવવું, એટલું જ નથી. પણ અન્યો તમારી સર્વોચ્ચ ક્ષમતા માનતા હોય એ મુજબ જીવવું પણ ખરું. અન્યોની તમારા વિષેની છબિ અને અપેક્ષાઓ સુધી તમારી જાતને તમે લંબાવો ત્યારે જ તમે અસાધારણ ક્ષમતા અને ચમત્કારિક શક્તિઓ અભિવ્યક્ત કરી શકો છો. મારા મમકાર અને અહંકાર મુજબ, મારે કોઈ ચમત્કારિક શક્તિઓ દેખાડવાની જરૂર નથી. હું

વિશુદ્ધ શૂન્ય-અવકાશ છું અને તેનું હું અન્યો સુધી વહન કરું છું; મારે કોઈ ચમત્કારિક શક્તિઓ દેખાડવાની જરૂર નથી. પણ અન્યકારને કારણે, હું ચમત્કારિક શક્તિઓ બતાવું છું. મારા થકી તમને કોઈ વરદાન વ્યક્ત થતું લાગે, મારા દ્વારા ઉપચારનો અનુભવ થાય, મારા વડે કોઈ અસાધારણ શક્તિઓ વ્યક્ત થાય, તો સમજજો કે અન્યોના અન્યકાર સાથેની મારી પ્રમાણભૂતતાને કારણે એ છે. તમે પણ અન્યોના અન્યકાર સાથે પ્રમાણભૂત થવા માટે બંધાયેલા છો. અન્યોના અન્યકાર સાથે તમે પ્રમાણભૂત હો તો જ જીવન બને, સમજ્યા?

સાંભળો- પ્રામાણિકતાની હું વાત કરું ત્યારે સૌ વિચારશે, "ભલે, મારી ક્ષમતા મુજબ હું આટલું જ વચન આપીશ." પણ ના! અન્ય લોકો તમારી ક્ષમતા માને એ મુજબ તમારી જાતને વિસ્તારીને તમે વચન આપો, કહો અને જીવો, એ છે પ્રમાણભૂતતા! કેવળ તમારા મમકાર અને અહંકારને જ નહીં, અન્યોના અન્યકાર સુધી તમારી જાતને ખેંચવી એ છે પ્રમાણભૂતતા. તમારો મમકાર પૂર્ણ કરવા માટે તમે જાતને ખેંચો ત્યારે તમે સતોરી(જ્ઞાન) પામો છો, તમે તમારી જાત સાથે પૂર્ણ થાવ છો. તમારો અહંકાર પૂર્ણ કરવા માટે તમે જાતને ખેંચો ત્યારે તમે જ્ઞાનબોધ પામો છો, અન્યો સમક્ષ તમે જે ઓળખ રજૂ કરી હોય તેની સાથે તમે પૂર્ણ થાવ છો. પણ અન્યોનો અન્યકાર તમે પૂર્ણ કરો ત્યારે જ તમે અવતાર બનો છો! તમે અવતાર બની જાવ છો. સમજી લો કે, તમારે દરેકે અવતાર બનવાનું છે.

સફળતા, વિજય, જીવન અને સાક્ષાત્કાર - આ ચારે સમાનાર્થી છે. અન્યોના અન્યકાર પ્રત્યે તમે પ્રમાણભૂત બનો ત્યારે જ આ બધું તમારામાં

થાય છે. સમજી લો કે, અન્યોના અન્યકાર પ્રત્યે તમે પ્રમાણભૂત બનો ત્યારે જ તમને તે થાય છે! હું વિસ્તૃત થતો રહું છું, વિસ્તૃત થતો રહું છું, વિસ્તરતો રહું છું. લોકો ઇચ્છે કે મારે પ્રત્યક્ષીકરણ(materialization) કરવું જોઈએ, ત્યારે હું કહું છું- "હે ચૈતન્ય, તેમના અન્યકાર પ્રતિ પ્રમાણભૂત બન અને પ્રત્યક્ષીકરણ કર!" અને હું પ્રત્યક્ષીકરણ કરું છું. લોકોને લાગે કે મારે તેમનો ઉપચાર કરવો જોઈએ, ત્યારે હું કહું છું, "ભલે, ચાલો, તેમના અન્યકાર પ્રતિ પ્રમાણભૂત બનો!" અને ઉપચારક શક્તિ અભિવ્યક્ત થાય છે. અન્યોના અન્યકાર પ્રતિ પ્રમાણભૂત બનવાનું નક્કી થાય ત્યારે જ જીવનમાં કંઈક થાય છે. કેવળ તમારા મમકાર અને અહંકારથી નહીં. તમને થશે કે, "હે ભગવાન! નહીં! હું લોકોનો ગુલામ બની જઈશ!" ના. તમે વચન આપો ત્યારે તમે ગુલામ નથી. અને તમે વચન ન આપો તો પણ લોકો તમારી પાસે એ કરાવવાના છે! ત્યારે જ તમે ગુલામ છો. સમજી લો કે, તમે પ્રમાણભૂતતાથી વચન નહીં આપો, તો તે તમારી પાસે એમ કરાવશે.

વિવેકાનંદ બહુ સ્પષ્ટપણે કહે છે, "કાં તો તમે ત્યાગ કરો, નહીંતર માયા તેને તમારી પાસેથી છીનવી લેશે." કાં તો તમે કામ કરો, કાં લોકો તમને કામ કરાવશે! તમે કરશો તો તે સમર્પણ છે, અને તમે માલિક છો. તમારે એ કરવું પડે તો તમે ગુલામ છો. તમે પ્રમાણભૂત હો ત્યારે તમે એક કપટી, સલામતીપૂર્વકની રમત નથી રમતા. હું કપટી, સલામતીપૂર્વકની રમત રમતો હોઉં તો વડના ઝાડ નીચે બંધ આંખે બેસવા જેવું જ થાય!

તમે પ્રમાણભૂત હો, ત્યારે તમે એ શબ્દોનું વચન આપશો કે જે તમારી સર્વોચ્ચ ક્ષમતાની અન્યોની સમજ અનુસાર અને તમારી સર્વોચ્ચ ક્ષમતાની

તમારી પોતાની સમજ અનુસાર તમારી મહત્તમ સર્વોચ્ચ ક્ષમતા દર્શાવે. કોઈની અપેક્ષા હોય કે હું નિરાહારી (ખોરાક વગર જીવતો યોગી) હોઉં તો તરત જ મારી ઉચ્ચ ચેતનાને વિસ્તારીને મારાં શરીર અને મનને હું કહું છું, "આ ગુણ હમણાં જ વ્યક્ત કરો; અન્યોના અન્યકાર પ્રત્યે પ્રમાણભૂત બનો." ત્યારે જ વિજય મળે છે. પ્રમાણભૂતતા ત્યારે જ પ્રાપ્ત થાય છે!

હું જાણું છું કે ઘણા લોકોએ પોતાના હૃદયનાં દ્વાર આ ઉપદેશ માટે બંધ કરી દીધાં છે! તમે કહો છો, "ના, અહંકાર અને મમકારથી જ તમે અટકી જાવ. આ અન્યકાર વધુ પડતો છે! તેને હું અજમાવી શકું એમ નથી." તમને કહું કે અન્યોના અન્યકાર પ્રત્યે તમે પ્રમાણભૂત હો, ત્યારે જ જીવનનો આરંભ થાય છે. તમે દ્વાર બંધ કરી દો, તો પણ હું અટકવાનો નથી! હું તેને ખટખટાવતો રહીશ!

આથી, તમને તમારી જે ક્ષમતા લાગતી હોય તેમજ અન્યોને તમારી જે ક્ષમતા લાગતી હોય એવી મહત્તમ ક્ષમતા માટે પ્રતિબદ્ધ થાઓ. તેને આદર આપવા માટે બધું કરો અને તેને પૂર્ણ કરો. પ્રમાણભૂત પ્રતિબદ્ધતા થકી જ જીવન આગળ વધે છે. સવારનો યોગ કરવા માટે પાંચ વાગે જાગવાની પ્રતિબદ્ધતા તમે નહીં દાખવો, તો એ સમયે તમે શું કરતા હશો? પથારીમાં આળોટતા હશો! આ તમામ વર્ષોમાં તમે તમારું જીવન વેડફી નાખ્યું. તમે આત્મ-ડર અને ઓછા આત્મવિશ્વાસની નકશી બનાવી દીધી.

તમે જાણતા નથી કે તમારા સૌની સાથે કામ કરવાની અને સંબંધિત થવાની ઓળખ થકી હું કેવો આત્મવિશ્વાસ અનુભવું છું. મને લાગતું નથી કે એ મારી ઓળખ છે, પણ તમારા સૌની સાથે જોડાવા માટે તેમજ આ સંધને

ચલાવવા માટે હું ચોક્કસ પ્રકારની ઓળખનો ઉપયોગ કરું છું. હું જોઈ શકું છું કે એ ઓળખ મારા દ્વારા ધન્ય થાય છે! એક સાચ્ચો 'હું' એ ઓળખને આશિષ આપે છે - બહુ સુંદર, તું અદ્‌ભૂત કામ કરી રહ્યો છે, તું દીર્ઘાયુષ પામે, વિશ્વનું કલ્યાણ કરે, 'તથાસ્તુ' – તેમ થાવ. એ ઓળખ પર અઢળક આશીર્વાદ વરસતા હું જોઈ રહ્યો છું!

સર્વોચ્ચ ક્ષમતાની તમારી સમજણ મુજબ અને અન્યોની સમજણ મુજબ, જે તમારી મહત્તમ ક્ષમતા દર્શાવતા હોય એવા શબ્દો સાથે સતત પ્રતિબદ્ધ રહો. તેને આદર આપવા માટે અને તેને પૂર્ણ કરવા માટે કંઈ પણ કરો, બધું જ કરો. તમારી જાતને વિસ્તારો. તમારી અંદરની બધી જ શક્તિ મુક્ત થવા દો!

આજે સવારે ગુરુકુળનાં બાળકોને મેં પૂછ્યું, "તમને સૌને ઈશાવાસ્ય ઉપનિષદ યાદ કરતાં કેટલા દિવસ લાગશે?" તેમણે કહ્યું, "ફક્ત બે દિવસ." તમને ખબર નથી કે મેં કેટલો આનંદ અનુભવ્યો! એ આનંદ અતિશય હતો જ્યારે આ બાળકો આટલાં પ્રમાણભૂત હતાં – કારણ કે મારા અવકાશમાં મને લાગ્યું કે બે દિવસ પૂરતા છે. મને થયું કે એ લોકો બે દિવસ જ કહેવા જોઈએ. બરાબર તે જ રીતે! એક બાળકે બૂમ પાડી, "બે દિવસ." અને સૌએ કહ્યું, "બરાબર!" અને હું તમને કહું કે એ લોકો કરી દેશે! તેઓ છેક અંદરથી પ્રમાણભૂત હોય છે. તેમના જીવનની દરેક ક્ષણ પ્રમાણભૂત હોય છે.

ગઈકાલે અમારે ગુરુકુળના બાળકો સાથે બેઠક હતી. સૌથી પહેલું મેં કહ્યું, "લોકોમાં શ્રદ્ધા મૂકવાનું છોડી ન દો, પણ તેઓ જે કંઈ કારણ આપે તેને ધ્યાનમાં ન લો. બ્રાહ્મણ ઉકેલ સાથે જીવે છે અને ચંડાળ કારણો સાથે જીવે છે."

વાજબી કારણ વત્તા કામ ન થવું એ કાર્ય થયા બરાબર ન કહેવાય! સમજી લો કે, પ્રમાણભૂતતા એટલે વિસ્તારવું, વિસ્તારવું, વિસ્તારવું. વિસ્તારતા રહો, એ જ જીવન છે! ડર વિના, અને તમારી જાતમાંથી શ્રદ્ધા ખોયા વિના વિસ્તારતા રહો. વધારવું, વિસ્તારવું, લંબાવવું એ જ જીવન છે! તમે પ્રમાણભૂતતાથી કશું કહો ત્યારે તમારાં દેહ અને મન તરફ અતિશય ઊર્જા મોકલવામાં આવે છે અને તમારી આળસની નકશી તૂટે છે. તમારામાંના ઘણાને આવી બીમારી છે. કેમ? કેમ કે, એ બીમારીની નકશી પ્રત્યે તમે પ્રમાણભૂત રીતે પ્રતિબદ્ધ છો, "હું વારંવાર બીમાર પડીશ, જેથી મારે સવારના યોગમાં જવું ન પડે!" તમે જે કંઈ પ્રતિબદ્ધતા રાખશો એ તમારી વાસ્તવિકતા બની જશે. કારણ કે તમારા આનંદ-ગંધમાં, તમારા અંતરતમમાં એ જ બિરાજેલી છે. જે ક્ષણે તમે કહેશો, "હું એ કરવાનો છું" કે તમે એ કરશો. તમે એ કરવાની પ્રતિબદ્ધતા દાખવશો ત્યારે બ્રહ્માંડ તત્ક્ષણ તમારાં દેહ અને મનને ઊર્જા મોકલે છે, અને તમે એ કરો છો!

આથી, આજનું કામ આ છે. તમારા સમગ્ર જીવનને તપાસો અને તમે શક્તિહીનતા કે સંઘર્ષ અનુભવતા હો એવી બાબતોને ઓળખી લો. સમજી લો કે, જ્યારે તમારા જીવનમાં તમે શક્તિહીનતા કે સંઘર્ષ અનુભવો ત્યારે જીવનના એ પાસામાં અવશ્ય કોઈક બિનપ્રમાણભૂતતા છે. સૌથી પ્રથમ, તેને ઓળખી લો. એ પછી જ રૂપાંતરણ થઈ શકશે. તે નથી ખોટું કે નથી ખરું. જે ક્ષણે તમે ઓળખી લો અને પ્રમાણભૂતતાને લાવો, તમે જોશો કે રૂપાંતરણ થાય છે.

પ્રમાણભૂતતા લાવો- તમામ અન્યકારને પૂર્ણ કરવા માટે જાતને વિસ્તારવાની તમારી ક્ષમતા. અન્યકાર- અન્યો તમારા માટે જે માને છે, તે અભિશાપ નથી.

તમે વિસ્તૃત થઈ શકો છો એ દર્શાવતી એ સંભાવના છે. તે માનતા હોય કે તમે મહાન છો, તો તેને પૂર્ણ કરવા માટે તમારી જાતને વિસ્તારો.

એમને લાગે કે તમે ખોટા છો, તો તેમને રોકો અને ઊભા રહેવા માટે મજબૂત બનો.

તમારી સર્વોચ્ચ ક્ષમતાને શોધી કાઢો! :

મમકાર, અહંકાર અને અન્યકારનાં તત્ત્વો વિષે તેમજ અન્યોના અન્યકાર માટે પણ જવાબદારી લેવાનું હું સમજાવી રહ્યો છું. સમજી લો, જો એ વિશ્વનું સામાન્ય સ્તર હોય, મનની શક્તિઓના ઉપયોગનું આધિભૌતિક સ્તર હોય, કે ચેતન શક્તિઓના ઉપયોગનું આધ્યાત્મિક સ્તર હોય - ત્રણેય સ્તરે તમે અન્યકાર માટે જવાબદારી લો ત્યારે જ તમે વ્યક્ત થઈ શકો અને પ્રકાશિત થઈ શકો.

એક સુંદર વાર્તા છે. તે એક બુદ્ધકથા છે, જેનો એક ગહન અર્થ છે. આ વાર્તા દ્વારા એક શક્તિશાળી આધિભૌતિક વિજ્ઞાન વ્યક્ત થયું છે. એક વ્યક્તિ બુદ્ધ પાસે જઈને પૂછે છે, “તમે નિબ્બાન વિષે ઘણી વાત કરો છો! નિબ્બાન એટલે પ્રબુદ્ધતાની ચરમ અવસ્થા- નિર્વાણ. સંસ્કૃતમાં આપણે તેને ‘નિર્વાણ’ કહીએ છીએ, બૌદ્ધવાદમાં તેને ‘નિબ્બાન’ કહે છે. આ શબ્દ શૈવ સિદ્ધાન્તમાંથી લેવામાં આવ્યો છે. આપણી પાસે નોંધ છે કે આ શબ્દ પહેલવહેલો આઠેક

હજાર વર્ષ અગાઉ મહાન શૈવ સિદ્ધાન્તિ સંત તિરુમૂલર દ્વારા વાપરવામાં આવ્યો હતો. તેમણે શબ્દ વાપર્યો હતો- નિર્વાણ દીક્ષા.

આપ નિબ્બાન, નિર્વાણ વિષે આટલું બધું કહો છો. આપ એ અવસ્થા ક્યારે પ્રાપ્ત કરવાના? આપ એ અવસ્થામાં છો જ, કે દેહ છોડ્યા પછી આપ એ અવસ્થા પ્રાપ્ત કરવાના?" જીવનમુક્તિ એટલે જ્ઞાનબોધને જીવવો, વિદેહમુક્તિ એટલે તમારો દેહ છોડ્યા પછી જ્ઞાન પ્રકાશિત થવું. આ માણસ વિદેહમુક્તિ વિષે પૂછી રહ્યો હતો. બુદ્ધ હસીને બોલ્યા, "હું સ્વાભાવિક રીતે જ એમ કહી શકું એમ નથી કે હું એ અવસ્થામાં છું, કેમ કે હું શરીરમાં છું." અને તેમનું એ પછીનું કથન આઘાતજનક હતું. તેમણે કહ્યું, "દેહ છોડું તો પણ હું નિર્વાણ પ્રાપ્ત કરવાનો નથી. પૃથ્વી પરનો આખરી માણસ તેને પ્રાપ્ત કરે ત્યાર પછી જ હું તે પ્રાપ્ત કરીશ. હું પ્રતીક્ષા કરીશ!"

આથી જ હું તમને કહું છું કે બુદ્ધ હજી પ્રતીક્ષા કરી રહ્યા છે. "પૃથ્વી પરનો આખરી માણસ જ્ઞાનબોધ પ્રાપ્ત ન કરી લે ત્યાં સુધી હું નિર્વાણ મેળવવાનો નથી; હું પ્રતીક્ષા કરીશ." પોતાના શિષ્યો પ્રત્યે પ્રતિબદ્ધ ગુરુઓ શિષ્યો માટે સતત સુલભ હોય છે. આ અતિશય ધીરજ છે! બુદ્ધ એ રીતે કામ કરે છે, જાણે કે તમે આજે ને આજે જ્ઞાનબોધ પ્રાપ્ત કરી લેવાના હો, પણ છેલ્લામાં છેલ્લો માણસ તે પ્રાપ્ત ન કરી લે ત્યાં સુધી તે પ્રતીક્ષા કરવા તૈયાર છે.

તમે પ્રમાણભૂત હો ત્યારે જ ઉત્કટતાની શક્તિ અને ધૈર્યની શક્તિ - બંને તેની ચરમસીમાએ વ્યક્ત થાય છે. કૃપા કરીને સમજો કે, શિષ્યને જ્યારે લાગે, "મારા જ્ઞાનબોધ માટે મારા ગુરુ જવાબદાર છે," ત્યારે ગુરુ તમારો અન્યકાર

પૂર્ણ કરે છે. આથી જ હું કહું છું, “હું તમને વચન આપું છું. તમે પ્રબુદ્ધ ન બનો ત્યાં સુધી આ દેહ દ્વારા કાર્યરત ઉર્જા તેનું કામ કરશે, અને તમને જ્ઞાનબોધ સુધી પહોંચવામાં મદદરૂપ થશે!” કારણ કે, એ બાબતે હું પ્રમાણભૂત છું.

થોડા દિવસ અગાઉ એક બ્રહ્મચારી મને પૂછતા હતા, “સ્વામીજી, એનો એ જ સંદેશો પુનરાવર્તિત કર્યા કરવા જેટલી ધીરજ તમારામાં શી રીતે છે? અમે એની એ ભૂલો કરતા રહીએ છીએ, અને તમે એના એ શબ્દો પુનરાવર્તિત કરતા રહો છો! તમારામાં ધીરજ શી રીતે છે?” મેં તેમને કહ્યું, “તમે એક જન્મની વાત કરો છો. હું તો તમને સૌને આ વાત છેલ્લા કેટલાય જન્મોથી પુનરાવર્તિત કરી રહ્યો છું. અને મને ખાતરી છે કે હજી થોડા વધુ જન્મો સુધી હું એ કહેતો રહીશ. અને હું એ કહેવાનો છું!”

શ્રી રામકૃષ્ણની એક સરસ વાર્તા છે. તે કહે છે કે સ્વાતિ નક્ષત્ર જ્યારે તેની ચરમસીમાએ હોય ત્યારે જ વરસાદ પડે, એ વખતે છીપ આવે અને દરિયાની સપાટી પર આવીને પોતાનું મોં ખોલે, અને સ્વાતિ નક્ષત્ર છીપમાં ઊતરે, છીપ દરિયાની અંદર જાય ત્યારે જ મોતી બને! જુઓ, એક મોતી બને એ માટે કેટલી બધી વસ્તુઓએ એક સાથે થવું પડે છે!

એ જ રીતે, તમારામાં જ્ઞાનબોધ થાય એ માટે તમારે સાંભળવું પડે, આત્મલક્ષી બનવું પડે, દ્રઢ વિશ્વાસ રાખવો પડે અને વચ્ચે વિચલિત ન થવું જોઈએ. એવી ઘણી બધી બાબતો છે, જેનો સુમેળ થાય એ જરૂરી છે! વરસાદ જાણે છે કે પોતાના દ્વારા વરસાવાતું બધું પાણી કંઈ મોતી ન બની શકે. અને એ માટે સ્વાતિ નક્ષત્રનો ઉદય થાય, એ પછી છીપ બહાર આવે અને તેનું મોં ખોલે તેની તેણે રાહ જોવી પડે. તે જાણે છે છતાં વરસવાનું ચાલુ રાખે છે. એ

જ રીતે, હું જાણું છું કે ઘણી બધી બાબતોનો સુમેળ થવો જોઈએ, પણ મારું કામ કરવાનું હું ચાલુ રાખું છું! હું વરસવાનું ચાલુ રાખું છું; હું વિસ્તરતો રહું છું, વિસ્તરતો રહું છું અને વિસ્તરતો રહું છું! સર્વોચ્ચ ક્ષમતા સર્વોચ્ચ પ્રમાણભૂતતાની સાથે વ્યક્ત થાય છે. હું તમારામાં શ્રદ્ધા મૂકવાનું છોડી નહીં દઉં!

હું તમને કહું, તમારામાં અસાધારણ ધીરજ - પ્રમાણભૂતતા ન હોય તો એ તમારામાં વાસ્તવિકતા ન બની શકે. તમારામાં તીવ્રપણે પ્રેમ અને ધૈર્ય હોવાં જરૂરી છે. તમને કહું કે, કોઈ પણ ક્ષેત્રમાં જીવન ત્યારે જ પામી શકાય, પૂર્ણતા ત્યારે જ મેળવી શકાય, જ્યારે લોકો માટેનો વિલક્ષણ પ્રેમ અને તેમનામાં શ્રદ્ધા મૂકવાનું છોડી ન દેવાનો નિર્ણય હોય.

ગઈકાલે કેટલાક શિષ્યો સાથે હું વાત કરી રહ્યો હતો. એક સ્ત્રીને હું પૂછી રહ્યો હતો કે તેનો દીકરો શાથી આપણા કાર્યક્રમોમાં આવતો નથી. તે કોઈ કારણો આપી રહી હતી. જે રીતે તે કારણો આપી રહી હતી, એ પરથી હું જોઈ શકતો હતો કે તેણે દીકરામાં શ્રદ્ધા છોડી દીધી છે! મેં તેને કહ્યું, “નહીં. તું લોકોમાં શ્રદ્ધા મૂકવાનું છોડી ન શકે. પહેલી બાબત છે પ્રમાણભૂત બનવું. તું જે રીતે જીવે છે એમાં તને ખરેખરો, પ્રામાણિકતાપૂર્વક વિશ્વાસ છે? તને લાગે કે આ જીવન માનવ માટે હોઈ શકે એવું શ્રેષ્ઠ જીવન છે, તો માનવ પર શ્રદ્ધા મૂકવાનું તું છોડી શકે નહીં. માનવ પર શ્રદ્ધા મૂકવાનું તું છોડી દે તો તું દંભી છે!” ના. મારા પર શ્રદ્ધા મૂકવાનું તું છોડે કે ન છોડે, મને પરવા નથી. હું તારા પર શ્રદ્ધા મૂકવાનું છોડીશ નહીં!

તમામ અન્યકારને પૂર્ણ કરવા માટે જાતને વિસ્તારવાની તમારી ક્ષમતા, એવી પ્રમાણભૂતતાને લાવો. અન્યકાર- અન્યો તમારા માટે જે માને છે, તે અભિશાપ નથી! તમે વિસ્તૃત થઈ શકતા હોવાની એ સંભાવના છે. જો તેઓ માનતા હોય કે તમે મહાન છો, તો તેને પૂર્ણ કરવા માટે તમારી જાતને વિસ્તારો. એમને લાગે કે તમે ખોટા છો, તો તેને રોકવા અને ઊભા રહેવા માટે મજબૂત બનો. હું મારું કામ કરી રહ્યો છું. એ જ રીતે હવે તમારો વારો છે, તમારું કામ કરવાનો. અન્યોના અન્યકાર સુધી તમારી જાતને ઉપર લઈ જાવ. ખાસ કરીને તમારા વિષેના મારા અન્યકાર સુધી તમારી જાતને ઉપર લઈ જાવ. મારા મનમાં તમારા માટે એક ચોક્કસ છબિ છે. મારા વિષેની તમારા મનમાં જે છબિ છે, ત્યાં સુધી હું મારી જાતને પહોંચાડતો હોઉં, તો હવે તમારા વિષેની મારા મનની છબિ સુધી તમારી જાતને ઉપર ઉઠાવવાનો વારો તમારો છે. ગુરુ-શિષ્યનો સંબંધ ત્યારે જ શરૂ થશે.

શિવજીએ ઉમાદેવીની અપેક્ષાઓ પૂરી કરવા સુધી ઉપર ઊઠવું પડે છે અને ઉમાએ શિવની અપેક્ષા પૂરી કરવા સુધી. ત્યારે જ મીનાક્ષીનું લગ્ન થાય છે. મીનાક્ષીનું લગ્ન વ્યક્તિગત આત્માના વૈશ્વિક આત્મામાં વિલીનીકરણનું, વ્યક્તિના પ્રબુદ્ધ બન્યાનું પ્રતીકાત્મક દ્રશ્ય છે. વ્યક્તિગત આત્મા, વૈશ્વિક આત્મા સાથેના સંઘર્ષથી જ હંમેશાં સફર શરૂ કરે છે. સમજ્યા? સફર સંઘર્ષથી આરંભાય છે. વ્યક્તિગત આત્મા કહે છે, “આવી જા, હું જે ઇચ્છું એ ન થવા દેવું એટલે શું?”

પચાસ પૈસાની તમે બે કુલ્ફી ખરીદવા ઇચ્છતા હો, અને દુકાનદાર તમને કહે કે એટલા પૈસામાં એ તમને એક જ કુલ્ફી આપશે, તો એ સંઘર્ષ

બીજું કંઈ નહીં, પણ વૈશ્વિક આત્મા સાથેનો તમારો સંઘર્ષ છે! વ્યક્તિગત આત્માનો વિદ્રોહ દર્શાવવાની એ અભિવ્યક્તિ છે. એમ ન માનતા કે તમે જ્ઞાનબોધનું વિજ્ઞાન જાણવા લાગો ત્યાર પછી જ તમારો વ્યક્તિગત આત્મા વિદ્રોહ કરે. ના! ત્રણ વરસની ઉંમરથી જ, કુલ્ફીવાળા પાસેથી એટલી જ રકમમાં વધુ કુલ્ફી મેળવવાથી તમારા સંઘર્ષનો આરંભ થઈ જાય છે. સફર, અંતિમ સફરનો આરંભ હંમેશાં સંઘર્ષથી જ થાય છે. મીનાક્ષી અને સુંદરેશ્વરનું જોડાણ પણ આ જ કારણે સંઘર્ષથી થાય છે. લડવા માટે તે છેક કૈલાસ જાય છે! અને શિવ બિચારા ધ્યાનમાં બેઠા હોય છે!

તમારી મોટા ભાગની સાધના (આધ્યાત્મિક અભ્યાસ) સંઘર્ષ છે! જેટલી વાર અન્યોની તમારા વિષેની છબિની જવાબદારી પૂર્ણ કરવા માટે તમારી જાતને વિસ્તારો એટલે તમારામાં વૈશ્વિક જોડાણ થાય છે. મીનાક્ષી કલ્યાણ (પરિણય, મિલન) તમારામાં થાય છે. એક વ્યક્તિગત આત્માએ અહંકાર, મમકાર અને અન્યકાર સામે શી રીતે પ્રમાણભૂતતા વ્યક્ત કરી, તેની વિશિષ્ટ કથા છે મીનાક્ષી કલ્યાણ. કેવળ પ્રમાણભૂતતાથી તે એક સફળ રાણી તેમજ દેવી, એક અવતાર છે.

આપણાં તમામ મંદિરોમાં હું કેવળ અવતારો જ રાખું છું. વેંકટેશ્વર અવતાર છે, અરુણગિરિ યોગીશ્વર અવતાર છે, મીનાક્ષી અવતાર છે. કારણ કે, તેમનાં જીવન અર્થસભર છે! તે કાલ્પનિક નથી, તે સંપૂર્ણ ગણિત છે! તમે રહસ્યનું ગણિત ન સમજો ત્યારે તમે પુરાણકથાલક્ષી બની જાવ છો. તમે રહસ્ય સમજી લો ત્યારે તમે સમજશો કે આ સરળ ગણિત છે, કાલ્પનિક નથી. તમે રહસ્ય ન જાણતા હો તો ગણિત બની જાય છે કાલ્પનિક. મમકાર, અહંકાર

અને અન્યકાર સાથેની પ્રમાણભૂતતાનું સંપૂર્ણ ઉદાહરણ છે મીનાક્ષી. જેટલી વાર તમે મારા અન્યકાર (તમારા વિષેની મારી છબિ) સુધી તમારી જાતને ઉપર ઉઠાવશો તેટલી વાર તમે વિશ્વ સાથે એકરૂપતા અનુભવશો! તમે વ્યક્તિગત આત્મા નહીં બની રહો અને વૈશ્વિક આત્મા બની જશો!

મીનાક્ષીની કથા તમને હું ટૂંકમાં સમજાવીશ. મીનાક્ષી એક પાંડ્યા રાજકુમારી હતી, જે પોતે આઠમી સદીમાં અવતાર લીધેલી દિવ્ય માતાનો અવતાર હતી. તે દિગ્વિજય (બધી દિશાઓમાં વિજય મેળવવા) માટે નીકળે છે. તે દરેક જણ પર વિજય મેળવે છે અને પછી કૈલાસ (ભગવાન શિવનું નિવાસસ્થાન) જાય છે. ત્યાં તે સુબ્રમણ્ય અને ગણેશ (શિવના પુત્રો) પર જીત મેળવે છે. આખરે કેવળ નંદી (શિવજીના સહાયક અધિકારી) જ બાકી રહી જાય છે. તે નંદી સાથે પણ લડે છે અને જીતે છે. આખરે તે શિવ સમક્ષ, સ્વયં મહાદેવ સમક્ષ ઊભી રહે છે.

તમારો વ્યક્તિગત આત્મા આગળ વધીને વૈશ્વિક આત્મા સામે ઊભો રહે તો ક્રોધ અદ્રશ્ય થઈ જાય છે, સાધના અદ્રશ્ય થઈ જાય છે. કૃપા કરીને સમજો કે ઊર્જા ક્રોધ તરીકે વ્યક્ત થાય ત્યારે ક્રોધને એ ઊર્જામાંથી દૂર કરવામાં આવે તો તે સંપૂર્ણપણે પ્રેમમાં પલટાઈ જાય છે. તેથી તે પ્રેમમાં પડી ગઈ, કારણ કે, ક્રોધ- ઊર્જાનું તીખું તત્ત્વ હટાવી લેવામાં આવ્યું હતું. કથામાં બહુ મધુરતાથી એમ કહેવાયું છે કે જીવનમાં સૌ પ્રથમવાર મીનાક્ષીને સમજાયું કે શરમ શું છે.

સમજો, તેને કેવળ રાણી નહીં, રાજા બનવા માટે જ ઉછેરવામાં આવી હતી. આથી તેનામાં આટલી શક્તિ અને જુસ્સો હતાં. તે એક શક્તિશાળી રાજા જેવી હતી, ખરા અર્થમાં શક્તિશાળી. આથી વાર્તામાં એમ જણાવ્યું છે કે તેણે

શરમ અનુભવી એ જ ક્ષણે તેના શરીરમાં જે પૌરુષેય તત્ત્વો હતાં તે અદ્રશ્ય થઈ ગયાં. તે સ્ત્રૈણ ચેતનાની ગહનતામાં સરી પડી. હું કહી શકું કે તેને જ્ઞાનબોધ થઈ ગયો. શારીરિક અને મનોવૈજ્ઞાનિક પરિવર્તનો થયાં, તેની અંદર પૌરુષ અને સ્ત્રૈણ ઊર્જાનું સંયોજન થયું.

ત્યારે મહાદેવે કહ્યું, "ભલે, તારે શું જોઈએ છે? તું લડવા માગે છે?" તેણે કહ્યું, "ના, હું તમારી સાથે લગ્ન કરવા ઇચ્છું છું." ત્યારે શિવે કહ્યું, "ભલે, તારું સ્વરૂપ માનવદેહનું છે. તારી સાથે લગ્ન કરવા માટે મારે પણ માનવદેહ ધારણ કરવો પડશે. તું મદુરાઈ (મીનાક્ષીનું શહેર) પાછી જા. ત્યાં હું સુંદરેશ્વર તરીકે આવીશ અને તને પરણીશ." ત્યાર પછી તે સુંદરેશ્વર (શિવના અવતાર) તરીકે આવ્યા અને તેની સાથે લગ્ન કર્યું.

આખી વાર્તા પ્રમાણભૂતતાની વાર્તા છે. જેટલી વાર તમે તમારી જાતને અન્યોના અન્યકાર સુધી ઉપર લાવો છો, એટલી વાર તમે અન્યોના અન્યકારને પૂર્ણ કરવા માટે તમારી જાતને વિસ્તારો છો, તમે પૂર્ણતા પ્રાપ્ત કરો છો. તમે સંતુષ્ટિ પ્રાપ્ત કરો છો. તમારી જાતને તમે અન્યોના અન્યકાર સુધી ઉપર લાવો ત્યારે જ તમારી વ્યક્તિગત ઓળખમાંથી તમને મુક્તિ મળે છે. તમારી જાતને તમે અન્યોના અન્યકાર સુધી ઉપર વિસ્તારો ત્યારે જ અહંકાર અને મમકારમાંથી મુક્તિ થાય છે!

હું તમને આગળના સ્તરનું કામ આપું. કૃપયા આજનું કામ સમજી લો. તે ગઈકાલના કામનો જ વિસ્તાર છે. આજનું કામ આ છે: તમારી ભીતરમાં ગહેરાઈથી જુઓ અને તમારા જીવનનાં તમામ સંઘર્ષરત પાસાંઓમાં રહેલી બિનપ્રમાણભૂતતાને ઓળખી કાઢો. એવાં કયાં વચન તમે આપ્યાં છે અને

પાળ્યાં નથી? તમારી સર્વોચ્ચ ક્ષમતા મુજબનાં ન હોય એવાં કોઈ વચન હોય તો તેને પણ ઓળખી લો. માત્ર તમારા મત મુજબની તમારી સર્વોચ્ચ ક્ષમતા જ નહીં, અન્યો પણ જેને તમારી સર્વોચ્ચ ક્ષમતા માનતા હોય એવાં વચનો. જેમ કે, તમને લાગતું હોય કે પરીક્ષામાં તમારી ક્ષમતા ૮૦ ટકા લાવવાની છે, પણ તમારી માતા માને છે કે તમારી ક્ષમતા સો ટકા લાવવાની છે. તમે વિસ્તૃત થશો ત્યારે જ તમે તમારી સાથે લઈને ફરી રહ્યા છો એ ઓળખમાંથી તમને મુક્તિ મળશે. કેવળ મમકારથી જ તે છુપાઈ રહે છે, પણ મમકારથી મુક્તિ ત્યારે જ થાય છે, જ્યારે તમે અન્યોના અન્યકારને પૂર્ણ કરો.

તેથી એવાં વચનોને ઓળખી લો, કે જે તમે આપ્યાં હોય, પણ પૂર્ણ ન કર્યાં હોય. તમે આપેલાં એવાં વચનોને પણ ઓળખી કાઢો કે જે તમારી સર્વોચ્ચ ક્ષમતા મુજબનાં ન હોય. તમે જેને તમારી સર્વોચ્ચ ક્ષમતા માનો છો, માત્ર એ જ નહીં, પણ અન્યો જેને તમારી સર્વોચ્ચ ક્ષમતા માને છે એ પણ. આ કામ નોંધી લો.

જીવન માટેનો તમારામાં થનારો અતિ, અતિ, અતિ મહત્ત્વનો ગુણ છે અને તમારે કરવા જેવી પહેલી બાબત એ છે કે તમે તમારી જાતને જે રીતે જુઓ છો, અને અન્યો સમક્ષ તમે પોતાને જે રીતે રજૂ કરો છો, એ બન્ને વચ્ચે સંવાદિતા સાધવી. સુમેળ લાવવો. અન્યો સમક્ષ તમે તમને જે રીતે રજૂ કરો છો તેમાં ઘટાડો ન કરો. તમે તમારા માટે તમને પોતાને જે સમજો છો તેનો વધારો કરો. તમે જે માનો છો તે નહીં, પણ તમે જેવા રજૂ થાઓ છો, તેને આધારચિહ્ન રાખો. કારણ કે તમે જે માનો છો એ, હંમેશાં તમે જેવા રજૂ થાઓ છો તેના કરતાં નીચું હોય છે. બન્નેને સરખાવો. બન્નેમાંથી જે શ્રેષ્ઠ હોય તેને

લો. તમે તમારી જાતને જે રીતે માનો છો એમાં થોડા સારા ગુણો હોય તો તમે જેવા રજૂ થાઓ છો તેમાં વધારો કરો. તમે જેવા રજૂ થાઓ છો, એમાં કશી મોટી બાબત હોય તો તમારી જાણવાની શક્તિ ત્યાં સુધી વધારો. સમજ્યા?

તમારા વિચારમાં, તમારા વિચારના દરેક સ્તરે સતત પ્રમાણભૂતતા લાવવાનો પ્રયત્ન કરો. નિરાશા અને શક્તિહીનતાને પ્રવેશવા ન દો. નિરાશા કે શક્તિહીનતા અનુભવવી એ બિનપ્રમાણભૂતતા છે.

પ્રમાણભૂત બનો, પ્રમાણભૂતતા જ જ્ઞાનબોધ છે.

પ્રમાણભૂતતા ધરાવતી વ્યક્તિ જ જ્ઞાનબોધની પ્રાપ્તિ કરે છે. પ્રમાણભૂતતા આરંભથી અંત સુધી સ્વપૂર્ણ પ્રક્રિયા છે.

પ્રમાણભૂતતાને પ્રમાણભૂત રીતે પ્રમાણભૂત કરવાને હું વિસ્તારું છું. “પ્રમાણભૂતતાને પ્રમાણભૂત રીતે પ્રમાણભૂત કરવી!” આપણે પ્રામાણિક છીએ કે નહીં એ જાણવાનો આ માપદંડ છે. પ્રમાણભૂતતાને પ્રમાણભૂત રીતે પ્રમાણભૂત કરવી!

તમે અગ્રણી બનો ત્યારે તમારે સતત નેતૃત્વની સભાનતાને જાળવતા રહેવાની જરૂર પડે. નેતૃત્વની સભાનતાને શી રીતે જાળવવી? આ કારણે જ સિદ્ધાંત છે - ‘પ્રમાણભૂતતાને પ્રમાણભૂત રીતે પ્રમાણભૂત કરવાનો. તેનો અર્થ એ કે શક્તિહીનતાની મનોવૃત્તિમાંથી તમને વારંવાર બહાર કાઢવા! સાંભળો! તમે શક્તિહીન હો, અત્યંત ક્ષુબ્ધ અને અસુવિધા અનુભવતા હો ત્યારે તમારી જાતને સંપૂર્ણપણે પ્રમાણભૂતતા વડે સ્વચ્છ કરી નાખો. પોતાની જાતને વારંવાર પ્રમાણભૂતતા વડે સ્વચ્છ કરી શકે એ જ નેતૃત્વની સભાનતાને

જાળવી રાખી શકે. તમારી પ્રમાણભૂતતાને તમે પ્રમાણભૂત રીતે સતત જાળવી શકો ત્યારે જ તમે અગ્રણીની ચેતનામાં, અગ્રણીના અવકાશમાં રહેવાનું ચાલુ રાખી શકો. તમે અગ્રણીના અવકાશમાં હો ત્યારે કુદરત પણ તમારા દ્વારા દોરાવાનું પસંદ કરે છે. જ્યારે તમે પ્રામાણિકતામાં અને પ્રમાણભૂતતામાં હો ત્યારે પ્રકૃતિ સુદ્ધાં તમને સાંભળે છે! કુદરત તમારું સાંભળે છે.

તમારા વિચારમાં, તમારા વિચારના દરેક સ્તરે સતત પ્રમાણભૂતતા લાવવાનો પ્રયત્ન કરો. નિરાશા અને શક્તિહીનતાને પ્રવેશવા ન દો. તમે 'શક્તિહીન' હોવાનું અનુભવતા હો અને નિરાશામાં હો તો સ્પષ્ટ બની જાવ કે ક્યાંક કશી બિનપ્રમાણભૂતતા છે. તમને ભય હોય, કોઈ પણ ભય હોય તો એ બિનપ્રમાણભૂતતા છે. તમને એવો ભય હોય કે તમે મારી ખોટ અનુભવશો કે હું તમને છોડી દઈશ કે તમે મને છોડી દેશો કે બીજો કોઈ પણ ભય હોય તો એ બિનપ્રમાણભૂતતા છે. પ્રમાણભૂતતા જ જ્ઞાનબોધ છે. પ્રમાણભૂતતા ધરાવતી વ્યક્તિ જ જ્ઞાનબોધની પ્રાપ્તિ કરે છે. પ્રમાણભૂતતા આરંભથી અંત સુધી સ્વપૂર્ણ પ્રક્રિયા છે.

સાંભળો. ભીતર જુઓ. અંદર જુઓ. માનવજાતની સૌથી મોટી સમસ્યાઓમાંની એક એ છે કે તમે એક કે બે તરાહોથી પીડાતા નથી, પણ તમે તરાહોના સમૂહથી પીડાવ છો! આથી તમે એક તરાહનો ઉકેલ શોધવા મથતા હો ત્યારે અન્ય તરાહો આવીને એ ઉકેલ થકી પ્રયત્ન કરે છે અને પોતાને પૂર્ણ કરે છે.

જેમ કે, તમારા દેશ પર ચોફેરથી આક્રમણ થયું છે. દરેક દેશ એ રીતે વર્તે છે કે જાણે તેઓ તમને સહાય કરી રહ્યા છે. પણ અન્ય હેતુ માટે તમારો

ઉપયોગ કરવાનો તેમનો આગવો કાર્યક્રમ હોય છે. એ જ રીતે, તમે પણ તમારી સાથે, તમારા અસ્તિત્વમાં લડી રહ્યા છો. તમારી દસ તરાહો છે. તમે એક તરાહ સાથે લડશો, તો બાકીની બધી આવી જશે અને તમને કહેશે, "હા, હા! આ તરાહને મારી નાખવી જોઈએ!" તેઓ એ રીતે કાર્ય કરે છે, જાણે કે પેલી તરાહ પર હુમલો કરવામાં એ તમને મદદ કરી રહી હોય. આમ, તમને સહાય કરતી તરાહો તમારા પર હાવી થઈ જાય છે! તેમને તમારે બહુ સ્પષ્ટપણે કહેવું જોઈએ કે, "તમે એકે એક મારાથી દૂર જ રહેજો. આખરે તમે સૌ મારા શત્રુ છો." જો તમે એક શત્રુને પણ આવવા દેશો, જો બીજા શત્રુને મારવા માટે તમે એક શત્રુની મદદ લેશો તો રાજકીય રીતે એ બરાબર હશે, પણ આધ્યાત્મિક જીવનમાં એ બરાબર નથી અને એ કામ નહીં આપે!

પ્રમાણભૂતતાને પ્રમાણભૂત રીતે પ્રમાણભૂત કરો! એનો અર્થ એ કે મન કહે કે "એ બરાબર છે!" ત્યારે તમે વારંવાર મનને 'ના' કહો છો. શક્તિહીનતા તમને સતત ગળી ન જાય કે તમને ભરી ન દે એ માટે આમ છે. તમારી જાતને તમે સતત પ્રમાણભૂતતાથી ભરતા રહો તો પ્રમાણભૂતતા પોતે જ શક્તિ બની જાય છે. તમારે એ બાબતે નિશ્ચિત થવું પડે કે પ્રમાણભૂતતા તમને શક્તિ આપે છે. એ તમને શક્તિ આપે છે. તમને તે સમર્થ બનાવે છે. શક્તિહીનતાના અવકાશમાંથી તમને તે સતત બહાર કાઢે છે.

આનો સારાંશ છે આ સત્ય. તમારી જાતને સતત પ્રમાણભૂત બનાવો. તમારી પ્રમાણભૂતતાનું સ્તર ઊંચું લાવો. તમારી જાતને પ્રમાણભૂતતા તરફ સતત પાછી લાવવાથી તમારી પ્રમાણભૂતતાનું સ્તર ઊંચું આવે છે!

પ્રબુદ્ધતાની તમને સૌને પ્રાપ્તિ થાઓ, અનુભૂતિ થાઓ, તેને જીવો, વ્યક્ત કરો, પ્રકાશિત થાઓ, તેને વહેંચો, તમારામાં તેનો સ્ફોટ થાઓ અને સમૃદ્ધ થાઓ એવી હું આશિષ આપું છું.

નિત્યાનંદમ્!



જવાબદારીના અવકાશમાં જ તમારામાં જીવન ખીલે છે. જ્યારે તમે જવાબદારી લો ત્યારે જ જવાબદારી સાથે તમારામાં જીવનનો આરંભ થાય છે.

4. જવાબદારી

ત્રીજો સિદ્ધાંત છે જવાબદારી, જવાબદારી એટલે એ સત્ય થકી જીવન જીવવું અને તેને પ્રતિભાવ આપવો કે તમે એનો સ્રોત છો અને તેથી તમારી અંદર અને આસપાસ બનતી તમામ બાબતો માટે તમે જવાબદાર છો.

જવાબદારી એટલે જીવનને એવી સમજણથી જીવવું અને પ્રતિસાદ આપવો કે તમારી અંદર તેમજ તમારી આસપાસ બનતી તમામ બાબતોનો સ્રોત તમે છો, અને તેથી એ માટે તમે જવાબદાર છો. અહીં એક શબ્દ હું બદલીશ. સમજણને બદલે હું 'સત્ય' કહીશ.

જવાબદારી એટલે જીવનને એવા સત્યથી જીવવું અને પ્રતિસાદ આપવો કે તમારી અંદર તેમજ તમારી આસપાસ બનતી તમામ બાબતોનો સ્રોત તમે છો, અને તેથી એ માટે તમે જવાબદાર છો.

જવાબદારી એટલે જે પણ બની રહ્યું હોય તેના માટે જવાબદારપણું અનુભવવું! તમે સમજો કે, બની રહેલી તમામ બાબતો માટે હું જ્યારે પણ જવાબદારપણું અનુભવું ત્યારે તમામ સમસ્યાઓ દૂર થઈ જાય છે. તે અદ્રશ્ય થઈ જાય છે. દર વખતે મારી સમક્ષ કોઈ સમસ્યા લાવવામાં આવે અને હું તેની જવાબદારી લઉં ત્યારે હું સામર્થ્ય અનુભવું છું. "મારી ભીતર અને મારી આસપાસ જે કંઈ બની રહ્યું છે એ માટે હું જવાબદાર છું." વિજય અને સફળતા માટેની આ અત્યંત શક્તિશાળી વ્યૂહરચના છે. આ એક વ્યૂહરચના છે.

જવાબદારી તમને સમર્થ બનાવે છે, ભલેને તમારો દુશ્મન ગમે તેવો અટપટો કેમ ન હોય. પોતાના જ પુત્ર પ્રહ્લાદ દ્વારા પરાજિત થયેલા દૈત્ય હિરણ્યકશિપુની કથા તમે સૌ જાણો છો. બ્રહ્માજી પાસે તે વરદાન માગે છે કે તેને કોઈ મનુષ્ય કે પ્રાણી મારી ન શકે, ઘરની બહાર કે અંદર તે મરી ન શકે. કેવું અટપટું વરદાન! પણ ભગવાન વિષ્ણુએ ભગવાન નરસિંહ તરીકે જવાબદારી લીધી અને બાજી જીતી ગયા.

જવાબદારી એટલે તમારી અંદર તેમજ તમારી આસપાસ બનતી તમામ બાબતોનો સ્રોત તમે છો એ જાણવું અને તેની જવાબદારી લેવી.

જવાબદારીના અવકાશમાં જ તમારામાં જીવન ખીલે છે. જ્યારે તમે જવાબદારી લો ત્યારે જ જવાબદારી સાથે તમારામાં જીવનનો આરંભ થાય છે.

જવાબદારીની શક્તિ:

વધુ એક વાર તમને હું જવાબદારીની વ્યાખ્યા આપીશ. સાંભળો! જવાબદારી એટલે જીવનને એ સત્યથી જીવવું અને પ્રતિસાદ આપવો કે તમારી અંદર તેમજ તમારી આસપાસ બનતી તમામ બાબતોનો સ્રોત તમે છો, અને તેથી એ માટે તમે જવાબદાર છો. જવાબદારીના અવકાશમાં જ જીવન ખીલે છે. આ મકાનો અને સ્તંભો સુદ્ધાં જવાબદારી લે છે. કોઈ પણ પુલ સ્થિર રહે છે, કારણ કે સ્તંભો જવાબદારી લે છે.

જવાબદારી એટલે તમારી અંદર તેમજ તમારી આસપાસ બનતી તમામ બાબતોનો સ્રોત તમે છો એ જાણવું અને તેની જવાબદારી લેવી. ફક્ત

જવાબદારીના અવકાશમાં જ તમારામાં જીવન ખીલે છે. ફક્ત ત્યારે જ તમારામાં જીવન ખીલે છે. તમે જવાબદારી લો ત્યારે જ તમારામાં જીવન ખીલે છે. જ્યારે તમે જવાબદારી લો છો ત્યારે જ જવાબદારી સાથે તમારામાં જીવનનો આરંભ થાય છે.

હું તમને કહું કે કોઈ પણ રોગ માટે જવાબદારી લેવી એ સર્વરોગ નિવારિણી છે. વિશ્વ સમક્ષ હું આ ઘોષિત કરું છું. કોઈ પણ રોગ માટે - માઈગ્રેનથી કૅન્સર, માથાના દુ:ખાવાથી અસાવધાની, મગજના તાવથી મગજની ગાંઠ સુધીના કોઈ પણ રોગ માટે જવાબદારી લેવી એ આશ્ચર્યકારક ઇલાજ હોઈ શકે છે. સાંભળો, તે આશ્ચર્યકારક ઇલાજ હોઈ શકે છે! આ હું તમને સાજા થવાની પ્રક્રિયા તરીકે નહીં, પણ રોગના ઉપચાર તરીકે આપું છું.

મેં ઉપયોગ કરેલા 'ઉપચાર' શબ્દને સાંભળો. હું જાણું છું કે તમારું હૃદય જે રીતે ધબકે છે તેને, તમારું શરીર જે રીતે કામ કરે છે તે અને તમે તમારા શરીર સાથે જે વર્તણૂક કરો છો એ પદ્ધતિને જવાબદારી થકી તમે બદલી શકો છો. "એ બરાબર છે" એવા અભિગમથી અટકી ન જાવ.

ફરીથી સાંભળો- જવાબદારી કોઈ પણ રોગ માટે એક આશ્ચર્યજનક ઇલાજ છે, કોઈ પણ રોગ! સાંભળો! જવાબદારી થકી, તમારું જીવન બને છે. તમારા દ્વારા જે દેખાય અને અનુભવાય એ અંગેની જવાબદારી તમે લો ત્યારે તમને ન દેખાતી અને તમારા દ્વારા ન અનુભવાતી બાબતો તમારી જવાબદારી લઈ લે છે! સાંભળો! જ્યારે તમે 'વ્યક્ત' માટેની જવાબદારી લો ત્યારે 'અવ્યક્ત' તમારી જવાબદારી લઈ લે છે. તમારા દ્વારા જે દેખાય અને અનુભવાય એ અંગેની જવાબદારી તમે લો ત્યારે તમને ન દેખાતી અને

તમારા દ્વારા ન અનુભવાતી બાબતો તમારી જવાબદારી લઈ લે છે. કારણ કે જવાબદારીના ધરી-કેન્દ્ર પર અવ્યક્ત કાર્ય કરે છે અને ગતિ કરે છે! જો ધરીનું કેન્દ્ર દ્રવ્ય હોય તો તે દ્રવ્યને આકર્ષે છે. એ ગુરુત્વાકર્ષણનો નિયમ છે. ધરીનું કેન્દ્ર ચેતના હોય તો તે તમામ ચેતનાને આકર્ષે છે. તમને કહું કે, સૃષ્ટિની ધરીનું કેન્દ્ર જવાબદારી છે! આથી તે પોતાના તરફ જવાબદાર લોકોને આકર્ષે છે.

વ્યક્ત માટેની જવાબદારી તમે લો તો અવ્યક્ત તમારા માટેની જવાબદારી લે છે. તમામ જાણીતી બાબતોની જવાબદારી તમે લો તો અજાણી વસ્તુઓ તમારી જવાબદારી લે છે. ઈશ્વર અને વિશ્વના જાણીતા અંશની તમે જવાબદારી લો તો ઈશ્વર અને વિશ્વનો અજાણ્યો અંશ તમારી જવાબદારી લઈ લે છે. ઈશ્વર તમારી જવાબદારી લે ત્યારે, તમે ઈશ્વર છો! તમે અવતાર છો!

અવતાર એવો જીવ છે કે જે તમામની જવાબદારી લે છે. 'અવ્યક્તં વ્યક્તિમાપન્નમ' - જોયેલું, વણજોયેલું, અનુભવેલું અને ન અનુભવેલું - બધું જ!

'અવ્યક્ત' એ 'વ્યક્ત'ના ધરી-કેન્દ્ર પર ફરે છે, અને 'વ્યક્ત' 'અવ્યક્ત'ના ધરી-કેન્દ્ર પર ફરે છે. તમે કહો છો કે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે; પણ હું કહું છું કે સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે! તમારા સમયને આધારે તમે કહો છો કે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે. મારા સમયને આધારે હું એમ કહું છું કે સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે. તમે થોડાં વર્ષો જોયાં છે, મેં થોડા યુગો જોયા છે. તમે વર્ષોમાં માપો ત્યારે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે, પણ તમે યુગમાં માપો ત્યારે સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે. કારણ કે આખું તારામંડળ પોતે જ ફરતું રહે છે, પૃથ્વી જ્યાં જશે ત્યાં સૂર્ય પૃથ્વીની આસપાસ ફરવાનો!

સાંભળો, 'અવ્યક્ત' 'વ્યક્ત'ની આસપાસ ફરે છે, 'વ્યક્ત' 'અવ્યક્ત'ની આસપાસ ફરે છે. તમે એમ કહો કે 'વ્યક્ત' 'અવ્યક્ત'ની આસપાસ ફરે છે, ત્યારે તમે અનાત્મવાદી છો. તમે કહો કે 'અવ્યક્ત' 'વ્યક્ત'ની આસપાસ ફરે છે, ત્યારે તમે અધ્યાત્મવાદી છો. તમને કહું કે, 'વ્યક્ત'ની જવાબદારી લો; 'અવ્યક્ત' તમારી જવાબદારી લઈ લેશે!

સાંભળો! મેં કહ્યું એમ, સૃષ્ટિ 'ઉત્તરદાયિત્વ' પર કાર્યરત છે. સૃષ્ટિ સમાજવાદ, સામ્યવાદ, મૂડીવાદ, નિગમવાદ કે અન્ય કોઈ 'વાદ'માં માનતી નથી. બેજિંગ, મોસ્કો કે વૉલ સ્ટ્રીટ સૃષ્ટિનો નિયમ નથી. સૃષ્ટિનો નિયમ છે 'ઉત્તરદાયિત્વ'. ઉત્તરદાયિત્વ એ સૃષ્ટિનો નિયમ છે!

સરખામણી એવું મૂળ છે, જેમાંથી બિનપ્રમાણભૂતતા પોતાને સમર્થન આપે છે. પણ સૃષ્ટિનો નિયમ અને અસ્તિત્વનો પ્રાકૃતિક નિયમ - 'ધર્મ' એ સામ્યવાદ, સમાજવાદ, મૂડીવાદ કે નિગમવાદની સરખામણી આધારિત ફિલસૂફી નથી. સૃષ્ટિનો નિયમ છે ઉત્તરદાયિત્વ. કુદરતનો નિયમ છે 'ઉપાયનમ્'. પ્રકૃતિનો કાનૂન છે ઉત્તરદાયિત્વ. 'ઉત્તરદાયિત્વ'ના આ એક વિચાર સાથે મીનાક્ષી તેમજ સુંદરેશ્વરે સૃષ્ટિ પર રાજ કર્યું.

તમારી જવાબદારીના પરિણામને તમે હંમેશાં થોડાં ઘણાં નાણાં અને નામ તથા પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હોય તેના આધારે માપતા હો છો. ત્યાં જ તમે નિષ્ફળ જાવ છો! તમને હું કહું કે તમે જવાબદારી લો ત્યારે ઉચ્ચ ઊર્જા તમારામાં વ્યક્ત થવા લાગે છે. તમે જવાબદારી લો ત્યારે દિવ્ય ઊર્જા તમને સહાય કરવા લાગે છે. કિન્નર, કિમ્બુરુદ, ગાંધર્વ, સિદ્ધ, ઋષિ, મુનિ, ગણ - સૌ તમને સહાય કરે છે.

તમને વિનંતી એટલી જ કે શરૂઆતના થોડા સમય સુધી તમારા નાનકડા તર્ક વડે ગણતરીઓ માંડશો નહીં અને હેરાન થશો નહીં. જુઓ, હું તમને જવાબદારી લેવાનું કહીશ એટલે તમે વિચારશો, “મહિને બે લાખ રૂપિયા! હું આ જવાબદારી સાથે કામ કરું તો મને ખબર છે કે મને થાક નહીં લાગે. જ્યારે પણ થાક લાગે ત્યારે તેને હું પ્રમાણભૂતતા વડે તોડી શકીશ. કંટાળો આવે ત્યારે તેને હું પ્રમાણભૂતતા વડે ભાંગીશ. આ રીતે હું કામ કરીશ તો બે વરસમાં હું મહિને વીસ લાખ રૂપિયા બનાવતો થઈ જઈશ! વાઉ! સ્વામીજી મહાન છે, કે જેમણે મને આવા વિચારો આપ્યા.” પણ આ ગણતરી તમે કરી લો એ દરમ્યાન તમે કહેશો, “ભલે, પણ જવાબદારી સુદ્ધાં લીધા વિના મારી પાસે વીસ લાખ રૂપિયા શી રીતે હોઈ શકે?” તમારી ગણતરી પૂરી કરી લો એ પછી છેલ્લો સવાલ તમે તમારી જાતને પૂછશો, “જવાબદારી સુદ્ધાં લીધા વિના મારી પાસે મહિને એ વીસ લાખ રૂપિયા શી રીતે હોઈ શકે?”

હું જે કહી રહ્યો છું એ તમારામાંના કેટલા જાણે છે? આથી જ હું આ ચાર તત્ત્વોના પરિણામને તમારા નાનકડા તર્ક વડે ન માપવાનું કહું છું.

તમે ખરેખર જવાબદારી લો ત્યારે ઇન્દ્ર તમારા હાથમાં પ્રવેશે છે અને તે ‘વજ્રાયુધ’ બની જાય છે. યમ તમારાં ફેફસાંમાં પ્રવેશે છે; તેનો અર્થ એ છે કે ‘અટકવું નહીં’; લક્ષ્મી તમારા હૈયામાં પ્રવેશે છે, જેનો અર્થ છે ‘સતત વહેંચતા રહેવું’; કુબેર તમારા જઠર તેમજ મૂત્રપિંડમાં પ્રવેશીને બધું જીવંત રાખે છે; મરુત, અગ્નિ, મરીચિ સૌ તમારા આંતરડામાં પ્રવેશે છે અને જે પણ ધરવામાં આવે તેને બાળી નાખે છે તથા સમગ્ર પ્રણાલીને સક્રિય તેમજ જીવંત રાખે છે!

તમે જવાબદારી લો, પ્રમાણભૂતતા દર્શાવવાનું શરૂ કરો ત્યારે તમે તમારા નાનકડા તર્ક થકી કરેલી ગણતરી કરતાં હજાર ગણો ફાયદો મેળવશો.

સાંભળો! તમે જવાબદારી તેમજ પ્રમાણભૂતતાથી રહેવાનું શરૂ કરશો ત્યારે માત્ર તમારી માસિક આવક બે લાખથી વધીને વીસ લાખ થઈ જશે, એટલું જ નહીં, સાથે સાથે તમે એવા અવકાશનું નિર્માણ કરશો કે જ્યાં તમે મરણહીનતામાં રહો છો. તમે ઇચ્છો એ મુજબ તમારું શરીર બનશે. તમારી ચેતના તમારા શરીરથી પર બનશે; તમે મરણહીનતાનું સ્થાન બનાવશો; તમે તમારા અક્ષરધામનું નિર્માણ કરશો. પ્રામાણિકતા, પ્રમાણભૂતતા, જવાબદારી અને સમૃદ્ધ બનાવવા સહિત, તથા કાળભૈરવની પ્રતિજ્ઞા રાખીને હું ઘોષિત કરું છું કે હું તમને સત્ય કહી રહ્યો છું, સંપૂર્ણ સત્ય.

જ્યારે તમે જવાબદારી લો ત્યારે તમારામાં ઉચ્ચ ઊર્જા પ્રગટે છે. તમે તમારા થાક અને કંટાળાને ભાંગો ત્યારે તમારી ભીતર ચેતનાનો સ્રોત ખૂલે છે. તમે પ્રામાણિકતા અને પ્રમાણભૂતતાનો ઉપયોગ કરીને થાક અને કંટાળાને ગળે લગાડવાની તમારી તરાહ તોડો છો ત્યારે તમે ચેતનાને તમારી દૈહિક-સ્મૃતિ તેમજ જૈવિક-સ્મૃતિનું નિર્માણ કરવા દો છો. તમે યોગ કે સ્વાસ્થ્ય માટેની કસરતો, વેઈટ લિફ્ટિંગ કે ડમ્બેલ્સ કે અન્ય કંઈ પણ કરો ત્યારે તમારા સ્નાયુઓ જુઓ, તે જે દર્દ અનુભવે છે એ દર્દને પ્રામાણિકતા અને પ્રમાણભૂતતા વડે સાંભળો. તમારી જાતને કહો, “મારે મારી ઉચ્ચ કક્ષાએ રહેવું પડશે; એ પ્રમાણભૂતતા છે. તેથી મને આ દર્દ શી રીતે થઈ શકે?” પછી તમને સમજાશે કે તમારા સ્નાયુઓ જે દર્દ અનુભવી રહ્યા છે એ કેવળ કૃત્રિમ દર્દ છે, ખોટું દર્દ છે. તમે જોશો કે વજન ઊંચકવાની તમારી ક્ષમતા દેખીતી રીતે વધી

જશે; તે બમણી થઈ જશે! આ એક જ સમજણથી તમારા શરીરને વાળવાની તમારી ક્ષમતા બેવડાઈ જશે. તમારા સ્નાયુઓની ક્ષમતા, સ્થિરતા અને લચીલાપણું આ એક જ સત્યને સમજવાથી બેવડું થઈ જશે!

સાંભળો! ફરી એક વાર હું તમને આ પ્રક્રિયા આપું છું. યોગમાં તમે શરીરને વાળો કે વેઈટ લિફ્ટિંગ કે અન્ય પ્રક્રિયા કરો ત્યારે તમારા સ્નાયુઓમાં દર્દ થાય, તમારા શરીરના કોઈ ભાગમાં દર્દ થાય કે તમારા સમગ્ર શરીરમાં દર્દ થાય ત્યારે અંદર જુઓ અને પ્રામાણિકતાથી પૂછો, "મને ખરેખર આ દર્દ થાય છે, કે હું આત્મવિનાશક એવી વિચારતરાહ સર્જી રહ્યો છું, જેને હું માણું છું અને વળગી રહું છું?"

ઘણાં આશ્રમો, મંદિરો અને કેન્દ્રો પોતાની સામૂહિક જવાબદારીની ઘોષણા કરી રહ્યાં છે. સમજી લો કે, સામૂહિક જવાબદારી અને ઘોષણાની તમારી મિટિંગ એ કંઈ કાવ્યસત્ર નથી. એ આયોજનસત્ર છે. સમજી ગયા તમે સૌ? સામૂહિક જવાબદારીની ઘોષણા કરો એ જ ક્ષણથી તમારા સ્નાયુઓનું નિર્માણ શરૂ થઈ ગયું હોવું જોઈએ. તમારા સ્નાયુઓએ શક્તિની અનુભૂતિનો આરંભ કરી દીધો હોવો જોઈએ. તમારા માનસે એ સ્થિરતાની અનુભૂતિનો આરંભ કરી દીધો હોવો જોઈએ. સામૂહિક જવાબદારીની ઘોષણા કરો એ ક્ષણથી જ તમારા શરીરે જીવનની અનુભૂતિનો આરંભ કરી દીધો હોવો જોઈએ. તમારા સમગ્ર શરીરને લાગવું જોઈએ, "અહો! હું આ કરવાનો છું, જીવવાનો છું!" તમારા શરીરને જીવનઊર્જાની અનુભૂતિ એ રીતે થવી જોઈએ કે જાણે એ તમારી સામે થઈ રહી હોય.

જવાબદારી એક દિવ્ય ગુણ છે:

તમે જવાબદારી અનુભવો છો ત્યારે તમે સત્યની શોધ શરૂ કરો છો, તમે ઉકેલ શોધવાનું પણ શરૂ કરો છો. તમે જે-તે ઉકેલની સંભાવનાઓને જોવાનું શરૂ કરો છો. જ્યારે તમે એ સમજ સાથે બેસો છો કે "તમે દરેક બાબત માટે જવાબદાર છો", ત્યારે તમારા આંતરિક અવકાશને આપમેળે જ, જે સમસ્યા તમે તમારા માટે સર્જી છે તેના ઉકેલ માટે અંતઃસ્ફુરણા થાય છે. તમારી જાતને જાગ્રત કરો કે હવે વધારે સમસ્યા ઊભી ન થાય. હું તમને કહું છું કે 'તમે દરેક બાબતે જવાબદાર છો' એવી સમજ સાથે બેસવું એ પકડમુક્ત(unclutch) થવા માટેનું પહેલું ડગલું છે.

તમે જવાબદારી લો છો ત્યારે જ તમે ઉપાય શોધો છો. હું તમને કહું છું દરેક પરિસ્થિતિમાં જવાબદારી લો. તમારામાં નેતૃત્વ ઉત્પન્ન થાય છે. તમારામાં ચેતના, ઈશ્વરત્વ બને છે. જ્યારે તમે જવાબદારી લો છો, નેતૃત્વનું ચૈતન્ય તમારામાં સ્ફુરિત થાય છે. હું જોઈ શકું છું કે, મેં હિન્દી ભાષી ભક્તોને સમૃદ્ધ કરવાની ફક્ત એક જ જવાબદારી લીધી, જે સંખ્યામાં લોકો આ આધ્યાત્મિક સિદ્ધાંતોથી, જીવન-આનંદના સિદ્ધાંતોથી સમૃદ્ધ થયા છે તે અકલ્પનીય છે!

તમે જવાબદારી લો છો. તમે તેને કાર્ય કરવાના, તેની પ્રાપ્તિ માટેના અવકાશમાં છો. જ્યારે તમે જવાબદારીના અવકાશમાં હો છો, તમારો શબ્દ-વિસ્તાર, કલ્પનાઓ, આંતરિક અવકાશ- બધું જ તમને સહાય કરે છે. આખું વિશ્વ તમને સહાય કરે છે, કારણ કે એવું જ્ઞાન કે જે જવાબદારી અનુભવે છે તેના દ્વારા વિશ્વ તેની પરિપૂર્ણતાનો અનુભવ કરે છે.

જ્યારે તમે જવાબદારીનો અનુભવ નથી કરતા, તમે સમુદ્રમાંનું એક બુંદ છો!

જ્યારે તમે જવાબદારી અનુભવો છો, બુંદમાં તમે એક સમુદ્ર છો!

જો તમે જવાબદારી તરફ એક ડગલું પણ આગળ વધો છો, તમારામાં વૈશ્વિક હૉલોગ્રામ ખૂલે છે. કૃપયા સમજો! હૉલોગ્રામનો સિદ્ધાંત. જ્યારે તમે સમગ્રતા જુઓ છો, તમે એક કાલ્પનિક છબિ જોશો. જ્યારે તમે ઊંડે ને ઊંડે, વધારે ને વધારે ઊંડાણમાં, ગહનતામાં જાવ છો, નાનામાં નાનો કણ પણ કાલ્પનિક છબિ રહેશે. જ્યારે તમે આખી તકતી (sheet) જુઓ છો, તમે એ જ કાલ્પનિક છબિ જોશો. જ્યારે તમે એની અંદર જાવ છો, અને તેનું પૃથક્કરણ કરો છો. તમે તેમાં જતા રહો છો, અને તેનું પૃથક્કરણ કરો છો. તમે તેની અંદર જતા રહો છો, અને તેનું પૃથક્કરણ કરો છો. તમે અંતિમ સુધી એ જ કાલ્પનિક છબિ જોશો. બ્રહ્માંડમાં પિંડાંડ અને પિંડાંડમાં બ્રહ્માંડ, એ હૉલોગ્રામ છે. હૉલોગ્રામના માળખા પર બ્રહ્માંડનું બંધારણ થયેલું છે. તમે વૈશ્વિક આકૃતિના માનવીય પિંડના હૉલોગ્રામ છો. જે ક્ષણે તમે જવાબદારી લો છો, માનવીય પિંડના હૉલોગ્રામને જગાડાય છે.

જવાબદારી અનુભવો. દરેક બાબત માટે તમે જવાબદારી અનુભવો ત્યાર પછી જ જે તમારામાં શિષ્યપણું આવે છે તે વિશ્વસનીય શિષ્યપણું છે. જ્યાં સુધી તમે એવું નહીં અનુભવો કે દરેક બાબત માટે, દરેક નિર્ણય તમે જે લો છો તેના માટે, તમે જવાબદાર છો ત્યાં સુધી જો કે તમે શરણે થયા છો તો પણ તમે વિશ્વસનીય નહીં બનો. તમે જોખમી બનો છો. તમે કદાચ ચરણે પડશો તો પણ માત્ર પગ ખેંચો છો, પૂજા માટે નહીં!

- માત્ર તમારા પરિવાર અને સંપત્તિ, નોકરી માટે જ નહીં પણ તમારા જ્ઞાનથી જે કંઈ બને છે એના માટે જ્યારે તમે જવાબદારી અનુભવો છો ત્યારે તમે એક માનવ બનો છો.
- તમારા જ્ઞાનથી પરે જે કંઈ બને છે, તેના માટે જ્યારે તમે જવાબદારી લો છો ત્યારે તમે ભગવાન છો.
- જે અવ્યક્ત છે, એના માટે પણ તમે જવાબદારી લો છો ત્યારે તમે ભગવાન બનો છો.

દિવ્યતાની પ્રાપ્તિ કરવી એટલે જવાબદારી અનુભવવી – સતત જવાબદારી અનુભવવી. જવાબદારી તમે જે વિચારો છો તેની રીત બદલે છે, તમે જે સમજો છો તેની રીતને બદલે છે. તમે જે અનુભવો છો તે રીત બદલી નાખે છે. તમે જે રીતે છો એ રીત તમે બદલી નાખો છો. જવાબદારી દરેક બાબતને બદલી નાખે છે. તમે જીવનનું ચિંતન કરો છો તે રીતને તે બદલી દે છે. તમે જીવનનું આંતરિક પૃથક્કરણ કરો છો તે રીતને બદલી દે છે. તમે ઉકેલના વિચાર સાથે પૃથક્કરણ કરો છો, ચિંતન કરવાનું શરૂ કરો છો. તમને જવાબદાર બનાવતું વિજ્ઞાન માત્ર તમારા જીવનને જ આનંદિત નથી બનાવતું પણ તે સમગ્ર જગતને પણ આનંદિત બનાવે છે!

હું તમને કહું છું જવાબદારીનું વિજ્ઞાન ગામે-ગામે ભારતભરમાં શીખવવું જોઈએ; દરેક ગામ આ સમગ્ર સિદ્ધાંતના વિજ્ઞાનથી આંદોલિત થવું જોઈએ.

પ્રબુદ્ધતાની તમને સૌને પ્રાપ્તિ થાઓ, અનુભૂતિ થાઓ, તેને જીવો, વ્યક્ત કરો, પ્રકાશિત થાઓ, તેને વહેંચો, તમારામાં તેનો સ્ફોટ થાઓ અને સમૃદ્ધ થાઓ એવી હું આશિષ આપું છું.

નિત્યાનંદમ્!



જ્યારે સમૃદ્ધ કરવું એ તમારા મગજમાંથી વ્યક્ત થાય છે, તમે અદ્વૈતના અવકાશમાં પહોંચો છો. જ્યારે સમૃદ્ધ કરવું એ તમારા હૃદયમાંથી વ્યક્ત થાય છે,તમે ઈશ્વરત્વના અવકાશમાં પહોંચો છો. જ્યારે સમૃદ્ધ કરવું એ તમારા અસ્તિત્વમાંથી વ્યક્ત થાય છે, તમે પ્રબુદ્ધતાનો ઉચ્ચતમ અવકાશ વ્યક્ત કરો છો, અવતારત્વ!

૫. જ્ઞાનબોધ થકી સમૃદ્ધ કરવું

પ્રામાણિકતા(Integrity),પ્રમાણભૂતતા(Authenticity),જવાબદારી(Responsibility), અને સમૃદ્ધ કરવું(Enriching) - આ ચાર સિદ્ધાંતો જ્ઞાન થકી સમૃદ્ધ થવાની ચાવીઓ છે.

ચોથું આધ્યાત્મિક સત્ય છે સમૃદ્ધ કરવું, તેને વ્યાખ્યાયિત કરવા દો. સમૃદ્ધ કરવું એટલે પ્રામાણિકતા અને પ્રમાણભૂતતા સાથે તમારે જવાબદારી લેવી કે તમે સતત સમૃદ્ધ થવા પ્રતિબદ્ધ છો, જે તમને પોતાને તેમજ તમારા અને તમારી આજુબાજુના જીવનને વિસ્તૃત કરે છે.

જ્ઞાનબોધ વડે સમૃદ્ધ થવાનો અર્થ છે: પ્રામાણિકતા, પ્રમાણભૂતતા, જવાબદારી અને સમૃદ્ધ થવા જેવાં ચાર મહાન સત્યોથી તમારી જાતને સમૃદ્ધ કરવી. તેનો અર્થ એ કે લોકો પાસે આશા ન છોડો. તેનો અર્થ એ જ કે એમના પર વિશ્વાસ મૂકવાનું છોડ્યા વગર પ્રામાણિકતા, પ્રમાણભૂતતા, જવાબદારી અને સમૃદ્ધ થવા જેવાં ચાર મહાન સત્યો વડે અન્યોને સમૃદ્ધ કરવા. તેમને સમૃદ્ધ કરો, જેથી તેઓ પણ અન્યોને સમૃદ્ધ કરે. સમગ્ર બ્રહ્માંડને જ્ઞાનબોધ થકી સમૃદ્ધ થવા દો.

જ્ઞાનબોધથી સમૃદ્ધ થવાના અર્થનાં ઘણાં બધાં સ્તરો છે. જ્ઞાન થકી પોતાની જાતને સમૃદ્ધ કરવી, અન્યોને સમૃદ્ધ કરવા તેમજ આખા જગતને સમૃદ્ધ કરવું. આગળ વધો, દરેકને જ્ઞાનબોધ થકી સમૃદ્ધ કરો. તમારી જાતને જ્ઞાનબોધ વડે સતત સમૃદ્ધ કરતા રહો.

અન્યોને તેમજ પોતાની જાતને તમે જે શબ્દો કહો તેમાં પ્રામાણિકતા લાવો. તમને અનુભવ થાય એ માટે, તમારા પોતાના માટે તમે પોતાને જે રીતે સ્થિર રાખો છો અને અન્યોને માટે તમને પોતાને જે રીતે સ્થિર રાખો છો, તેમાં પ્રમાણભૂતતા લાવો. તમામ ઘટના માટે, એકેએક ચીજ માટે તમારા આંતરિક અવકાશમાં જવાબદારી લાવો. અન્યોને સમૃદ્ધ કરતા રહો, સૌને સમૃદ્ધ કરતા રહો.

જીવનમાં તમારી સાથે, તમારી બહાર ઘટનાઓ બનતી રહે છે. કૃપા કરીને સમજો કે તમારું જીવન અન્યોની સાથે હોય છે. વિદ્યાર્થીઓ હોય ત્યારે તમે શિક્ષક હો છો. બાળકો હોય ત્યારે તમે માતા હો છો. ભાઈઓ હોય ત્યારે તમે ભાઈ હો છો. પિતા હોય ત્યારે તમે પુત્ર હો છો. કર્મચારી હોય ત્યારે તમે બૉસ હો છો. બૉસ હોય ત્યારે તમે કર્મચારી હો છો. જીવન અન્યોની સાથે, તમારી બહાર હોય એવા લોકો સાથે બનતું હોય છે. તેમને સમૃદ્ધ કરો. તેમને સમૃદ્ધ કરવાથી જ તમારું જીવન સમૃદ્ધ બની રહેશે. સ્વાર્થી ન બનો. તમારું જીવન કેવળ તમારી અંદર હોતું નથી.

જ્યાં સુધી અન્યોને તમે જ્ઞાનબોધથી સમૃદ્ધ નહીં કરો ત્યાં સુધી તમારું જીવન જ્ઞાનબોધ વડે પરિપૂર્ણ નહીં બને. તમારા બૉસને જ્ઞાનબોધ વડે સમૃદ્ધ કરવાનું નક્કી કરી લો તો તમારા બૉસ સાથેના તમારા સંબંધમાં સંપૂર્ણતા આવશે. તમે એક સંપૂર્ણ કર્મચારી બનશો. તમારા કર્મચારીઓને જ્ઞાનબોધ વડે સમૃદ્ધ કરવાનું નક્કી કરો, તો તમે એક પ્રબુદ્ધ સી.ઈ.ઓ. બની રહેશો. તમે એક સંપૂર્ણ બૉસ બનશો. આ પાસું પૂર્ણ કરો. તમારા જીવનસાથીને જ્ઞાનબોધ થકી સમૃદ્ધ કરવાનું નક્કી કરો.

હવે તમારે યાદ રાખવાની જરૂર છે કે લોકોમાં શ્રદ્ધા રાખવાનું છોડી ન દો. તમને કહી રાખું કે મારે સામનો કરવાનો થાય છે એના કરતાં ખરાબ તમારા જીવનસાથી હોઈ જ ન શકે! પણ હું લોકોમાં શ્રદ્ધા રાખવાનું કદી નથી છોડતો.

મારી પાસેથી તમારે કેવળ એક જ બાબત શીખવાની હોય તો આ એક જ બાબત શીખો. હું કદી લોકોમાં શ્રદ્ધા રાખવાનું છોડતો નથી. હું તાલીમ આપવાનું બંધ કરતો નથી. તેઓ તાલીમ લેતા હોય ત્યારે મારામાં આવેશ હોય કે તેમનામાં હવે રૂપાંતરણ થવું જોઈએ. તેઓમાં રૂપાંતરણ ના થાય તો મારામાં એ જ આવેશથી દસ વર્ષ સુધી રાહ જોવાની ધીરજ પણ છે. સૂરજનો ધગધગતો આવેશ અને ચંદ્રનું શીતળ ધૈર્ય!

સાંભળો! સમૃદ્ધ કરવું એટલે સતત તમને અને અન્ય લોકોને સમૃદ્ધ કરવું! સાંભળો! તમારા જીવનમાં અને બીજાના જીવનમાં પ્રામાણિકતા, પ્રમાણભૂતતા, જવાબદારી - ત્રણેય તત્વોને ઉતારવાં. વેદોની બાબતમાં પણ, પહેલા ત્રણ વેદો એ માત્ર તત્વો છે. ચોથો વેદ એ આ ત્રણેય તત્વોને જીવનમાં સ્થાપવા માટે છે. એ જ રીતે આ ચાર તત્વોમાં પણ, પહેલા ત્રણ એ તત્વો છે અને ચોથું તત્વ એ બાકીનાં ત્રણેય તત્વોને જીવનમાં સ્થાપવા માટે છે.

તમે હંમેશાં પૂછો છો, “અમારે શા માટે અન્ય લોકોને સમૃદ્ધ કરવા જોઈએ?” તમે ખૂબ જ સરળતાથી ભૂલી જાઓ છો કે અન્ય લોકોથી તમારામાં જીવન બને છે. અહંકાર ભૂલી જાય છે કે આ બધો આનંદ ત્યારે જ આવે છે

જ્યારે તે તેની જાતે જ અન્યકાર તરફ વિસ્તાર કરે છે, નહીં કે જ્યારે તે અહંકાર સાથે ઝઝૂમ્યા કરે.

અહંકાર વિચારે છે કે અન્યકાર સાથે સંઘર્ષ કરવાથી, તે આનંદના સત્ત્વને બહાર કાઢે છે. ના! અન્ય લોકોના અન્યકાર સુધી પહોંચવાથી તે આનંદનો અનુભવ કરી શકે છે. તે ખૂબ કમનસીબી છે, અહંકાર વિચારે છે કે અન્યકાર સાથે સંઘર્ષ કરવાથી તે પરિપૂર્ણતાનો અનુભવ કરી શકે છે. હું તમને કહું છું, આ જ રીત છે, અહંકાર જીવંત રહી શકે છે! મમકાર, અહંકાર, અન્યકાર – આ ત્રણેયમાં, અહંકાર એ નેતા, ટોળકીનો નેતા છે. અન્ય બે સાથીદારો, એ બન્ને નાના છે, ડરેલા સાથીદારો છે. નેતાની તાકાતથી આ સાથીદારો તોફાની માણસની જેમ કાર્ય કરે છે, પણ તેઓ તેમની પોતાની મેળે કંઈ જાણતા નથી. અહંકાર એ અતિશય ચતુર વ્યૂહરચનાનો આયોજક છે. કમનસીબે, તે તેણે પોતે સર્જેલી જાળમાં પકડાઈ ગયો છે!

આપણે ખૂબ જ સરળતાથી એક મહત્ત્વની વાત ભૂલી જઈએ છીએ અને જીવન અન્ય લોકો સાથે સ્વીકારાયેલું બને છે. આપણે, આપણી ભૂમિકા આપણી જાતે જ પૂર્ણ કરવી જોઈએ, એવી જવાબદારી લીધા વગર જ આપણે વિચારીએ છીએ, “મારા ભાઈએ એક ભાઈની જેમ વર્તવું જોઈએ, પિતાએ એક પિતાની જેમ વર્તવું જોઈએ, મિત્રે એક મિત્રની જેમ વર્તવું જોઈએ, પુત્રે એક પુત્રની જેમ વર્તવું જોઈએ, વિદ્યાર્થીએ એક વિદ્યાર્થીની જેમ વર્તવું જોઈએ, શિક્ષકે એક શિક્ષકની જેમ વર્તવું જોઈએ.”

શા માટે શિક્ષકે એક શિક્ષકની જેમ વર્તવું જોઈએ, જો વિદ્યાર્થી શિક્ષકને સમૃદ્ધ કરવાની જવાબદારી ન લે? સાંભળો! એક વિદ્યાર્થી તરીકે તમે શિક્ષકને

સમૃદ્ધ નહીં કરો તો શિક્ષક પાસેથી તમે જે મેળવશો તે પણ તમને ઉપયોગી નહીં થાય! તે તમારા માટે ઉપયોગી નહીં થાય! સમૃદ્ધ કર્યા વગર તમે જે કંઈ પણ મેળવો, તે ચોરેલું છે!

ભગવદ્ ગીતા ખૂબ જ સ્પષ્ટ છે, કૃષ્ણ ખૂબ જ સ્પષ્ટ છે. સાંભળો! જો તમે સમૃદ્ધ નહીં કરો, પણ માત્ર લેતા રહો અને માણતા રહો તો તમે એક ચોર છો. અસ્તેય (ચોરી ન કરવી), સંન્યાસનાં મહત્વપૂર્ણ વ્રતોમાંનું એક, એ માત્ર સમૃદ્ધ કરવાથી જ જાળવી શકાય છે. જ્યારે તમે અન્ય લોકોને સતત સમૃદ્ધ કરતા રહો તો જ અસ્તેયને જાળવી શકાય છે. સાંભળો. સમૃદ્ધ કરીએ ત્યાં જીવન બને છે. હું કહી શકું છું કે સમૃદ્ધ કરવું એટલે સત્યમાં ત્રણેય તત્વોને ઉતારી દેવા.

તમારું જીવન અન્ય લોકો સાથે છે. એ તેનો મૂળભૂત ખોરાક હોય કે શ્રેષ્ઠ પ્રકારના ભોગવિલાસ હોય, દરેક બાબત અન્ય લોકો સાથે હોય છે. જો તમે અન્ય લોકોને સમૃદ્ધ નહીં કરો તો તે ચોરી છે અને જીવન તમારામાં નહીં બને. હું તમને કહું છું તમે જે લોકોને મળો તે દરેકને આ તત્વોથી સમૃદ્ધ કરવાનો નિર્ણય લો; થોડા મહિનાઓમાં જ તમે જોશો કે તમારી આજુબાજુ દેવો હશે અને તમે સ્વર્ગમાં રહો છો. આ તત્વો સાથે લોકોને સમૃદ્ધ કરતાં રહો.

જો તમે દૂરના જંગલમાં હશો, માત્ર ગંગા નદી અને પર્વતો સાથે, તો પણ જીવન તમારામાં બને છે. જો તમે જંગલમાં નાગા-સાધુ છો, ગંગા નદી અને પર્વતો, નદીઓ અને જંગલો સાથે તમારામાં જીવન બને છે, તમે તેને સમૃદ્ધ કરવાનું શરૂ કરો છો. સાંભળો! જે કોઈ પણની સાથે, જે કંઈ પણની સાથે, જીવન તમારામાં બને છે, તમે તેને સમૃદ્ધ કરવાનું શરૂ કરો છો. તમે

રક્ષણ કરવાનું શરૂ કરો છો. તેથી જ હિંદુઓ આવા હોય છે, ગંગા, યમુના અને હિમાલય પ્રત્યે ખૂબ જ ભક્તિવાળા, કારણ કે તેની સાથે તેમનામાં જીવન બને છે. તેથી જ તેઓ તેમને જીવંત રાખવા તેમજ સમૃદ્ધ કરવા માટે નિષ્ઠાવાળા હોય છે.

- જો એક નદીની સાથે તમારામાં જીવન બને છે અને તમે તેને સમૃદ્ધ કરો છો તો તમે 'તીર્થ' કહેવાશો.
- જો એક પર્વતની સાથે તમારામાં જીવન બને છે અને તમે તેને સમૃદ્ધ કરો છો તો તમે 'ગિરિ' કહેવાશો.
- જો લોકોની સાથે તમારામાં જીવન બને છે અને તમે તેમને સમૃદ્ધ કરો છો તો તમે 'પુરી' કહેવાશો.
- જો જંગલની સાથે તમારામાં જીવન બને છે અને તમે તેને સમૃદ્ધ કરો છો તો તમે 'અરણ્ય' કહેવાશો.
- જો રાજાઓની સાથે તમારામાં જીવન બને છે અને તમે તેને સમૃદ્ધ કરો છો તો તમે 'ઇન્દ્ર' છો.
- જો પંડિતો, શિક્ષણવિદોની સાથે તમારામાં જીવન બને છે અને તમે તેને સમૃદ્ધ કરો છો તો તમે 'સરસ્વતી' કહેવાશો.

એ જ રીતે, શંકરચાર્યે 'નાગા'ઓના દસ સંપ્રદાયો ઊભા કર્યા – 'ગિરિ', 'પુરી', 'તીર્થ', 'અરણ્ય', 'ઇન્દ્ર', 'સરસ્વતી'. જીવનને સમૃદ્ધ કરવું એ જ જીવન છે. તમે જેને સમૃદ્ધ કરો છો, તે તમને સમૃદ્ધ કરે છે. તમે જે સમૃદ્ધ કરો છો, તેનાથી તમે સમૃદ્ધ થાઓ છો!

સાંભળો! સમૃદ્ધ કરવું એ એવી રીત છે જેમાં તમે ભગવાનના વ્યક્ત અંશ, ભગવાનના વ્યક્ત ઘટક સાથે સંબંધિત છો. સાંભળો! પ્રામાણિકતા અને

પ્રમાણભૂતતા એવી રીતો છે, જેમાં તમે ભગવાનના 'અવ્યક્ત' અંશ સાથે સંબંધિત છો. જવાબદારી અને સમૃદ્ધ કરવું એ એવી રીતો છે, જેમાં તમે ભગવાનના 'વ્યક્ત' અંશ સાથે સંબંધિત છો. ભગવાનના 'અવ્યક્ત' અંશ સાથે સંબંધિત થવા માટે પ્રામાણિકતા અને પ્રમાણભૂતતા સાચી રીતો છે. વિશ્વ, ભગવાનના 'વ્યક્ત' અંશ સાથે સંબંધિત થવા માટે જવાબદારી અને સમૃદ્ધ કરવું એ સાચી રીતો છે. સમૃદ્ધ કરો, સમૃદ્ધ કરો, સમૃદ્ધ કરો! જો તમે સમૃદ્ધ નથી કરતાં તો તમે સક્રિય રીતે સ્વાર્થની તરાહ ઊભી કરી રહ્યા છો. સ્પષ્ટ બનો, કાં તો તમે આપો છો અથવા તમે છેતરો છો. એમાં કંઈ વચ્ચેનું નથી. તમારામાંના કેટલા લોકો આ જાણે છે?

જ્યારે તમે સવારમાં સ્વસ્તિ મંત્ર ગાઓ છો, પ્રામાણિક્તા અને પ્રમાણભૂતતા દ્વારા જગતને સમૃદ્ધ કરવાની એ ખૂબ જ શક્તિશાળી રીત છે. એ શબ્દો માટે અને સ્વસ્તિ મંત્રોને વાસ્તવિકતા બનાવવા માટે તમે જવાબદારી લો છો. સાંભળો! જ્યારે પ્રામાણિક્તા અને પ્રમાણભૂતતાથી સવારમાં તમે સ્વસ્તિ મંત્ર ગાવ છો અને જગતને આશીર્વાદ આપો છો, તમે તે આંદોલનો જગતને મોકલો છો. જ્યારે પોતે ઉચ્ચારેલા શબ્દો માટે તમે જવાબદારી લો છો અને કાર્ય કરવાનું શરૂ કરો છો, તમે આધ્યાત્મિક રીતે અને ભૌતિક રીતે, વાસ્તવિકતાથી અને શારીરિક રીતે જગતને સમૃદ્ધ કરો છો.

જે ગવાય છે તેને આપણે સમજીએ.....

'ગો-બ્રાહ્મણેભ્યો શુભમસ્તુ નિત્યમ્'

તમારે ગાયોનું રક્ષણ કરવાની અને જે આ ચાર તત્ત્વોનો અભ્યાસ કરે છે એ લોકોની જવાબદારી લેવી જોઈએ.

મંત્રગાન એ આધ્યાત્મિક આશ્રય માટેનું પહેલું સ્તર છે, જેને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ કરીને આપણે જગતને આપીએ છીએ.

તેના માટેની જવાબદારી લેવા માટે તૈયાર થઈ જાઓ, જેથી કરીને

આપણે શારીરિક રીતે પણ સમૃદ્ધ કરી શકીએ.

સાંભળો! સમૃદ્ધ કરતા જાઓ, કરતા જાઓ, કરતા જાઓ! આ ચાર તત્ત્વોથી સમૃદ્ધ કરતા જાઓ. 'પ્રબુદ્ધતાથી પહોંચવું' એ સમૃદ્ધ કરવું છે. સમૃદ્ધ કરવું એ 'પ્રબુદ્ધતાથી પહોંચવું' છે! પૃથ્વી ગ્રહ પર જે કંઈ પણ ઉપયોગી અસ્તિત્વ તમે જુઓ છો, તે ચેતનાની સમૃદ્ધિમાંથી છે. સાંભળો! એડિસને બલ્બની શોધ કરી, તે ચેતનાની સમૃદ્ધિમાંથી છે. જો બીજી કોઈ વ્યક્તિએ તેનો આગળના સ્તરે વિકાસ કર્યો હોય તો એ તેની ચેતનાની સમૃદ્ધિમાંથી હોય છે. તે એવા મગજમાંથી નહીં હોય જે વેતનનો વિચાર કરે છે. અને સાંભળો, એ મગજ જે વળતરનો વિચાર કરે છે તે કામદાર, વૈશ્ય છે. વૈશ્યની ચેતનામાંથી કંઈ જ નવું કે સર્જનાત્મક પરિણામ નથી આવી શકતું. તેઓ ફક્ત એટલું જ જાણતા હોય છે કે સંખ્યાબંધ રચનાઓ કઈ રીતે બનાવવી. તેઓ દસ હજાર બલ્બ બનાવી શકે છે, પણ તેઓ નાનો બદલાવ નથી લાવી શકતા. નાનો બદલાવ પણ ચેતનાને સમૃદ્ધ કરવાથી જ થાય છે. દસ હજાર લોકોની સામે દસ હજાર વૃક્ષો પરથી દસ હજાર વખત દસ હજાર સફરજનો પડી જાય છે. તો પછી શા માટે માત્ર ન્યૂટનને જ ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતનો વિચાર આવ્યો? જ્યારે તમે ચેતનાની સમૃદ્ધિમાં છો, એક નાની બની ગયેલી ઘટના પણ સર્જનાત્મકતાને જન્મ આપે છે અને તમે વિશ્વને સમૃદ્ધ કરો છો.

ચેતનાને સમૃદ્ધ કરવાની અવસ્થામાંથી જ જ્યારે તમે જુઓ છો અને અનુભવ કરો છો, તમે કંઈ પણ સર્જન કરી શકો છો. ચેતનાને સમૃદ્ધ કરવાની

અવસ્થામાંથી જ જ્યારે તમે બધું જ જુઓ છો, તમે કંઈ પણ સર્જન કરી શકો છો. બધું જ, બધું જ, બધું જ – તમે બેઠા છો એ આસન પરથી, તમે ઉપયોગ કરો છો એ લેપટોપ પરથી, ઊર્જાવાન મણકા જે તમે પહેરો છો એનાથી, એ ઘર જેમાં તમે રહો છો એમાંથી, ખોરાક જે તમે ખાઓ છો એમાંથી, કોઈ પણ સર્જનાત્મકતા ચેતનાને સમૃદ્ધ કરવાની અવસ્થામાંથી જ આવે છે. જો પૃથ્વીમાં માર્ગ હોય તો જ ભૂગર્ભનું પાણી બહાર આવી શકે છે, સરસ્વતી નદી બહાર આવી શકે છે. એ જ રીતે, જો તમારામાં સમૃદ્ધ ચેતના હોય તો જ તમારા આંતરિક અવકાશમાં સર્જનાત્મકતા બહાર આવે છે.

સમૃદ્ધિના અવકાશમાં હોવું એટલે કે વિલંબ વગર સમૃદ્ધિની અવસ્થામાં કાર્ય કરવું! સમૃદ્ધ કરવું એટલે વિલંબ વગર હમણાં જ કાર્ય કરવું! હું તમને કહું છું કે સમૃદ્ધિનું કાર્ય તમને એવા બનાવે છે કે ભૂલ્યા વગર તમે આ તત્વોને જીવો. અન્ય લોકોને સમૃદ્ધ કરવું એ તમને એવા બનાવે છે કે અચેતનમાં દબાઈ ગયા વગર આ સત્યોનો તમે અનુભવ કરો છો. તમને પોતાને અને અન્ય લોકોને સમૃદ્ધ કરતા રહો, કરતા રહો. હું તમને કહું છું કે માત્ર અન્ય લોકો અને તમને પોતાને સમૃદ્ધ કરવાના કાર્યમાં, આ તત્વો તમારું જીવન બને છે અને તમારામાંથી જીવન બને છે અને તમારામાં સત્ય બને છે. અન્ય લોકોને સમૃદ્ધ કરવું એ નિશ્ચિત કરે છે કે અચેતન અવસ્થામાં તમે ડૂબતા નથી. હું તમને કહું છું, જો તમે અન્ય લોકોને અને તમને પોતાને સમૃદ્ધ કરવાના અવકાશમાં છો, તો તમે સતત ચમત્કાર કરો છો. જ્યારે તમે આ સિદ્ધાંતોને નથી જીવતા - મગજ આત્મહત્યાની વૃત્તિ, બની શકે કે આત્મહત્યાની મંદ વૃત્તિમાં લાગેલું રહે છે, બસ એટલું જ. તમારી ચેતનામાં અને આંતરિક અવકાશમાં જવાબદારી અને સમૃદ્ધિ લાવો! અન્ય લોકોને સમૃદ્ધ કરતા રહો.

તમે મૃત્યુ પામો તે પહેલાં તમને મડદાની જેમ દાટી દેવા માટે અનુમતિ ના આપો! તમારી વૃદ્ધિ માટે પ્રમાણભૂતતાને અનુમતિ આપો - જો કે તમે દટાઈ ગયા છો.

તમને અને અન્ય લોકોને સમૃદ્ધ કરવું, એ વાસ્તવિકતાનું રૂપાંતરણ કરે છે. ઘણા શિષ્યો અને જિજ્ઞાસુઓ આવે છે અને મને કહે છે, "સ્વામીજી, હવેથી, અમે પ્રામાણિકતા, પ્રમાણભૂતતા, જવાબદારી સાથે જીવવાનું શરૂ કરીશું અને અમે ઇચ્છા મુજબ ભવિષ્યનું પૂર્ણત્વ કરીશું, પણ આ બધા ગૂંચવાડા જે ભૂતકાળમાં અમે કર્યા છે, તેનું શું? એ કર્મોથી અમે કેવી રીતે મુક્ત થઈએ?" હું તમને કહું છું, તમને અને અન્ય લોકોને સમૃદ્ધ કરવાથી તમે જવાબદારી કરતાં એક ડગલું આગળ વધો છો! માત્ર તે જ અપ્રામાણિકતાને, બિનપ્રમાણભૂતતાને, બેજવાબદારીને બાળી શકે છે!

સમૃદ્ધ કરવું શું છે? પ્રામાણિકતા, પ્રમાણભૂતતા, જવાબદારી કરતાં એક ડગલું આગળ જવું. કૃપયા સમજો, સમૃદ્ધ કરવું એટલે દરેક માટે જવાબદારી લેવી, દરેકની અપ્રામાણિકતા, દરેકની બિનપ્રમાણભૂતતા દૂર કરવાની જવાબદારી લેવી. જ્યારે તમે દેશની સેવા કરો છો, દેશ તમારી સેવા કરે છે. જ્યારે તમે કોઈકની સેવા કરો છો, તે વ્યક્તિ તમારી સેવા કરે છે. જ્યારે તમે સમૃદ્ધ કરો છો, બ્રહ્માંડ તમારા પર ખુશ થાય છે, આખું વિશ્વ તમારી સેવા કરે છે! તમને અને અન્ય લોકોને સમૃદ્ધ કરવા માત્રથી જ તમારા જીવનની વાસ્તવિકતાનું પરિવર્તન થાય છે. દરેક માટે જવાબદારી લેવી એ સમૃદ્ધ કરવું છે.

લોકો સતત મને પૂછતા રહે છે, ખાસ કરીને આધ્યાત્મિક જિજ્ઞાસુઓ, "સ્વામીજી, અમે સમજીએ છીએ કે આપણે પ્રામાણિકતા, પ્રમાણભૂતતા અને

જવાબદારીનો પણ અભ્યાસ કરવો જોઈએ. પણ આપણે અન્ય લોકોને શા માટે સમૃદ્ધ કરવા જોઈએ?” કૃપયા સાંભળો! તમારા માટે, જીવન અન્ય લોકોની સાથે બને છે! તમે ગાઢ, અંધારી ગુફાની અંદર, જંગલમાં નથી રહેતા જ્યાં કોઈ માણસ નથી હોતું! તમારું જીવન તમારામાં છે, તમારા માટે છે, તમારા દ્વારા છે.

જો કોઈ તમને જાણતું ના હોય, અને તમે કોઈને જાણતા નથી, જો તમે એ રીતે જીવો છો તો પછી તમારે સમૃદ્ધ કરવા વિષે ચિંતા કરવાની કે વિચારવાની કે આશ્ચર્ય પામવાની જરૂર નથી. પણ તમારું જીવન એવું નથી! જ્યાં તમે છો, ત્યાં સોએક લોકો તમારા જીવન સાથે સંકળાયેલા છે! ક્યારેક હજારો લોકો સંકળાયેલા હોય છે! જો તમે લોકો માટે એક પ્રતિભાશાળી વ્યક્તિત્વ છો, લાખો-કરોડો લોકો સંકળાયેલા છે! જ્યારે તમારું જીવન ઘણા બધા લોકો સાથે સંકળાયેલું છે અને ઘણા બધા લોકોનાં જીવન તમારી સાથે સંકળાયેલાં છે, ત્યારે જો તમે તમારા જીવનમાં કોઈ પણ પરિવર્તન લાવવા ઇચ્છતા હો, તો હું તમને કહું, તમારે અન્ય લોકોનાં જીવનના પરિવર્તન માટે કાર્ય કરવું પડશે. નહીં તો મહિનાઓ કે દિવસો સુધી તમે સતત ધ્યાન કરતા રહો છો, અને તમારી જાતને પ્રસન્નતા અને આનંદના ખૂબ ઊંચા સ્તર સુધી ઉપર લઈ જાવ છો, પણ જે ક્ષણે તમે તમારા ઘરમાં પાછા આવો છો, દસ મિનિટમાં તમારા પતિ/પત્ની તમને વિક્ષિપ્ત કરી દેશે! દસ મિનિટ એ પૂરતી છે! એક જ નજર, એક જ શબ્દ, અને તમે શક્તિહીન થઈ જાવ છો! અથવા એક ફોન-કોલ પૂરતો છે, તમે ફરીથી ઉદાસ થઈ શકો છો!

સાંભળો! માત્ર સમૃદ્ધ કરવાથી જ તમારું જીવન રૂપાંતરણના માર્ગે જઈ શકે છે. માત્ર સમૃદ્ધ કરવાથી જ કોઈ પણ રૂપાંતરણ શક્ય બને છે. સમૃદ્ધ કર્યા

વગર કશું જ શક્ય નથી. હું તમને મારા પોતાના અનુભવ પરથી કહું છું! જ્યારે ઘણા બધા લોકો તમારા જીવન સાથે સંબંધિત હોય અને તમારું જીવન ઘણા બધા લોકો સાથે સંબંધિત હોય તો સમૃદ્ધ કરવું એ કોઈ પણ પરિવર્તન માટે જરૂરી છે.

સાંભળો! જો તમે શ્રીમંત બનવા ઇચ્છતા હો તો તમે શ્રીમંત લોકોની સોબત કરો, અથવા તમારી સોબતમાં રહેલા લોકોને શ્રીમંત બનાવો! જો તમે સ્વસ્થ બનવા ઇચ્છતા હો તો તમે સ્વસ્થ લોકોની સોબત કરો, અથવા તમારી સોબતમાં રહેલા લોકોને સ્વસ્થ બનાવો. જો તમે આધ્યાત્મિક બનવા ઇચ્છતા હો તો તમે આધ્યાત્મિક લોકોની સોબત કરો, અથવા તમારી સોબતમાં રહેલા લોકોને આધ્યાત્મિક બનાવો. અન્ય કોઈ રસ્તો નથી. તમારું મન, સ્વભાવથી જ બાહ્ય તરફ જવા માટે તૈયાર હોય છે.

જેમ કે, ભગવાન કૃષ્ણ કહે છે, તમારી ઇન્દ્રિયો બહારની તરફ જવા તૈયાર કરાયેલી છે! તમે બહારની તરફ જવા માટે તૈયાર કરાયેલા છો. બાહ્ય તરફ જવું એ ફક્ત બે જ રીતે શક્ય બની શકે છે: કાં તો તમે સમૃદ્ધ કરો અથવા દગો કરો! ચોકકસ, અન્ય લોકોને છેતરવાથી તમારું રૂપાંતરણ નથી થતું. ફક્ત અન્ય લોકોને સમૃદ્ધ કરવાથી જ તમારું રૂપાંતરણ થાય છે. કોઈ પણ મહાન સિદ્ધિ માટે, ઉચ્ચ સિદ્ધિ મેળવનારા લોકોની સાથે તમારો સંગ હોવો જોઈએ. જ્યારે તમારાં બધાં જ પરિમાણો અને વચનોને તમે આદર આપો અને પૂરાં કરો, તમે પરિપૂર્ણતાનો અનુભવ કરો છો. ત્યારે જ તમે શાંત જાગૃતતાનો અનુભવ કરી શકો છો. આંતરિક ચિંતન કરો, જે કહું છું એના પર સતત ચિંતન કરો. તમારા જીવનમાં તમારી પસંદગીની વાસ્તવિકતાનો

અનુભવ કરવા માટે, તમારે રૂપાંતરણ કરવું જોઈએ અને તમારી આજુબાજુના અન્ય લોકોની વાસ્તવિકતાને સમૃદ્ધ કરો.

તમે તમારા જીવનમાં કાર્ય કરવા, તમારા જીવનમાં રૂપાંતરણ ઇચ્છતા હો તો તમારે અન્ય લોકોના જીવન સાથે પણ કાર્ય કરવું પડશે. સમૃદ્ધ કરવું એટલે દરેકને માટે જવાબદારી લેવી. હું તમને કહું છું, જ્યારે તમે અન્ય લોકો માટે જવાબદારી લો છો, વિલક્ષણ સિદ્ધિઓ તમારામાંથી વહેવા માંડશે. જ્યારે તમે અન્ય લોકોને સમૃદ્ધ કરવાનું શરૂ કરો છો, તમારા દ્વારા આખું વિશ્વ વ્યક્ત થવાનું શરૂ કરે છે! જ્યારે પણ તમે અન્ય લોકોને સમૃદ્ધ કરવાનું શરૂ કરો છો, આખું બ્રહ્માંડ તમારા દ્વારા વ્યક્ત થવાનું શરૂ કરે છે! જ્યારે પણ તમે અન્ય લોકોને સમૃદ્ધ કરવાનું શરૂ કરો છો, જે ઊર્જા તમારામાંથી પ્રવાહિત થાય છે તે વૈશ્વિક ઊર્જા છે. જો તમને તે વૈશ્વિક ઊર્જામાં રસ હોય અને અનુભવ કરવા ઇચ્છતા હો, હમણાં જ અન્ય લોકોને સમૃદ્ધ કરવાનું શરૂ કરો! આજે! જે ઉત્સાહ તમે અનુભવો છો, તમારામાં જે તૈયારી થઈ રહી છે, તમારામાં જે આનંદ આવી રહ્યો છે, અને તમારામાં જે પ્રેરણા થઈ રહી છે, તે બધું જ વૈશ્વિક ઊર્જા છે, શુદ્ધ વૈશ્વિક ઊર્જા.

જ્યારે સમૃદ્ધ કરવું એ તમારા મગજમાંથી વ્યક્ત થાય છે, તે સહાનુભૂતિ છે. એટલે કે તમારી જાતને દરેકમાં મૂકવાની શક્તિ. અદ્વૈતીઓ જે અનુભવે છે તે સહાનુભૂતિ છે. પાંડ્ય રાજાઓએ તેમનો દંડ સુંદરેશ્વર પર ફેંક્યો, અને સમગ્ર વિશ્વે તે ફટકાને અનુભવ્યો, તે સહાનુભૂતિનો અવકાશ છે, અદ્વૈત!

જ્યારે સમૃદ્ધ કરવું એ તમારા મગજમાંથી વ્યક્ત થાય છે, તમે અદ્વૈતના અવકાશમાં પહોંચો છો. જ્યારે સમૃદ્ધ કરવું એ તમારા હૃદયમાંથી વ્યક્ત થાય છે,

તમે ઈશ્વરત્વના અવકાશમાં પહોંચો છો. જ્યારે સમૃદ્ધ કરવું એ તમારા અસ્તિત્વમાંથી વ્યક્ત થાય છે, તમે પ્રબુદ્ધતાનો ઉચ્ચતમ અવકાશ વ્યક્ત કરો છો, અવતારત્વ!

તમારા ભૂતકાળનાં કર્મો બળી જાય છે - જ્યારે તમે અન્ય લોકોને સમૃદ્ધ કરો છો. જ્યારે તમે અન્ય લોકોને પ્રામાણિકતા, પ્રમાણભૂતતા અને જવાબદારી સાથે જીવવા માટે સમૃદ્ધ કરો છો, તમારા ભૂતકાળનાં કર્મો સરળતાથી બળી જાય છે. સાંભળો, તમારા વૈવાહિક સંબંધની સ્થિરતાનો આધાર તમારા પતિ કે પત્નીની સ્થિરતા પર છે. તમારા વિવાહ માટે તમે પૂર્ણતા પ્રાપ્ત નહીં કરી શકો જો તમે પ્રામાણિક અને સ્થિર નહીં હો. જો તમારા પતિ કે પત્ની પ્રામાણિક નહીં હોય તો તમારા વિવાહ એક સફળ વિવાહ નહીં બની શકે. જીવનના દરેક ક્રમમાં, તમે માત્ર ત્યારે જ સફળ થાઓ છો જ્યારે તમારા જીવનમાં ભાગ લેતા અન્ય લોકોને તમે સમૃદ્ધ કરો છો.

સાંભળો! જ્યાં સુધી તમારી આજુબાજુના લોકો પ્રામાણિકતા, પ્રમાણભૂતતા, જવાબદારી અને સમૃદ્ધ કરવાથી નથી જીવતા, ત્યાં સુધી તમે પૂર્ણત્વ, પ્રામાણિકતા, પ્રમાણભૂતતા, જવાબદારી પ્રાપ્ત નથી કરી શકતા. તેથી સમૃદ્ધ કરવું એ એક મહત્વપૂર્ણ આધ્યાત્મિક કાર્ય છે. અન્ય લોકોને આ ચાર તત્વોથી સમૃદ્ધ કરવું એ અંતે તમને ઉચ્ચ સમૃદ્ધિમાં પાછા લાવે છે.

સમજો, તમારું જીવન એ માત્ર તમારું જીવન નથી. ભલે તમે એ ઇચ્છો કે ના ઇચ્છો, તેને સમજો કે ના સમજો, જ્યાં સુધી અન્ય લોકો તમારા

જીવનમાં સંકળાયેલા છે, તમે અન્ય લોકોના જીવનમાં સંકળાયેલા છો. તેથી અન્ય લોકોનાં જીવનને સમૃદ્ધ કરવાથી તમારું જીવન સમૃદ્ધ થાય છે. જુઓ, બધા લોકો સમાજની આધાર-સામગ્રીનો આનંદ ત્યારે જ માણી શકે છે જ્યારે તેઓ અન્ય લોકોનાં જીવનને સમૃદ્ધ કરે છે. જ્યારે તેઓ અન્ય લોકોનાં જીવનને સમૃદ્ધ કરે છે, સમાજ તેમને સમૃદ્ધ કરે છે. જ્યારે તમે અન્ય લોકોનાં જીવનને સમૃદ્ધ નથી કરતા, તમારું જીવન સમૃદ્ધ નથી થઈ શકતું. આ જ સારાંશ છે જે હું આજે તમને સમજાવવા ઇચ્છતો હતો.

સતત સમૃદ્ધ કરતા રહો, સમૃદ્ધ કરતા રહો, સમૃદ્ધ કરતા રહો. જ્યારે તમે અન્ય લોકોને સમૃદ્ધ કરશો, તમે સમૃદ્ધ થશો. કારણ કે જ્ઞાન એ એવું છે કે માત્ર સમૃદ્ધ થવાથી જ તમારી ઉન્નતિ થશે. જ્યારે તમે માત્ર તમને જ નહીં, પરંતુ તમારી આજુબાજુના લોકોને પણ સમૃદ્ધ કરો છો, ત્યારે તેમનાં પણ બધાં જ કર્મો બળી જાય છે. તમારા માનવ તરીકેના જીવનને ઉપયોગમાં લેવા માટે અન્ય લોકોને સમૃદ્ધ કરવું એ સૌથી શ્રેષ્ઠ માર્ગ છે. હું તમને કહું છું, જીવન નિષ્ફળ છે જો તમારી વૃદ્ધાવસ્થામાં તમે વિચારો કે તમે યુવાન હતા ત્યારે તમારે આ બધું કરવું જોઈતું હતું. તમારી વૃદ્ધાવસ્થામાં, જો તમે વિચારો કે તમારે કંઈક કરવું જોઈતું હતું જે તમે યુવાન હતા ત્યારે નહોતું કર્યું તો તમારું જીવન નિષ્ફળ છે. સમૃદ્ધ કરવું એ જ માત્ર એક માર્ગ છે, જ્યાં તમે વૃદ્ધ થશો ત્યારે તમને એવું નહીં લાગે કે તમારું જીવન નિષ્ફળ છે. એ જ માત્ર એક માર્ગ છે કે તમને લાગશે કે તમારું જીવન સફળ છે.

સમૃદ્ધ કરવું એ જીવનનું ઘડતર છે! જો તમે સમૃદ્ધ કરવાનો મહાવરો કરી રહ્યા છો તો તમે એ ઘડતરના અધ્યક્ષ છો. તમારી આજુબાજુ ચમત્કારો

થવાના શરૂ થઈ જશે. તમે એ ચમત્કારોના કેન્દ્ર બની રહેશો, કારણ કે હવે, તમે બ્રહ્માંડના બંધારણને જાણો છો.

સમૃદ્ધ કરવું એ જીવનનું બંધારણ છે. એટલે કે એક વખત તમે જીવનનું બંધારણ જાણી ગયા, તમે કંઈ પણ કરી શકો છો! મીનાક્ષી એ જીવનના બંધારણનું મૂર્ત સ્વરૂપ છે. તેણી ઊર્જા અને સિદ્ધિઓ સાથે રમતાં હતાં.

જ્યારે તમે સમૃદ્ધ કરવાનું શરૂ કરો છો, તમે વિલક્ષણ સિદ્ધિઓ સાથે રમત રમો છો. કંઈ જ નહીં, બીજું કંઈ જ જરૂરી નથી. માત્ર વૃક્ષ નીચે બેસો અને જે તમારા શ્વસનના અવકાશમાં આવે તેને આશીર્વાદ આપતા જાવ. માત્ર આશીર્વાદ આપતા જાવ અને સમૃદ્ધ કરતા જાવ. માત્ર અનુભવો અને વિચારો, "સરસ! તમે સાજા થઈ જાઓ! તમને બરાબર થઈ જશે! તમારું સારું થાય! તમે પ્રસન્ન રહો! તમે સમૃદ્ધ રહો!" કરતા રહો! વિચારો નહીં કે, "મેં તપશ્ચર્યા નથી કરી, હું પાપી છું! હું કેવી રીતે આશીર્વાદ આપું? કેવી રીતે મારા આશીર્વાદ કામ કરશે?" આ બધી બાબતે ચિંતા ના કરો. માત્ર બેસો અને નિર્ણય લો, "આગળના એક મહિના માટે, આ સમૃદ્ધ કરવું એ મારું જીવન છે; એ જ મારો શ્વાસ છે. હું દરેકને આશીર્વાદ આપીશ. જેને પણ હું જોઈશ, મારાથી જેટલી પણ વધારે થઈ શકશે એટલી તેમના માટે સારી બાબતો કરવા માટે હું મારા સૌથી શ્રેષ્ઠ પ્રયત્નો કરીશ." હું તમને કહું છું, તમારાં બધાં જ ભૂતકાળનાં પાપો ધોવાઈ જશે! તમારાં બધાં જ ભૂતકાળનાં કર્મો ધોવાઈ જશે! તમારી પાસે વિલક્ષણ સિદ્ધિઓ હશે. તમારા શબ્દો વાસ્તવિકતા બનશે. તમને વાગ્-સિદ્ધિ મળશે! આ અષ્ટમહાસિદ્ધિઓને મેળવવાની પ્રક્રિયા છે! આ અષ્ટમહાસિદ્ધિઓને મેળવવાની પ્રક્રિયા છે! હું તમને કહું, આ તમારી કોઈ પણ સમસ્યાઓનો ઉકેલ છે.

જો તમારે વિવાહ-સંબંધી સમસ્યા હોય, વ્યાવસાયિક સમસ્યા હોય, સગપણ-સંબંધી સમસ્યા હોય, લૉન-સંબંધી સમસ્યા હોય, માત્ર નિર્ણય લો. હું તમને કહું છું, માત્ર નિર્ણય લો કે આગળના એક મહિના માટે, તમે તમારા હૃદયથી લોકોને આશીર્વાદ આપતા રહેશો. તમારા હૃદયથી લોકોનું સારું કરતા રહો. તમે તમારી આભા બદલી શકશો! તમે એ રીતમાં પરિવર્તન લાવશો જે રીતે બ્રહ્માંડ તમને પ્રતિભાવ આપે છે! તમે એ રીતમાં પરિવર્તન લાવશો જે રીતે તમે બ્રહ્માંડને પ્રતિભાવ આપો છો! તમારી આજુબાજુ ચમત્કારો થવાના શરૂ થઈ જશે! તમે એ ચમત્કારોના કેન્દ્ર બની રહેશો, કારણ કે હવે, તમે બ્રહ્માંડના બંધારણને જાણો છો!

આસપાસમાં જવાનું શરૂ કરો અને સમૃદ્ધ કરવાનું શરૂ કરો. હું તમને કહું છું, તમારી મુખમુદ્રા ચમકી જશે. તમારા શબ્દો પ્રેરણાત્મક બની રહેશે. માતા કાળીને તમારા મુખ પર તમે ચમકતાં જોશો, સરસ્વતીને તમારી જીભ પર અને લક્ષ્મીની કૃપાને તમારી દૈહિક-ભાષામાં જોશો. લક્ષ્મીની કૃપા તમારી દૈહિક-ભાષામાં રહેશે જ્યારે તમે સમૃદ્ધ કરવાનું શરૂ કરો છો. સરસ્વતી તમારી જીભ પર રહેશે જ્યારે તમે સમૃદ્ધ કરવાનું શરૂ કરો છો. માતા કાળીને તમારા મુખ પર તમે ચમકતાં જોશો જ્યારે તમે સમૃદ્ધ કરવાનું શરૂ કરો છો.

તમને પોતાને અને તમારી આસપાસના અન્ય લોકોને સમૃદ્ધ કરીને દરેકનું રૂપાંતરણ કરવાનો નિર્ણય લો.

પ્રબુદ્ધતાની તમને સૌને પ્રાપ્તિ થાઓ, અનુભૂતિ થાઓ, તેને જીવો, વ્યક્ત કરો, પ્રકાશિત થાઓ, તેને વહેંચો, તમારામાં તેનો સ્ફોટ થાઓ અને સમૃદ્ધ થાઓ એવી હું આશિષ આપું છું.

નિત્યાનંદમ્!



આ ચારેય તત્વોનું પૂર્ણ પ્રતીક છે શિવ. તેમના હાથમાંનું ડમરું એટલે પ્રામાણિકતા; અગ્નિ એટલે પ્રમાણભૂતતા. લોકો પૂછે છે કે જવાબદારી એટલે શું? અભય હસ્ત, આશીર્વાદ આપતો હાથ એટલે જવાબદારી. જે હાથ વડે તેમણે દેવીને ધારણ કરી છે અને તેને શીખવી રહ્યા છે - એ છે સમૃદ્ધ થવું. મહાદેવના આ ચારેય હાથ પ્રામાણિકતા, પ્રમાણભૂતતા, જવાબદારી તેમજ અન્યોને સમૃદ્ધ કરવાનું કામ કરે છે.

૬. ઉપસંહાર

પ્રામાણિકતા મૂળ છે, પ્રમાણભૂતતા વૃક્ષ છે, જવાબદારી ફળ છે, સમૃદ્ધ બનાવવું એ વધુ ફળો મેળવવા માટે ફળને વહેંચવા જેવું છે. સમૃદ્ધ બનાવવું એ ફળના થવા માટે બીજ વાવવું છે. ફળ ખાનાર દરેક વ્યક્તિ વધુ ફળો થાય એ માટે બીજ વાવવા જવાબદાર છે.

તમે સમૃદ્ધ હો તો બીજ રોપી શકાય એવી ભૂમિ બનો. એમ ન હોય તો બીજ વૃક્ષ બને એ માટે તેમાં જલસિંચન તો કરી જ શકો. એમ ન હોય તો બીજ ફરીથી વૃક્ષ બને એ માટે બિનજરૂરી નીંદામણને કાઢી નાખનાર માળી તો બનો જ. તમે તમારો સમય કે પ્રતિભા કે ખજાનો અર્પણ કરી દો. તમે ફળ ખાધું હોય તો બીજને ફરીથી ફળ બનાવવાની તમારી જવાબાદારી છે. ફળ ખાધા પછી બીજ રોપવા જેટલા જવાબદાર બનો અને એ નિશ્ચય કરો કે બીજ ફરીથી વધુ ફળ લાવે, જેને વધુ લોકો માણી શકે.

જીવનનું વૃક્ષ

પ્રામાણિકતા મૂળ છે,

પ્રમાણભૂતતા વૃક્ષ છે,

જવાબદારી ફળ છે,

સમૃદ્ધ બનાવવું એ ફળના થવા માટે બીજ વાવવું છે.

આપણને તાત્કાલિક જરૂર છે ચારેય તત્વો પર ઉત્તેજનાપ્રેરક મહેનતને સ્થાપિત કરવાની. ઉત્તેજનાપ્રેરક મહેનત સમગ્ર સંઘ માટે ગુરુવાક્ છે. ઉત્તેજનાપ્રેરક સખત મહેનત! તમામ સંઘો ઉત્તેજનાપ્રેરક મહેનતથી આરંભાય છે, નહીં કે કંડારાયેલી કુશળ કારીગરીથી. માળખું વિકસે ત્યાં સુધી રાહ ન જુઓ. સહજતા થાય એટલે માળખું વિકસે છે. સહજતા એવી શિલા છે કે જેનાથી માળખું કંડારી શકાય છે. સહજતા મૂળભૂત સામગ્રી છે, જે પથ્થર બનવી જોઈએ. પછી તેના પર માળખું કંડારી શકાય. પણ કમનસીબે આપણે હંમેશાં માળખું પહેલું કંડારાઈ જાય તેની રાહ જોઈએ છીએ. પથ્થર વિના પ્રતિમા શી રીતે કંડારાય? સહજતા એ ઉત્તેજનાપ્રેરક મહેનત છે.

સાંભળો! સહજતા ઉત્તેજનાપ્રેરક મહેનત છે. માળખું એ કંડારાયેલી કુશળ કારીગરી છે. તમામ મહાન બાબતો ઉત્તેજનાપ્રેરક સખત મહેનતથી આરંભાય છે અને એ પછી આવે છે કુશળ કારીગરી. કુશળ કારીગરી હંમેશાં સખત મહેનત પછી આવે છે. સાંભળો! ઉત્તેજનાપ્રેરક મહેનત કરો, એ પછી કુશળ કારીગરીવાળું માળખું બનશે. કુશળ કારીગરીવાળું માળખું કદી ઉત્તેજનાપ્રેરક મહેનત વિના બનતું નથી. સાંભળો. આપણને આની જ જરૂર છે. ઉત્તેજનાપ્રેરક મહેનત કરતાં શીખો.

મનુષ્ય પૃથ્વી પરની સૌથી મોટી સંપત્તિ છે! સાચું શિક્ષણ, પ્રેરણા અને જીવન આપવામાં આવે તો, એ લોકો સંપત્તિ છે. પૃથ્વી પર લાવવામાં આવેલ દરેક મનુષ્ય સંપત્તિ છે. એ લોકો પૃથ્વી પર બોજ છે એમ આપણને લાગે એ ખોટો અભિગમ અને સમજણ છે. આર્થિક રીતે સમૃદ્ધ લોકો તરફના તમારા ધિક્કારનો અર્થ એ નથી કે તમે આર્થિક રીતે નબળા લોકોને પ્રેમ કરો છો.

આથી જ સામ્યવાદ કદી સફળ ન બન્યો. સમાજવાદ કદી સફળ નહીં બને. લોકોનું મૂલ્ય તમે નહીં સમજો ત્યાં સુધી તમે તેમનું મહત્ત્વ નહીં સમજી શકો.

શેરીમાં ઊભા રહીને લોકોના સવાલના જવાબ શી રીતે આપવા એની તમને ખબર ન હોય તો તમે ફોન દ્વારા પુછાતા સવાલોના જવાબ પણ નહીં આપી શકો. શેરીમાં ઊભા રહીને તમે તેમના સવાલના જવાબ આપશો, તેમની અભિરુચિ બાબતે તેમને સહાય કરશો ત્યારે જ તમે લોકો સાથે માનવ તરીકે સંબંધિત થતાં શીખશો. ગરીબ અને અમીર, માંદા અને સાજા, યુવાન અને વૃદ્ધની સમસ્યાઓ તરફ ધ્યાન આપતાં શીખશો તો જ તમે લોકો સાથે સંબંધિત થતાં શીખશો!

આ ચારેય તત્ત્વોનું પૂર્ણ પ્રતીક છે શિવ. તેમના હાથમાંનું ડમરું એટલે પ્રામાણિકતા; અગ્નિ એટલે પ્રમાણભૂતતા. લોકો પૂછે છે કે જવાબદારી એટલે શું? અભય હસ્ત, આશીર્વાદ આપતો હાથ એટલે જવાબદારી. જે હાથ વડે તેમણે દેવીને ધારણ કરી છે અને તેને શીખવી રહ્યા છે - એ છે સમૃદ્ધ થવું. મહાદેવના આ ચારેય હાથ પ્રામાણિકતા, પ્રમાણભૂતતા, જવાબદારી તેમજ અન્યોને સમૃદ્ધ કરવાનું કામ કરે છે.

આપણા આશ્રમની હવા જ આ તત્ત્વો, આ સત્યોથી ભરપૂર છે. વટવૃક્ષની લહેર પણ પ્રામાણિકતા અને પ્રમાણભૂતતાથી વહે છે. આ એક વિચારથી આપણે આપણાં દિમાગ, મનને શુદ્ધ કરીએ છીએ. પ્રામાણિકતા અને પ્રમાણભૂતતાનાં આ તત્ત્વો, આ સત્યો તમે રહો છો એ હવામાં તેમજ તમારી આસપાસના લોકોમાં વ્યાપી રહો!

કૃપા કરીને સમજો, આ ચાર તત્વો અથવા પ્રામાણિકતા, પ્રમાણભૂતતા, જવાબદારી અને સમૃદ્ધ બનવાના સિદ્ધાંતોને તમે જીવો છો ત્યારે સૌ પહેલાં તો તમારી અંદર રહેલી પુષ્કળ ઊર્જાની તમને ખબર પડે છે. તેને બહાર કાઢો! મારી પોતાની સંસ્થામાં, મારા પોતાના અનુભવમાં, અને આ સિદ્ધાંતોને અનુસરતી ઘણી સંસ્થાઓમાં હું તે જોઈ શકું છું. મનુષ્યની અંદર રહેલી ઘણી અદ્ભુત બાબતો બહાર કાઢવી જોઈએ. આ ચાર તત્વો અથવા સિદ્ધાંતો તમારી તમામ સંભાવનાઓને બહાર કાઢશે.

બીજું કે, અન્યોની સંભાવનાઓને બહાર કાઢવામાં પણ તે તમને મદદ કરશે. તમને હું જે આપવા માગું છું એનો સારાંશ કે યોગદાન આ છે. આ ચાર સિદ્ધાંતોને જીવવામાં તમે સૌ સફળ થાવ એવા હું આશીર્વાદ આપું છું.

જુઓ, તમારામાંના દરેક અગ્રણી બનવાના છે. આ સિદ્ધાંતો સાથે, આ ચાર તત્વો સાથે તમે કામ કરવાનું શરૂ કરશો ત્યારે શરૂઆતના થોડા દિવસોમાં જ પૂર્ણત્વ પ્રાપ્ત થશે. અને પૂર્ણત્વ પછી પુષ્કળ આંતરિક અવકાશ હશે. તમે સહજ રીતે અગ્રણી બની જશો, કેમ કે તમારી અંદર પુષ્કળ પ્રમાણમાં કુંડલિની જાગ્રત થઈ ગઈ હશે. અગ્રણી એટલે કોણ? અગ્રણી એવી વ્યક્તિ છે કે સમૂહમાં જેની કુંડલિની સૌથી જાગ્રત હોય. આથી જ ઘણા રાજકીય પક્ષોમાં, કહેવાતા અગ્રણી દોરવણી નહીં આપતા હોય. મિટિંગોમાં અન્ય વ્યક્તિ દોરવણી આપતી હશે. જેની કુંડલિની સૌથી વધુ જાગ્રત હોય એ અગ્રણી. તમે આ ચાર તત્વોની સાથે રહેતા હો તો સ્વાભાવિકપણે જ તમારી કુંડલિની અન્ય સામાન્યજન કરતાં વધુ જાગ્રત હશે. તમે સહજ રીતે અગ્રણી બની જશો. તમે સહજ રીતે અગ્રણી બની જશો!

સાંભળો! હું જ્ઞાનબોધના વિજ્ઞાનને વ્યાખ્યાયિત કરી રહ્યો છું. આ ચાર તત્ત્વો વડે તમારાં શરીર, મન અને આત્માને સભર કરી દેવાં, અને આ ચાર તત્ત્વોમાં તમારી જાતને સ્થાપિત કરવી, એ જ છે જ્ઞાનબોધનું વિજ્ઞાન!

જ્ઞાનબોધનું વિજ્ઞાન તમારાં શરીર, મન અને આત્માને આ ચાર તત્ત્વો વડે સભર કરી રહ્યું છે, અને આ ચાર તત્ત્વોમાં તમારી જાતને સ્થાપિત કરી રહ્યું છે. હવે પછી આપણાં મંદિરોમાં મારી મૂર્તિ એ રીતે કંડારવામાં આવે કે જેમાં જમણો હાથ અભય હસ્ત (રક્ષણ સૂચવતો) હોય અને ડાબો હાથ ચાર તત્ત્વો, ચતુર્તત્ત્વ સૂચવતી ચાર આંગળીઓ દેખાડતો હોય. હું તમને અભય અને વર, રક્ષણ અને ભેટ આપું છું. આ ચારેય તત્ત્વોને જીવી લો.

સાંભળો! આ ચારેય તત્ત્વોને જીવવા માટે હજારો લોકોને પ્રેરિત કરતી અને સમૃદ્ધ કરતી આ એ શક્તિ છે, કે જે તમારા શબ્દમાં, તમારા મનમાં અને તમારા શરીરમાં થઈ રહી છે. આ ચારેય તત્ત્વોને જીવતા હજારો લોકોની ઊર્જા મંદિર કે ગૌશાળા કે નગર કે વિશ્વવિદ્યાલય સર્જે છે. તમે આ જોઈ રહ્યા છો અને તેને ઘોષિત કરી રહ્યા છો. સમજી લો કે ચારેય તત્ત્વોને જીવતા હજારો લોકોની ઊર્જા મંદિરનું સર્જન કરવાની છે. ચારેય તત્ત્વોને શીખવા માગતા હજારો લોકોની ઊર્જા વિશ્વવિદ્યાલયનું નિર્માણ કરશે. ચારેય તત્ત્વોને જીવવા માગતા હજારો સાધુઓની ઊર્જા મઠનું સર્જન કરવાની છે. નાણાં વડે મઠ નહીં બને. તેનાથી નિગમનાં મકાન બની શકે, નહીં કે મઠ. રાજકીય સત્તા કંઈ મઠ કે મંદિર બનાવવાની નથી. તે સંસદ બનાવી શકે, નહીં કે મઠ. તમે ઘોષિત કરો એ મંદિર અને મઠ ત્યારે જ સર્જાશે, જ્યારે હજારો લોકો આ ચાર તત્ત્વોને

અજમાવતાં હશે. પૂજા કરનાર નહીં હોય તો મંદિર નહીં હોય, સાધુઓ નહીં હોય તો મઠ નહીં હોય!

આ ચાર તત્ત્વોને જીવો, તો છેવટનાં અભય અને વરદ સદાય તમારી સાથે હશે. આ ચારેય તત્ત્વોને આધારે જે હોય એ 'બ્રહ્મણ્યં બહુપુત્રતામ્' છે. સમજી લો કે, તમારા ડાબા હાથની ચારેય આંગળીઓ ચાર તત્ત્વોનો નિર્દેશ કરે છે, અને અંગૂઠો એ જીવનું સૂચન કરે છે કે જે આ ચાર તત્ત્વોને આશરે છે. ચાર તત્ત્વોને આશરે રહેલો જીવ 'બ્રહ્મણ્યં બહુપુત્રતામ્'ના અવકાશને માણે છે. પ્રામાણિકતા, પ્રમાણભૂતતા અને જવાબદારી સાથે તમે ઘોષિત કરો કે તમે સૃષ્ટિના પ્રિય વારસદાર છો, તો તમે તમારા ડાબા અંગૂઠે 'બ્રહ્મણ્યં બહુપુત્રતામ્'ની વીંટી પહેરી શકો.

તમે 'બ્રહ્મણ્યં બહુપુત્રતામ્', સૃષ્ટિના પ્રિય વારસદાર છો!

આ સમગ્ર સિદ્ધાંતના વિજ્ઞાનથી દરેક ગામ આંદોલિત થવું જોઈએ. આશ્રમમાં અને મંદિરમાં, શેરીઓના દરેક ખૂણામાં શીખવવા અને ગામે-ગામે આ ચાર સિદ્ધાંતોનાં નગારાં વગાડવા માટે હું મારા સંન્યાસીઓને મોકલું છું. ભારતમાં શેરીએ-શેરીએ, સ્થાને-સ્થાને, ગામે-ગામે આ સિદ્ધાંતો શીખવવા જોઈએ. લોકોએ તેને જીવવા જોઈએ. આશ્રમો અને મંદિરો બનવા જોઈએ. માત્ર તમારાં કાર્યોમાં જ નહીં, પણ તમારા વિચારોમાં, તમારા અનુભવમાં, તમારી લાગણીઓમાં પણ આ ચાર તત્ત્વો લાગુ પાડવા જોઈએ. તમારા અનુભવમાં! હું ખૂબ જ સ્પષ્ટતાથી જોઈ શકું છું કે, 'ભારત'ની જાગૃતતા થઈ રહી છે. જ્યાં આ ચાર તત્ત્વોને જીવનના સિદ્ધાંતો તરીકે શીખવાડાય છે, એવાં હજારો આશ્રમો અને મંદિરો બાંધવાં જોઈએ; જ્યાં આયુર્વેદ વહેંચાય છે, અન્ન

વહેંચાય છે, ભારતીય સંસ્કૃતિના અભ્યાસોને જીવંત રખાય છે, આદાન-પ્રદાન થાય છે અને ઊજવાય છે! ચાલો, દરેક જગ્યાએ આપણે મહાદેવનું મંદિર બાંધીએ. આયુર્વેદ અને સિદ્ધ દવાઓ બનાવતી જગ્યાઓ અને ગૌશાળાનું સર્જન કરીએ, અન્નની વહેંચણી કરીએ અને લોકોને સમૃદ્ધ કરીએ. સતત આશ્રમો અને મંદિરો બાંધીને, આપણે એવા અવકાશનું નિર્માણ કરીએ જ્યાં આ ચાર તત્ત્વો જીવાતાં હોય, અભ્યાસમાં લેવાતાં હોય અને સમૃદ્ધ કરાતાં હોય. દરેક ઘર આ ચાર તત્ત્વોને જીવતો એક આશ્રમ બનવું જોઈએ. આપણા 'સમગ્ર'માં અને દુનિયાભરમાં હજારો હજારો સંઘોને સ્થાપિત કરવા જોઈએ, જ્યાં આ ચાર તત્ત્વોને સ્થાપવામાં આવે અને તેમનો અભ્યાસ કરવામાં આવે. માત્ર આ ઉદ્દેશ્ય માટે જ સંન્યાસનું સર્જન થાય છે.



પ્રબુદ્ધતાની તમને સૌને પ્રાપ્તિ થાઓ, અનુભૂતિ થાઓ, તેને જીવો,

વ્યક્ત કરો, પ્રકાશિત થાઓ, તેને વહેંચો, તમારામાં તેનો સ્ફોટ થાઓ

અને સમૃદ્ધ થાઓ એવી હું આશિષ આપું છું.

અનંત સુખની તમને પ્રાપ્તિ થાઓ, અનુભૂતિ થાઓ, તેને જીવો, વ્યક્ત કરો,

પ્રકાશિત થાઓ, તેને વહેંચો, તમારામાં તેનો સ્ફોટ થાઓ

અને સૌ તેના થકી સમૃદ્ધ થાઓ.

‘નિત્યાનંદમ્’!

ૐ



પરમહંસ નિત્યાનંદ વિશે

પરમપૂજય પરમહંસ નિત્યાનંદ, દુનિયાભરના લાખો લોકો દ્વારા ઉચ્ચતમ ચૈતન્યના એક જીવંત અવતાર તરીકે સન્માનીત થયા છે. આજે સનાતન હિંદુ ધર્મના એક સ્પષ્ટ, તર્કસંગત અને અરાજકીય અભિપ્રાય તરીકે ઓળખાય છે. તેઓ હિંદુત્વનું સૌથી પ્રાચીન માળખુ, મહાનિર્વાણીપીઠના મહામંડલેશ્વર(આધ્યાત્મિક અધ્યક્ષ) છે. ૨૦થી વધારે ભાષાઓમાં પ્રકાશિત ૩૦૦થી વધારે પુસ્તકોના રચયિતા અને ૧૭ લાખથી વધારે અભિપ્રાય ધરાવતા યુ-ટ્યુબ પર સૌથી વધુ જોવાતા આધ્યાત્મિક માર્ગદર્શક છે. તેમના વકતવ્યો નિત્યાનંદ ટી.વી. પર તેમજ દ્વી-માર્ગીય વીડીઓ-કોન્ફરન્સ અને દૂરદર્શનની વિવિધ આંતરરાષ્ટ્રીય ચેનલો દ્વારા દરરોજ જોવાય છે.